ओउम तत्सत
सत्यपद
सहज मार्ग
IN MEMORY OF SAMARTH GURU SHRI RAM CHANDRA JI MAHARAJ OF FATEHGARH U.P.
SHRI RAM CHANDRA MISSION SHAHJAHANPUR
U.P.

પરોઢે પરમ તત્વ



શ્રી રામચંદ્રજી

પરોઢે પરમ તત્ત્વ

(REALITY AT DAWN)

-: લેખક :-

રામચંદ્ર

સંસ્થાપક - અધ્યક્ષ
શ્રી રામચંદ્ર મિશન, શાહજહાંપુર (ઉ. પ્ર.)

પ્રથમ આવૃત્તિ ૧૯૮૨ : ૨૦૦૦ પ્રત
બીજી આવૃત્તિ ૧૯૯૩ : ૧૨૦૦ પ્રત
ત્રીજી આવૃત્તિ ૧૯૯૭ : ૧૨૦૦ પ્રત

© સર્વાધિકાર સ્વાધીન

કિંમત : રૂા. ૨૦-૦૦

પ્રકાશક :
પ્રકાશન વિભાગ
શ્રી રામચંદ્ર મિશન
શાહજહાંપુર (ઉ. પ્ર.)
ભારત.

મુદ્રક :
અમૃત પટેલ
સ્પાઈડર એરીસ
અમદાવાદ - ૩૮૦૦૦૬.

મારા ગુરુબંધુ
સ્વ. શ્રી રામેશ્વર પ્રસાદજી મિશ્રાને
સમર્પિત

અનુવાદકની નોંધ

શ્રી રામચંદ્ર મિશન, શાહજહાંપુર (ઉ.પ્ર.)ના સંસ્થાપક અધ્યક્ષ શ્રી રામચંદ્રજી મહારાજ (શ્રી બાબુજી) દ્વારા મૂળ અંગ્રેજીમાં રચિત **"Reality At Dawn"** નામના પુસ્તકના ગુજરાતી અનુવાદની આ બીજી આવૃત્તિનું પ્રકાશન છે.

અમે હર્ષ અનુભવીએ છીએ કે આ આવૃત્તિમાં અભિવ્યક્તિની સ્પષ્ટતાનો ખ્યાલ રાખી કેટલુંક સંશોધન કરતાં તેની મૌલિકતા જાળવી રાખવાનો પૂરતો પ્રયાસ કરવામાં આવ્યો છે.

અમને આશા છે કે આધ્યાત્મિકતામાં રુચિ રાખવાવાળા ગુજરાતીભાષી જિજ્ઞાસુઓને માટે આ પુસ્તક અત્યંત ઉપયોગી અને માર્ગદર્શક સિદ્ધ થશે.

આ પ્રકાશનમાં સહાયક અભ્યાસીઓનો તેમ જ શ્રી રામચંદ્ર મિશન, પ્રકાશન વિભાગ, શાહજહાંપુર (ઉ.પ્ર.)ના પણ ઋણિ છીએ.

મિશનના આધ્યાત્મિક કેન્દ્રો પર ગુજરાતી પ્રકાશનો મળશે જેની યાદી છેલ્લે પાને દર્શાવેલ છે.

ઝોનલ સેક્રેટરી, ઝોન નં. ૪
શ્રી રામચંદ્ર મિશન, શાહજહાંપુર
(ઉ.પ્ર.)

તા. ૨ - ૧ - ૧૯૯૪

✦ ✧ ✦ ✧ ✦

લેખક



શ્રી રામચંદ્રજી મહારાજ
સંસ્થાપક પ્રમુખ, શ્રી રામચંદ્ર મિશન, શાહજહાંપુર (ઉ. પ્ર.)

આમુખ

આ ટૂંકા નિબંધમાં ચર્ચાયેલા વિષય પર મારા વિચારો રજૂ કરતાં પહેલાં, તેના લેખક વિશે થોડું લખતાં મને વિશિષ્ટ આનંદ થાય છે. લેખક, મહાત્મા રામચન્દ્રજી, શ્રી રામચન્દ્ર મિશનના પ્રમુખ છે. સર્વ પ્રકારની દુન્યવી ચિંતા અને જવાબદારીઓથી ઘેરાઈને તે સામાન્ય ગૃહસ્થનું જીવન જીવે છે. તેમનું શરીર દુર્બળ અને દેખાવ નિરાડંબરી છે. કોઈ પણ ચોક્કસ તારણ પર આવતાં પહેલાં પૂરેપૂરો અભ્યાસ કરી લેવાની મારી ટેવને લીધે મેં લગભગ પાંચ વર્ષ સુધી તેમનું નિરીક્ષણ કર્યું છે અને મને પ્રતીતિ થઈ છે કે વિકસિત આત્મામાં અપેક્ષિત હોય તેવા સર્વ ગુણો તેમનામાં છે. મારો મત છે કે તેમની આધ્યાત્મિક સિદ્ધિઓને યોગ્ય રીતે અસામાન્ય કહીને ઓળખાવીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નહી થાય. રાજયોગ પદ્ધતિનું પુનઃ ઘડતર કરીને સહજમાર્ગને નામે તેમણે દરેકને પહોંચે તેમ રજૂ કરી છે. સહજમાર્ગના પ્રકાશમાં રાજયોગની ક્ષમતા નામના તેમના આગલા પુસ્તકમાં આ પદ્ધતિની વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે. અભ્યાસીની આંતરિક જટિલતાઓ દૂર કરવા અને તેનાં ચક્રોને વિશુદ્ધ કરીને તેજોમય બનાવી તેનો માર્ગ સીધો અને સરળ કરી આપવા યોગિક શક્તિનું અભ્યાસીમાં આરોપણ થાય તે આ પદ્ધતિનું વિશિષ્ટ લક્ષણ છે. મેં આ લખ્યું કેમ કે પદ્ધતિની ક્ષમતા અને માર્ગદર્શકની કક્ષા જ ખૂબ અગત્યનાં છે એ વાતને જેટલો ભાર દઈને કહીએ તેટલો ઓછો છે. કારણ કે આ પસંદગીમાં થયેલી ભૂલ સર્વ પ્રયત્નોને વ્યર્થ અને નિરુપયોગી બનાવી દે છે.

આ પુસ્તક રાજયોગ પર ટૂંકો નિબંધ રજૂ કરે છે અને જેમને આધ્યાત્મિકતામાં રસ હોય તેમણે તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવા જેવું છે. મહાન પ્રાચીન ઋષિયોના ઉપદેશોમાં સમાયેલું સત્ય

વ્યક્તિગત રીતે અનુભવાય તે રાજયોગનું મુખ્ય લક્ષણ છે. એ ઉપદેશોની શબ્દો દ્વારા પ્રશંસા કર્યાથી કે વ્યવહારના સાચા નિયમો તે જ છે એવું માત્ર માનવાથી આપણે આગળ વધી શકીએ નહી. પણ જો તેનું સત્ય સમજીને આ ઉપદેશોને પોતાના જીવનમાં ઉતારી શકીએ તો ઘણો ફેર પડે. ઉચ્ચતમ આધ્યાત્મિક વિકાસ સિદ્ધ કરવામાં આથી સહાય થાય છે. આવી વ્યક્તિ જે શક્તિઓ મેળવે છે તે અમર્યાદિત હોય છે પણ તે પોતે તે વિશે બેધ્યાન રહે છે અને તેનાં કાર્યોને ઉપરથી જ માર્ગદર્શન મળ્યા કરે છે. આવી વ્યક્તિને સંપત્તિની કે તે દ્વારા મળતી દુન્યવી સગવડોની પરવા હોતી નથી. લોકપ્રિયતા, નામના કે કીર્તિ કમાવાનો વિચાર તેના મનમાં કદી આવતો નથી. તેનાં કાર્યો તેની પોતાની ઈચ્છાથી થતાં નથી. આ ધોરણોથી મેં આ લેખકને મૂલવવા પ્રયાસ કર્યો છે અને જ્યાં સુધી મને પોતાને લાગે વળગે છે ત્યાં સુધી મને પ્રતીતિ થઈ છે કે ઉપર જણાવેલા ગુણો તેમનામાં વિપુલ પ્રમાણમાં છે.

જેને સાક્ષાત્કારની લગન લાગી છે તેને માટે આ પુસ્તકમાં ચર્ચેલા બધા વિષયો ખૂબ અગત્યના છે. તેનું સૌથી વધુ જીવંત અને ઉત્સાહ પ્રેરતું લક્ષણ એ છે કે ગૃહસ્થની જિંદગી જીવતાં જીવતાં પણ આપણે ઉચ્ચતમ સિદ્ધિઓ પામી શકીએ. સંન્યાસ લીધા વિના યૌગિક ઉચ્ચતર સિદ્ધિઓ અશક્ય છે એવું યુગો સુધી સતત સાંભળી આપણે ખૂબ નિરાશ થઈ ગયા છીએ. આધ્યાત્મિક જીવનનું આવશ્યક લક્ષણ વૈરાગ્ય છે અને તેનો અર્થ દુન્યવી બંધનો તોડીને ધાર્મિક સાધુનું જીવન સ્વીકારવું એવો થાય છે તેવું લગભગ બધી વ્યાસપીઠો પરથી કહેવાય છે. ખરેખર આ સાચું નથી અને રાજા જનકનું જીવન આનો એક દાખલો છે જ. સર્વ સ્થિતિઓમાં અને સર્વ સંયોગોમાં વૈરાગ્યની અવસ્થા સંભવિત છે તે સમજાય એવું છે.

ઈશ્વર પરમ અસ્તિત્વહીન, ગુણો, સામર્થ્ય, પ્રવૃત્તિ કે આવેગ રહિત છે. એવો લેખકનો ખ્યાલ પરમ તત્ત્વ (સત્ય)

તરફનો ધીર તેમ જ સીધોસાદો, ધર્મથી પર અભિગમ સૂચવે છે. હકીકતે, પુસ્તકમાં કહ્યું છે તેમ, ''મુક્તિ તરફના રસ્તા પર જવા માટે માણસને તૈયાર કરતો ધર્મ એક પ્રાથમિક તબક્કો માત્ર છે.'' જ્યારે કોઈ આધ્યાત્મિકતાનો રસ્તો લે ત્યારે તે મુક્તિ મેળવી શકે. આત્માને બંધનમાં રાખતાં સર્વ આવરણો દૂર કરવા કે છોડી દેવા સિવાય આધ્યાત્મિકતા બીજું કંઈ નથી. લેખકનું પરમ તત્ત્વ (સત્ય) વિશેનું દૃષ્ટિબિંદુ બીજા પ્રકરણમાં આપેલી આકૃતિમાં સમજાવવામાં આવ્યું છે. સૌથી બહારના વર્તુળ દ્વારા આપણું અત્યારનું સ્થૂલતમ અસ્તિત્વ સૂચવાયું છે અને પરમ આધારનું કેન્દ્ર (અસ્તિત્વહીનતા) પરમ લક્ષ્ય છે. બહારના પરિઘથી શરુ કરેલી કેન્દ્ર સુધીની યાત્રા માનવીય અભિગમની ઉચ્ચતમ સીમા સુધીના સર્વ આધ્યાત્મિક તબક્કાઓ આવરી લે છે.

'મારી અન્તર્દૃષ્ટિ(દર્શન)' નામના છેલ્લા પ્રકરણમાં લેખકના ભવિષ્ય વિશેના ખ્યાલો છે. તેને કોઈ જ્યોતિષીએ ભાખેલા ભવિષ્ય તરીકે લેખવા જોઈએ નહી. સંપૂર્ણતાના ઉચ્ચતમ તબક્કાએ પહોંચેલો યોગી કુદરતના સીધા સંપર્કમાં હોય છે. તેથી ભૂત અને ભવિષ્યનું સર્વ વર્તમાન જેટલું જ વિશદ્‌પણે તેની નજર સામે હોય છે. તેની અગમ્યનો તાગ લેતી અવસ્થામાં તેને માટે કુદરતમાંનું સઘળું જોવું સુગમ બને છે.

આ નિબંધનો વાચકને પરિચય કરાવવા મેં થોડું લખ્યું છે. હું માનું છું કે સાક્ષાત્કારમાં રસ ધરાવતાને આ નિબંધ ઘણો ઉપયોગી થઈ પડશે. આથી આધ્યાત્મિકના દરેક સાધકને પુસ્તકનો અભ્યાસ કરવા હું સહેજ પણ ક્ષોભ વિના ભલામણ કરું છું.

એમ. એલ. ચતુર્વેદી
ન્યાયાધીશ, હાઈકોર્ટ,
અલ્લાહાબાદ (ઉ.પ્ર.)

✦ ✧ ✦ ✧ ✦

આદિગુરુ



સમર્થ ગુરુ મહાત્મા રામચંદ્રજી મહારાજ

ફતેહગઢ, (ઉત્તર પ્રદેશ)

અનુક્રમણિકા

અનુવાદકની નોંધ		IV
આમુખ		V
૧.	ધર્મ	૧
૨.	જીવનનું ધ્યેય	૧૩
૩.	સાધન અને ઉપાય	૨૧
૪.	ગુરુ	૩૯
૫.	આધ્યાત્મિક ઘડતર	૫૮
૬.	શ્રદ્ધા	૭૨
૭.	સતત સ્મરણ	૭૯
૮.	આત્મ-સમર્પણ	૮૭
૯.	સાક્ષાત્કાર	૯૨
૧૦.	'મારી અન્તર્દષ્ટિ(દર્શન)'	૧૦૯
૧૧.	મિશનનું પ્રતીક (ચિહ્ન)	૧૧૪
૧૨.	પ્રાર્થના	૧૧૬
૧૩.	શ્રી રામચંદ્ર મિશન, અને સહજ માર્ગ	૧૧૭
૧૪.	સહજ માર્ગના દસ નિયમો	૧૨૦
૧૫.	અભ્યાસીઓ માટે ધ્યાનની વિધિ	૧૨૧
૧૬.	ભક્તિગીત (આફતાબે મારફત)	૧૨૨
૧૭.	ભક્તિગીત (ઓ બાબુજી)	૧૨૪

✦ ✧ ✦ ✧ ✦

૧. ધર્મ

માનવ જાતિએ પોતાના જન્મથી ઈશ્વરની ઉપાસના કરવાની, બાહ્ય દેખાવોની પાછળ રહેલા રહસ્યો ઉકેલવાની અને મૂળભૂત સત્યને સમજવાની શોધ કર્યા કરી છે. આ જ ધર્મનું મૂળ છે. ઉપાસકની નજર સામે તેના અંતિમ ધ્યેય તરીકે સ્વર્ગનું શાશ્વત સુખ અથવા એના જેવો કોઇ ખ્યાલ હોય છે. આ રીતે ધર્મો દુનિયામાં અસ્તિત્વમાં આવ્યા અને તેના મુકરર સ્વરૂપો અને વિધિઓ તેના મહાન સ્થાપકોના વ્યક્તિગત વ્યવહારુ અનુભવો પર ઘડાયેલા છે. પરંતુ હજારો વર્ષો વીતી ગયા બાદ, જ્યારે ચારે બાજુની સમગ્ર પરિસ્થિતિ બદલાઇ ગઇ છે અને જીવન ધરમૂળથી બદલાઇ ગયું છે ત્યારે પણ તે જ જૂના સ્વરૂપો અને સિદ્ધાંતોને વળગી રહેવામાં આવે છે. હવે ફક્ત બાહ્ય સ્વરૂપ અકબંધ રહ્યું છે જ્યારે આંતરિક તત્ત્વ ખોવાઇ ગયું છે. પરિણામે ધર્મ અંગેની વિચારસરણી ચીલાચાલુ થઇ ગઇ છે અને આજે ધર્મ ભૂતકાળનાં અવશેષ જેવો કે મરેલાનાં અસ્થિ જેવો થઇ પડયો છે એમ કહીએ તો તેમાં કશું ખોટું નથી. આપણે સાચા ધર્મને ખરેખર કબરમાં દફનાવી દીધો છે. ધર્મનાં નામે આપણે ફક્ત તાળીઓ પાડીએ છીએ અને બીજું કાંઇ કરતાં નથી. સાચું તત્ત્વ ખોવાઇ ગયું છે અને તેની જગ્યાએ ફક્ત ઔપચારિકતા રહી છે. જે વસ્તુઓ નજર સમક્ષ રહી છે. તે ફક્ત બાહ્ય સ્વરૂપો અને વિધિઓ છે કે જેને પરમ તત્ત્વના સહેજ પણ સ્પર્શ સિવાય અતિશય રૂઢિચુસ્તપણે અને મક્કમતાથી અનુસરવામાં આવે છે. આ રીતે પરમ તત્ત્વમાં આપણો વિશ્વાસ નષ્ટ થાય તેટલી હદ સુધી ઘટી ગયો છે. ખરી રીતે તો તે ફક્ત સ્વરૂપો અને વિધિઓમાં વિકૃત બન્યો

છે. ધીમે ધીમે તે ધર્માંધતા અથવા પૂર્વગ્રહમાં અધોગતિ પામે છે કે જે કમભાગ્યે હાલના ધર્મનું મુખ્ય અંગ બન્યું છે. આપણી ઔપચારિકતાની અંધશ્રદ્ધા આપણને પરમ તત્ત્વ વિષે અંધારામાં રાખે છે અને બીજાં સ્વરૂપો અને વિધિઓમાં માનતા લોકો પ્રત્યે આપણામાં જાણેઅજાણે તિરસ્કારની લાગણી વિકસાવે છે. આને પરિણામે જુદા જુદા ધર્મના અનુયાયીઓમાં પરસ્પર ઈર્ષા અને ઝગડા થાય છે.

ભારતે રાજકીય સ્વતંત્રતા મેળવી છે પણ સ્વ પરથી સ્વતંત્રતા કે આત્માની સ્વતંત્રતા હજી બાકી છે. વિશાળ દ્રષ્ટિ અને મુક્ત ચિંતન માટેની શક્તિનો અભાવ એ આમાં મુખ્ય વિઘ્ન છે. સમગ્ર વાતાવરણ પૂર્વગ્રહ અને હરીફાઈથી છવાઈ ગયું છે. સમાજ અને સંસ્કૃતિનું સમગ્ર ઘડતર તે જ પાયા ઉપર આધાર રાખે છે. સાંપ્રદાયિક ઈર્ષાઓ આપણી સંસ્કૃતિના પતનનું મુખ્ય કારણ છે. ભારતમાં આજે ત્રણ હજારથી વધુ જ્ઞાતિઓ છે અને દરેક પોતાનું જુદું એકમ બનાવે છે. શરૂઆતમાં આ જ્ઞાતિઓ કામની વહેંચણીના પ્રશ્નના ઉકેલ માટે કામદારો અને કારીગરોના બનાવેલાં જુદાં જુદાં સંગઠનો હતાં પરંતુ આજે દરેક સંગઠન બાકીના સમાજથી પોતાની જાતે અલગ થવા પ્રયત્ન કરે છે અને પોતાનું જુદું એકમ બનાવે છે અને બીજાઓ પ્રત્યે ધૃણા અને ઈર્ષાની ભાવનાઓને પોષે છે. આ રીતે આવો સમાજ વિભાજન તરફ આગળ વધી રહ્યો છે. એવો સમય હવે નજદીક આવ્યો છે કે જ્યારે આ અનિષ્ટનું અસ્તિત્વ જલદીથી નાશ પામશે. આ અનિષ્ટનો અંત લાવવા કુદરતે કામ શરૂ કરેલ છે. કાળચક્રથી કોઈ બચી શકતું નથી. જ્ઞાતિના પૂર્વગ્રહને ઉત્સાહપૂર્વક ટેકો આપનારાઓ અને બચાવ કરનારાઓ માટે આ ચેતવણી છે. જો તેઓ, સમયસર સુધરે નહિ તો તેઓ પરિણામોથી છટકી શકશે નહિ. ઈશ્વરનું ધાર્યું થઈને રહેવું

જ જોઈએ. આધ્યાત્મિક જીવનમાં પૂર્વગ્રહ સૌથી મોટું અનિષ્ટ છે અને ખરેખર તો તે એક જીવલેણ ઝેર છે. તે વ્યક્તિને વિશાળ દ્રષ્ટિ તરફની બધી રીતની પહોંચ ગુમાવીને પોતાની જાતમાં મર્યાદિત બનાવે છે. તેનાથી સંકુચિત મનોવૃત્તિ પેદા થાય છે અને જેઓ તેને વળગી રહે છે તેઓ તેમના વિકાસ અને પ્રગતિનું સઘળું ભાવિ ગુમાવે છે. પૂર્વગ્રહ બીજાઓ પ્રત્યે તિરસ્કાર પેદા કરે છે. અને તે છૂપા સ્વરૂપમાં મોટી આપબડાઈની ભાવના સિવાય બીજું કાંઈ નથી. જો તમે આ અનિષ્ટને પોષો તો તેનાથી તમે અહંકારની હાલની સાંકળમાં એક વધુ કડીનો ઉમેરો કરો છો. પરિણામે તમે પરમ તત્ત્વથી વધુ દૂર રહો છો. આમ અસીમનો સાક્ષાત્કાર અસંભવ બને છે. વિશ્વ પ્રેમ એ ધર્મનો ખરો મૂળ પાયો છે અને તે સદંતર અદ્રશ્ય થતાં, સામાન્ય રીતે માનવ અને ઈશ્વર વચ્ચેની કડીરૂપ જે ધર્મ ગણાતો હતો તેને બદલે તે ધર્મ હવે તેમની વચ્ચે અંતરાય બની ગયો છે. જો આપણે કોઈ એક સ્વરૂપ કે વિધિને તેના સાચા મહત્ત્વ કે અંતિમ પહોંચના સ્પષ્ટ ખ્યાલ વગર દ્રઢપણે વળગી રહીએ તો કદાચ આપણે મોટામાં મોટી ભૂલ કરી રહ્યા છીએ. ઈશ્વરને કોઈ ધર્મ કે પંથના વાડામાં શોધવાનો નથી. તે કોઈ સ્વરૂપો કે વિધિઓમાં બંધાયેલો નથી અને તે ધર્મ પુસ્તકોમાંથી પણ ખોળી શકાય તેમ નથી. આપણા હૃદયના અંતરતલમાં આપણે તેને શોધવાનો છે.

ઈશ્વર માટેના વિવિધ ખ્યાલો છે. લોકો પોતાની શક્તિ અને સમજ પ્રમાણે તેને જુદી જુદી રીતે ઓળખે છે. સર્વ સામાન્ય રીતે સ્વીકારાયેલો ઈશ્વર માટેનો ખ્યાલ એ છે કે તે શાશ્વત શક્તિ છે. પરંતુ ફિલસૂફીનું દ્રષ્ટિબિંદુ તેથી ઘણું આગળ વધે છે અને જે બધી બહુવિધતા અને વિશિષ્ટતાથી પર છે તે નિર્ગુણ બ્રહ્મ અથવા અસીમિત પરમ

તત્ત્વના ખ્યાલનો સમાવેશ કરે છે. તે અસ્તિત્વનું અંતિમ કારણ અને મૂલાધાર છે, સમગ્ર સર્જનનું અતિ કાર્યશીલ કેન્દ્ર કે પરમ આધાર છે. તે ગુણ, પ્રવૃત્તિ કે ચેતનાથી પર છે. તે પરબ્રહ્મ તરીકે પણ ઓળખાય છે. પછીથી સર્વોત્તમ અસ્તિત્વ તરીકે ઈશ્વરનો ખ્યાલ આવે છે. આપણે સૃષ્ટિને તેની બધી વિવિધતા અને વિશિષ્ટતાથી ભરેલી જોઈએ છીએ અને આપણે તેના સર્જક અને નિયંત્રકને માનવા પ્રેરાઈએ છીએ. આપણે તેને ઈશ્વર કે સગુણ બ્રહ્મ કહીએ છીએ. આપણે તેમને નિરાકાર શાશ્વત અસ્તિત્વ હોવાનું માનીએ છીએ. અને તેઓ સર્વ શક્તિમાન, સર્વજ્ઞ છે અને બધા ઉત્તમ ગુણો ધરાવે છે. તે સૃષ્ટિના સર્જનનો સમર્થ પ્રયોજક છે અને તે તેનો પાલક તેમજ વિનાશક પણ છે. જ્યારે તેમને ફક્ત નીચા દ્રષ્ટિબિંદુથી એટલે કે ધર્મના ઈશ્વર તરીકે જોવામાં આવે છે ત્યારે તે પૂજાનું પાત્ર બને છે. લગભગબધા ધર્મોનું છેવટનું ધ્યેય આ જ છે. ઈશ્વરને નિરાકાર કે સ્વરૂપરહિત પણ અમુક ગુણો ધરાવતા હોવાનું કલ્પવામાં આવ્યું છે. સામાન્ય લોકોને સમજવા માટે આ એક સ્વયં અઘરો વિચાર છે. આથી તેઓ વધુ વાસ્તવિક સ્વરૂપ કલ્પીને વધુ સહેલો રસ્તો મેળવવાનો પ્રયત્ન કરે છે. આથી કેટલાક તેને (ઈશ્વરને) બધાનો ન્યાય કરતો અને બધાનું ભલું કરતો સૌથી ઊંચે આવેલા સ્વર્ગમાં બેઠેલો કલ્પે છે. બીજાઓ તેને વિશ્વનું નિયંત્રણ કરતી સર્વવ્યાપી શક્તિ તરીકે માને છે. આમ આપણે તબક્કાવાર એક રીતે નિરાકાર કે સ્વરૂપરહિત બાજુમાંથી ધીમે ધીમે કોઈ વાસ્તવિક રૂપ કે સાકાર તરફ ગતિ કરીએ છીએ. આ બે ખ્યાલો, સાકાર અને નિરાકાર વિશે ધાર્મિક પુસ્તકોમાં ઘણું બધું કહેવાયું છે પરંતુ ખરેખર સામાન્ય રીતે સમજાયેલા આ બંને ખ્યાલો ખૂબ ગેરરસ્તે દોરનારા છે. ખરેખર ઈશ્વર નથી નિરાકાર કે

નથી સાકાર પરંતુ તે બંનેથી પર છે. જેઓ તેને સાકાર ગણે છે તેઓ અસીમને રૂપ અને સાકારની સીમાઓમાં બાંધે છે. પરિણામે તેઓ સંકુચિત મનોવૃત્તિ વિકસાવે છે અને હંમેશ માટે સીમા બદ્ધ રહે છે. જો આપણે તેને નિરાકાર સમજીએ તો તેવા ખ્યાલ જ સર્જક, નિયંત્રક અને વિનાશક તરીકેના ગુણોની મર્યાદા આપણા મનમાં લાવે છે. શક્તિ કે સામર્થ્ય તરીકેનો ઈશ્વરનો વિચાર હજી પણ સીમિત ખ્યાલ છે. ઈશ્વર નથી અથવા કાંઈ જ નથી (શૂન્ય) તેવા ખ્યાલ સુધી આપણે આગળ વધીએ તો પણ આપણે એક રીતે પરમ તત્ત્વથી કેટલેક અંશે દૂર રહીએ છીએ. તો પછી શું ? હવે સમજાવટ નિષ્ફળ જાય છે. એટલું કહેવું પૂરતું થશે કે જો આપણે બેમાંથી ગમે તે એક ખ્યાલથી ખરેખર દૂર રહીએ તો આપણે આપણી જાતે સાચી દિશામાં છીએ એવું વિચારી શકીએ. જ્યાં સુધી આપણે ધર્મની સીમામાં બંધાયેલા રહીએ ત્યાં સુધી ધર્મનો ઈશ્વર આપણી દ્રષ્ટિ સમક્ષ રહે છે અને આપણે એક અથવા બીજા ખ્યાલમાં ગુંચવાયેલા રહીએ છીએ. જ્યારે આપણે તેની પર જઈએ ત્યારે જ ફક્ત ઉચ્ચતમ આધ્યાત્મિક પ્રાપ્તિ શક્ય બને છે. હકીકતમાં, જ્યારે ધર્મનો અંત આવે છે ત્યારે આધ્યાત્મિકતા શરૂ થાય છે. ધર્મ એ મુક્તિના માર્ગ તરફ જવા માટે મનુષ્યને તૈયાર કરવાનો ફક્ત પ્રાથમિક તબક્કો છે. જ્યારે તે આ માર્ગ ઉપર પગલું માંડે છે ત્યારે તે ધર્મની સીમાઓથી દૂર થઈ જાય છે. ધર્મનો અંત તે આધ્યાત્મિકતાની શરૂઆત છે, આધ્યાત્મિકતાનો અંત તે પરમ તત્ત્વની શરૂઆત છે અને પરમ તત્ત્વનો અંત તે પરમ આનંદ છે. જ્યારે તે પણ જાય છે ત્યારે આપણે ધ્યેય ઉપર પહોંચીએ છીએ તે ઉચ્ચતમ ધ્યેય છે કે જે મોટાભાગે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.

વિવિધ સ્વરૂપોમાં દેવ દેવીઓની પૂજા આ જ

સાકારના સિદ્ધાંતનો અધકચરો વિશ્વાસ છે. કુદરતની દરેક શક્તિની તેમજ તેના પર્વતો, નદીઓ અને વૃક્ષોની પૂજા ઉપરોક્ત દ્રષ્ટિ બિંદુનું વધુ પતન છે. કેવી દયાજનક સ્થિતિ! માલિકની પૂજા કરવાને બદલે આપણે માલિકને તદ્દન અવગણીને તેના સેવકોની પૂજા કરીએ છીએ અને આપણા દ્રઢ થયેલા પૂર્વગ્રહોની વિરુદ્ધ એક શબ્દ પણ સાંભળવા તૈયાર નથી. પરિણામે, આજે આપણે ઘણા બધા સંપ્રદાયો અને પંથોને તેમના પોતાના દેવ કે દેવીઓને તેમની પોતાની અમુક રીતે પૂજતા જોઈએ છીએ. દેખીતી રીતે જ તેમની નજર સામેનું ધ્યેય મોક્ષનું પણ હોતું નથી. પરંતુ મોટા ભાગના દાખલાઓમાં તેમનું ધ્યેય અમુક જાતના દુઃખમાંથી છૂટકારો પામવાનું કે કોઈક ભૌતિક લાભ મેળવવાનું હોય છે. લોકો સંજોગોના દબાણને વશ થઈને અથવા તો આત્મ સાક્ષાત્કારની બાબતમાં જેઓ પોતાની જાતે જ પૂરા અંધારામાં છે તેમની ખોટી દોરવણીથી આવા પ્રકારની પૂજા તરફ દોરાય છે. શ્રીકૃષ્ણએ ગીતામાં સ્પષ્ટ કહ્યું છે કે દેવોની પૂજા તમને વધુમાં વધુ તેમના ક્ષેત્ર સુધી દોરી જશે, કે જે મર્યાદિત અને મોક્ષના બિંદુથી ઘણી નીચી કક્ષાએ આવેલું છે. તેઓ પોતે તે બિંદુની પાર જવાની શક્તિ ધરાવતા નથી. તેથી તેમના શિષ્યોનો આ બિંદુની પાર જવાની પહોંચનો પ્રશ્ન રહેતો નથી. આથી સ્પષ્ટ થાય છે કે જો ખરેખર પરમ તત્વ જ આપણું ધ્યેય હોય તો આ દેવ દેવીઓ આપણને કશા ખપના નથી. મારાં 'Efficacy of Rajyoga' નામના પુસ્તકમાં મેં આ મુદ્દો વધુ સ્પષ્ટતાથી બતાવ્યો છે.

પોતાના દુન્યવી હેતુ પાર પાડવા માટે દેવ દેવીઓની પાછળ પડતા લોકોએ સામાન્ય રીતે સ્વીકારેલા યંત્રવત્ પૂજાના પ્રકારો પણ બીજી બેવકૂફી છે. આ કોઈ પૂજા નથી, એટલે કહેવાનું કે તે લોકો ફક્ત મજૂરનો ભાગ ભજવે છે. અને

છેવટે તેઓ તેમણે કરેલા શારીરિક શ્રમનું તેમનું વળતર મેળવે છે. ઈશ્વરના સ્થૂળ સ્વરૂપ પર જેઓ ચિંતન કરે છે અને શ્રદ્ધા તેમજ ભક્તિથી પૂજે છે. તે તેમને આંતરિક સ્થૂળતા તરફ લઈ જાય છે અને તે અભ્યાસ લાંબો સમય ચાલુ રહે તો તેઓ વધુ અને વધુ સ્થૂળ(જડ) બનતા જાય છે અને તેમની પરમ તત્વ તરફથી પહોંચમાં રૂકાવટ આવે છે. આવા દાખલાનું પરિણામ મોટાભાગે દરેકની આંખ સમક્ષ છે. જનસમુદાય માટે શરૂઆતમાં સૂક્ષ્મ પરમ તત્વની પૂજા કરવાનું મુશ્કેલ લાગતું હોવાથી તેમની ઉન્નતિ માટે પ્રાચીન સમયના સંતોએ કેટલાક સગવડભર્યા રસ્તા શોધ્યા હતા. નક્કર સ્વરૂપમાં કંઈક દેખીતી વસ્તુ કે જે જનસમુદાય સહેલાઈથી સમજી શકે તે લઈને તેમણે શરૂઆત કરી. હવે સહેલાઈથી સમજી શકાય તેવી વસ્તુઓ જુદા જુદા લોકો માટે જુદી જુદી હતી. સૌથી નીચલી કક્ષાના લોકો માટે તેમણે (સંતોએ) દેખીતા નક્કર સ્વરૂપવાળું કાંઈક અપનાવ્યું. બીજા વધુ ઊંચી કક્ષાવાળા માટે, શરૂઆત કરવા તેજ યા પ્રકાશ અથવા કોઈ ઈશ્વરીય ગુણ જેવું કંઈક નિરાકાર સ્વરૂપ તેમણે દાખલ કર્યું. ઊંચી કક્ષાના કેળવાયેલા મનવાળા માટે ઈશ્વરનો સૂક્ષ્મ ખ્યાલ પૂરતો હતો. આમ ફક્ત સૌથી નીચી કક્ષાના લોકો માટે જ તેમણે ચિત્ર કે મૂર્તિ જેવું નક્કર સ્વરૂપ અપનાવેલ અને તે પણ કામચલાઉ પગલાં તરીકે. જ્યારે તેમણે કાંઈક પ્રગતિ કરી ત્યારે તેમણે તે છોડી દીધું અને વધુ સૂક્ષ્મ સ્વરૂપને અપનાવીને બીજા તબક્કામાં પ્રવેશ કર્યો. આ નાના બાળકને કક્કો ઘૂંટાવવા જેવું છે. થોડા અભ્યાસ પછી ઘૂંટવાની રીત છોડી દેવામાં આવે છે અને બાળક છાપેલા અક્ષરની મદદ સિવાય પણ સ્વતંત્ર રીતે લખી શકે છે. આવી રીતે નક્કર સ્વરૂપ અથવા મૂર્તિ શરૂઆત કરનારાઓએ થોડા સમય માટે જ અપનાવવાની હતી અને તે પછી તેઓ બીજા તબક્કામાં

અને બહારથી ઈશ્વરીય પ્રકાશના માર્ગ માટે સંપૂર્ણપણે અભેદ્ય બને છે. અંતરાત્મા તરફની તેમની પહોંચ સંપૂર્ણપણે બંધ થાય છે. હું તેમને જીવતા પથ્થરો કહેવાનું પસંદ કરીશ. તેમણે આ રીતે વિકસાવેલું કઠણ પડ તેમને વધુ ઉચ્ચ કે વધુ સૂક્ષ્મ કોઈપણ ચીજના સહેજ પણ સંસર્ગથી દૂર રાખે છે. તેની અસરથી તેઓ લગભગ મંત્ર-મુગ્ધ બની જાય છે અને તેને તેઓ આધ્યાત્મિક અવસ્થા સમજે છે પણ હકીકતમાં તેઓ તેનાથી ખૂબ દૂર હોય છે. આધ્યાત્મિક ક્ષેત્રના મારા અંગત અનુભવથી મને લાગ્યું છે કે આધ્યાત્મિક સાધના માટે મારી પાસે આવતા લોકોના હૃદય પરથી આવા અભ્યાસના પરિણામે સર્જાયેલું સખત પડ તોડવાનું કામ ઘણું અઘરું અને કંટાળાજનક છે. જો વ્યક્તિ આત્માના આવા બંધનોથી મુક્ત થવા માગતી હોય તો આવી નકામી સાધનાઓને પરિણામે તેના મન ઉપર જમા થયેલું સ્થૂળતા અને ઘનતાનું પડ આવશ્યકપણે તેણે દૂર કરવું જ જોઈએ.

સામાન્ય રીતે વધુ પ્રગતિશીલ ગણાય એવી પૂજાની બીજી રીત લોકો જેની પૂજા કરતા હોય તે દેવ કે દેવીનાં ગુણગાન કરતાં ભજન ગાવાની કે સામુહિક સ્તુતિ કરવાની છે. લોકો જુદા જુદા જૂથમાં ભેગાં થાય છે અને મોડી રાત સુધી રાત્રિના શાંત વાતાવરણને ખલેલ પહોંચાડતા ઊંચા અવાજે સમૂહમાં ગાય છે. તેઓ એમ માને છે કે આમ કરીને ઈશ્વરનું પવિત્ર નામ, તેમના કહેવા પ્રમાણે, શક્ય તેટલાં વધારે માણસોના કાનમાં ઘુસાડવાની પવિત્ર ફરજ તેઓ બજાવે છે. આટલું જ પૂરતું ન હોય તેમ ઘણીવાર તેઓ અવાજને વધુ ફેલાવવા માટે માઈકનો પણ ઉપયોગ કરે છે. દિવસભરનાં કંટાળાજનક કામ અથવા બીમારી પછી જે લોકોને શાંતિભર્યા આરામની જરૂર હોય તેમને આથી તકલીફ કે અગવડ પહોંચશે તે વિશે તેઓ તદ્દન બેદરકાર(બેફીકર) હોય છે. જેઓ રાત્રિના

શાંત સમયે ધ્યાન ધરતા હોય તેમને પણ તેવી જ રીતે અત્યંત ખલેલ પહોંચાડશે. ઉપરાંત, આજે જે રીતે સામાન્ય રીતે અપનાવવામાં આવી છે તેની આધ્યાત્મિક વિકાસમાં કોઈ ઉપયોગિતા નથી અને તેથી પરિણામે તેમાંથી કોઈ મહત્ત્વનો ફાયદો થતો નથી. સંકીર્તનકારોના કીર્તનને માંદા માણસના ઊંહકારા સાથે વધુ યોગ્ય રીતે સરખાવી શકાય. ઊંહકારાથી માંદા માણસને કામચલાઉ સાન્ત્વન મળે છે, પણ વેદનામાંથી ખરેખર છૂટકારો મળતો નથી. આથી આવા ભજન - કીર્તનો તેમને કોઈ ફાયદાકારક નથી, સિવાય કે મધુર રાગની અસરથી તેઓ ખુશ થાય છે અને તે તેમના વિચારોને થોડા સમય માટે તેમના આદર્શને દ્રષ્ટિ સમક્ષ ખેંચી લાવવા માટે મદદ કરે છે.

હવે આપણે જે કાંઈ વિચારીએ કે ચિંતન કરીએ તે આપણામાં સ્પંદન પેદા કરે છે. જ્યારે આવા સ્પંદનો વધે ત્યારે તેઓ શક્તિ પેદા કરે છે કે જે અવાજ સાથે બહાર ધસી આવે છે. સ્પંદનોની સાથે વ્યક્તિઓના વિચારો અને લાગણીઓની અસર સંકળાયેલી હોય છે. તેથી સમૂહમાં શુદ્ધ મનની પવિત્ર અસર (શુદ્ધ મનવાળી વ્યક્તિઓ) અપવિત્ર મનની અનિષ્ટ અસરથી (અપવિત્ર કે અશુદ્ધ મનવાળી વ્યક્તિઓ) બગડવા સંભવ છે. આવા કાર્યક્રમોમાંથી પૂરેપૂરો લાભ મેળવવો હોય તો અનિચ્છનીય તત્ત્વોને તેનાથી દૂર રાખવા જોઈએ. આવી રીત ચૈતન્ય મહાપ્રભુજી અનુસરતા હતા અને તેઓ સારા ચારિત્ર્યવાળા અને પવિત્રતા ધરાવતા પોતાને સારી રીતે જાણીતા લોકોના સમૂહમાં જ સંકીર્તન કરતા હતા. આથી બંધ બારણે આવો કાર્યક્રમ કરવામાં આવતો અને બહારના કોઈને અંદર આવવા દેતા નહિ. ખરી રીતે, સંકીર્તન પ્રાથમિક પ્રગતિના સાધન તરીકે કામ કરતું નથી પરંતુ પૂરતી પ્રગતિ થયા પછી ફક્ત કાંઈક અંશે તે મદદરૂપ થાય છે. પવિત્ર વિચારોથી ઉભરાતા અનુકૂળ

વાતાવરણમાં આવું સંકીર્તન કરવામાં આવે તો જ તે ખૂબ અસરકારક બને છે. ગંભીર માનસિક અભ્યાસ પછી તે આનંદદાયક વિવિધતા તરીકે કામ કરે છે.

ઉપરાંત આજકાલ કમનસીબે આવા કાર્યક્રમોમાં નજર સમક્ષ રાખેલો આદર્શ પણ ઉચ્ચતમ્ હોતો નથી. મોટા ભાગના દાખલાઓમાં તેઓ પોતાના સ્થૂળ શરીર અને કાર્યોને નજરમાં રાખીને દેવોના (તેમના જેવા જ) ભૌતિક સ્વરૂપના ખ્યાલમાં રહે છે. આ સ્થૂળ ખ્યાલની અસર બીજી કાંઇ નથી પણ આંતરિક સ્થૂળતા અને અપારદર્શકતા છે કે જે તેઓ આવી સમગ્ર સાધના દરમિયાન પોતાનામાં ભરી દે છે. આવો સ્થૂળ ખ્યાલ તમને ચોક્કસ અમુક હદ અને મર્યાદામાં રાખશે અને અંતિમ ધ્યેય કે પરમ મુક્તિ કદી શક્ય બનશે નહિ. આ જ એક કારણ છે કે જેથી તેઓ વર્ષોની સાધના પછી પોતાની જાતને પ્રાપ્તિના સૌથી નીચા સ્તર ઉપર જુએ છે. કહેવાનું કે, તેઓ બંધિયાર પાણીના ખાબોચિયામાં દરેક ચીજ શોધે છે કે જ્યાં જીવન ટકાવવા માટે જરૂરી પ્રાણવાયુ પણ હોતો નથી. તેમણે આવાં ખાબોચિયાને તેમનું કાયમી રહેઠાણ બનાવી દીધું છે. જેમકે મોતી બનાવવા માટે યોગ્ય પ્રકાશ જરૂરી છે. બંધનમાંથી પરમ મુક્તિ મેળવવા માટે આપણે એવા પ્રયત્ન કરવા જોઇએ કે આપણે સૌથી હળવા અને સૌથી સૂક્ષ્મ બનીએ જે સર્વદા ઇશ્વરીય ગુણો છે તથા સાથે સાથે ઇશ્વરનું પૂર્ણ તાદાત્મ્ય સાધી શકીએ. સાચા જીવનનું અમૃત તેને માટે અને તેના એકલા માટે જ છે કે જે પોતાની જાતને ધ્યેય માટે જરૂરી લાયકાત માટે તૈયાર કરે છે.

◆ ◇ ◆ ◇ ◆

૨. જીવનનું ધ્યેય

જનસમુદાયમાં કદાચ બહુ થોડા એવા હોય છે કે જેમણે જીવનની સમસ્યા વિશે કદાપિ ગંભીરતાપૂર્વક વિચાર્યું હોય છે. સામાન્ય રીતે તેઓ તેના વિશે ઘણો સંકુચિત વિચાર ધરાવે છે. ઇચ્છિત સુખ સગવડોથી ભરપૂર એવું સારું જીવન જીવવાની તેમની સામે ફક્ત એક જ સમસ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો, તેમના જીવનનો ઉદેશ ફક્ત શક્ય તેટલી વધુ સગવડ અને દુન્યવી પ્રતિષ્ઠા મેળવવાનો છે. જો તેઓ તે મેળવી શકે તો પોતાના જીવનને સફળ થયું હોવાનું સમજે છે, નહિ તો નહીં. તેઓ મોટા માણસો, ફિલસૂફો, વૈજ્ઞાનિકો અગર રાજનીતિજ્ઞો તરીકે જીવન પસાર કરે છે અને આખી દુનિયામાં ખ્યાતિ અને પૈસો મેળવે છે પરંતુ તેમના જીવનની સમસ્યા તો વણઉકેલી જ રહે છે. મૃત્યુ થતાં તે સમસ્યાનો અંત આવતો નથી કારણ કે તે ફક્ત સ્વરૂપનો ફેરફાર છે. મૃત્યુ પછી આપણી બીજી જિંદગી જે હોય તે શરૂ થાય છે. આ જિંદગી પહેલાં જેમ આપણી અનેક બીજી જિંદગીઓ, બીજા સ્વરૂપોમાં હતી તેમ મૃત્યુ પછી પણ આપણી અનેક બીજી જિંદગીઓ હોઇ શકે. જન્મ અને મૃત્યુનું આ ચક્ર અનિશ્ચિતપણે ચાલ્યા કરે છે. આપણી સમક્ષનો પ્રશ્ન આપણી હાલની જિંદગીનો ઉકેલ શોધવાનો નથી. પરંતુ હવે પછીની બધી જિંદગીઓ માટેનો પ્રશ્ન છે. બહોળા અર્થમાં, મહાપ્રલયના સમય સુધી જુદી જુદી વખતે જુદા જુદા સ્થૂળ કે સૂક્ષ્મ સ્વરૂપોમાં આત્માના સમગ્ર અસ્તિત્વને તે આવરી લે છે.

જન્મ અને મૃત્યુના પ્રશ્ન પર જુદા જુદા ધર્મના અનુયાયીઓમાં મતમતાંતરો હોઇ શકે પણ એટલું ચોક્કસ છે

કે ધર્મપુસ્તકોનું ફક્ત સૈદ્ધાંતિક જ્ઞાન આ કોયડો ઉકેલી શકશે નહિ. આધ્યાત્મિક ક્ષેત્રમાં વાસ્તવિક અનુભવ આ હેતુ માટે જરૂરી છે, જ્યારે કોઈ સૂક્ષ્મતમ પ્રકારની ''અનુભવ- શક્તિ'' પ્રાપ્ત કરે અને હવે પછીના જીવનની સાચી સ્થિતિ પોતાની જાતે અનુભવી શકે ત્યારે આ પ્રશ્નનો અંત આવે છે. લોકોએ આ રહસ્યને જુદી જુદી રીતે સમજાવ્યું છે પણ લગભગ બધા એક મુદ્દા સાથે સંમત છે કે જીવનનો ઉદ્દેશ મૃત્યુ પછી શાશ્વત આનંદ પ્રાપ્ત કરવો તે છે. તેથી તેઓ સદ્ગુણ, ત્યાગ અને ભક્તિવાળા જીવનનો આગ્રહ રાખે છે કે જે તેમને સ્વર્ગનો શાશ્વત આનંદ કે મુક્તિ કે શાંતિ આપશે. પણ તે સમસ્યાનો અંત નથી. તે ઘણી આગળ છે. હવે આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢવા માટે, આપણું અસ્તિત્વ જ્યાંથી શરૂ થયું તે બિંદુ તરફ આપણે પાછું જવું જોઈએ. હાલના આપણા સ્થૂળતમ સ્વરૂપનું અસ્તિત્વ એકાએક કે આકસ્મિક નથી પણ તે ઉત્ક્રાંતિની ધીમી પ્રક્રિયાનું પરિણામ છે. આત્માનું અસ્તિત્વ સર્જન વખતના પાછલા સમય સુધીનો સ્પષ્ટ ખ્યાલ હોવો જરૂરી છે, કે જ્યારે આત્મા તેના નગ્ન સ્વરૂપે એક અલગ અસ્તિત્વ ધરાવતો હતો. આત્માના સૌથી વધુ સૂક્ષ્મ સ્વરૂપના અસ્તિત્વની પ્રાથમિક અવસ્થામાંથી આપણે તેના વધુ અને વધુ સ્થૂળ સ્વરૂપો તરફ આગળ વધ્યા. આને આત્માની ઉપર ચઢેલા આવરણો તરીકે વર્ણવી શકાય. શરૂઆતના આવરણો સૂક્ષ્મતમ પ્રકારના હતા અને તે સાથે આપણે સ્વદેશમાં એટલે કે ઈશ્વરના સામ્રાજ્યમાં રહેતા હતા. અહમ્‌ના વધુ અને વધુ આવરણો ચઢતા ગયા અને પછીથી મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકાર અશુદ્ધ સ્વરૂપે આપણી સ્થૂળતામાં વધારો કરવા લાગ્યા. સમય જતાં સંસ્કારો બનવા લાગ્યા અને તેના પરિણામે અસરો પેદા થઈ. સદ્ગુણ અને અવગુણ દેખાવા લાગ્યા. ધીમે

ધીમે આપણા અસ્તિત્વે સ્થૂળતમ સ્વરૂપ ધારણ કર્યું. સંસ્કારોની અસરથી સગવડો, દુઃખો, આનંદ અને શોકની લાગણીઓની શરૂઆત થઈ. આનંદ અને સગવડો વિશેના આપણા ગમાએ અને શોક તેમજ દુઃખો માટેના અણગમાએ વધુ ગૂંચવાડા પેદા કર્યા. સામાન્ય રીતે, આપણે આપણી જાતને વેદના અને દુઃખથી ઘેરાયેલા જોઈએ છીએ અને વિચારીએ છીએ કે તેમાંથી મુક્ત થવું એ જ આપણું મુખ્ય ધ્યેય છે. સમસ્યાનું આ ઘણું સંકુચિત દ્રષ્ટિબિંદુ છે.

દુન્યવી હેતુઓ માટે માનેલા જીવનના ધ્યેયો અને ઉદ્દેશો લગભગ અર્થહીન છે. આપણે ભૂલી જઈએ છીએ કે વેદનાઓ અને દુઃખો ફક્ત રોગના લક્ષણો માત્ર છે. પરંતુ રોગ બીજે હોય છે. દુન્યવી સગવડો કે લાભ મેળવવા માટે ઈશ્વરને ખુશ રાખવા ભક્તિ કરવી તે ફક્ત મશ્કરી છે. આપણી સામે જે સમસ્યા છે તે ફક્ત વેદના કે દુઃખમાંથી મુક્તિ મેળવવાની નથી પરંતુ વેદના અને દુઃખનું જે છેવટનું કારણ છે તે બંધનમાંથી છૂટકારો મેળવવાનો છે. બંધનમાંથી છૂટકારો તે મોક્ષ છે. તે મુક્તિ (Salvation) કે જે પુનર્જન્મની પ્રક્રિયાનો અંત નથી તેનાથી અલગ છે. મુક્તિ એટલે (જન્મ - મરણના) ચક્રની ગતિ થોડા સમય માટે અટકી જવી તે છે. તેમાં અમુક નિશ્ચિત સમય માટે જન્મ અને મરણની પ્રક્રિયા બંધ રહે છે અને ત્યાર પછી આપણે ફરીથી ભૌતિક સ્વરૂપ ધારણ કરીએ છીએ. જ્યારે આપણે મોક્ષ પામીએ છીએ ત્યારે જ પુનર્જન્મના અનંત ચક્રોના અંત આવે છે, તે આપણી વેદનાઓ અને દુઃખોનો અંત છે, મોક્ષથી કાંઈપણ ઓછું જીવનનાં લક્ષ્ય તરીકે સ્વીકારી શકાય નહિ, જો કે તે પછીથી પણ ઘણું બાકી રહે છે. આપણે થોડા પણ માણસો જોઈએ છીએ કે જેમના પોતાના જીવનનું અંતિમ ધ્યેય મોક્ષ હોય છે કે જે આધ્યાત્મિક પથનું સૌથી

નીચું પગથિયું છે. જો આપણે આ કક્ષાથી નીચે હોઈએ તો જીવનની સમસ્યા સંપૂર્ણપણે વણઉકેલી રહે છે. એવી કેટલીક વ્યક્તિઓ છે કે જે કહે છે કે તેમને મોક્ષ જોઈતો નથી. તેઓ ફક્ત આ દુનિયામાં વારંવાર આવવા અને ભક્તિ કરવા ઇચ્છે છે. જીવનનું તેમનું ધ્યેય અનિશ્ચિત અને અચોક્કસ છે. તેઓ કહે છે કે તેમ ભક્તિ અને તેથી આગળ બીજું કાંઈ નહિ એ જ તેમનું ધ્યેય છે. ખરી રીતે તેઓ ભક્તિની અવસ્થાની મોહક અસરોથી આકર્ષાયા હોય છે અને હંમેશ માટે તેમાં ગૂંચવાયેલા રહેવાનું તેમને ગમે છે. તેઓ ફક્ત પોતાની જાતને ખુશ રાખવા તેમ કરે છે. જ્યાં સુધી આપણે ગૂંચવાડામાં હોઈએ ત્યાં સુધી શાશ્વત બંધનમાંથી છૂટકારો શક્ય નથી. આત્માની કુદરતી ઝંખના બંધનમાંથી મુક્ત થવાની હોય છે. જો કોઈને ગૂંચવાડામાંથી પોતાની જાતે મુક્ત થવાનું ગમતું ના હોય તો તેના માટે બીજો કોઈ ઉકેલ નથી. ભક્તિ ધ્યેય પ્રાપ્ત કરવાનું સાધન છે અને તે સ્વયં ધ્યેય નથી. મેં ઉપર કહી તેમ હકીકત તો એ જ છે કે પ્રાથમિક અવસ્થાની મોહક અસરથી તેઓ લલચાયા છે અને તેનાથી ક્યારેય દૂર થવા ઇચ્છતા નથી. તેમણે સ્વીકારેલું સંકુચિત દ્રષ્ટિબિંદુ તેમને વધુ વિશાળ દીર્ઘદ્રષ્ટિ અપનાવતાં રોકે છે અને તેથી આગળનું બધું તેમના ખ્યાલ બહાર રહી જાય છે.

ઉપરના દ્રષ્ટિબિંદુના સમર્થનમાં રજૂ કરેલી બીજી ભૂલ ભરેલી દલીલ એવી છે કે કોઈ હેતુને ધ્યાનમાં રાખીને કરેલી ભક્તિ નિષ્કામ હોઈ શકે નહિ. ગીતામાં ઉપદેશેલા નિષ્કામ ઉપાસનાના સિદ્ધાંતમાં કોઈ ખાસ હેતુ નજર સમક્ષ રાખ્યા સિવાય ભક્તિ કરવી એવું ભારપૂર્વક કહેવાયું છે. આનો સાચો અર્થ એ છે કે કોઈ દુન્યવી હેતુ ઉપર નજર રાખ્યા સિવાય અથવા આપણી ઇચ્છાઓને સંતોષવાની દરકાર કર્યા

સિવાય આપણે ભક્તિ કરવી જોઈએ. તે આપણા મનને જીવનના ધ્યેય ઉપર સ્થિર કરવામાંથી રોકતી નથી અને જીવનનું ધ્યેય એટલે આપણે છેવટે જ્યાં પહોંચવાનું છે તે જ બિંદુ સિવાય બીજું કાંઈ નહિ. બીજા શબ્દોમાં કહીએ તો તે જ્યાં આપણે પાછા જવાનું છે તેવા આપણા સ્વદેશનું અથવા આપણા હાલના સ્થૂળ અસ્તિત્વની પ્રાથમિક અવસ્થાનું સ્મરણ છે. તે આપણા લક્ષ્યનો ખ્યાલ જ છે કે જે આપણે આપણા મનમાં જીવંત રાખીએ છીએ અને તેના માટે આપણે ફક્ત ફરજ તરીકે ભક્તિ કરીએ છીએ. ''ફરજને ખાતર ફરજ'' શંકા વગર ''નિષ્કામ કર્મ'' છે અને જીવનનું આપણું ધ્યેય પ્રાપ્ત કરવું તે આપણું અચલિત કર્તવ્ય છે.

હવે, જીવનનું સાચું ધ્યેય શું હોવું જોઈએ તે મુદ્દા ઉપર હું આવું છું. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ધ્યેય સૌથી ઊંચું હોવું જોઈએ, નહિતર અંતિમ હદ સુધીની પ્રગતિ માટે શંકા રહે છે. આ માટે માનવ પહોંચની શક્ય સૌથી ઊંચી હદનો સ્પષ્ટ ખ્યાલ હોવો જરૂરી છે. આપણી સામે ઇશ્વરના બે અવતારો- રામ અને કૃષ્ણના દાખલા છે. આપણે શ્રદ્ધા અને ભક્તિથી તેમને ભજીયે છીએ અને તેમની સાથે જોડાઈને એક થવાનું ઇચ્છીએ છીએ. આપોઆપ જ તે આપણા જીવનનું ધ્યેય બને છે અને આપણાથી વધુમાં વધુ તેમની કક્ષા સુધી પહોંચી શકાય. અવતાર તરીકે રામ અને કૃષ્ણ કુદરતની જરૂરિયાત મુજબ કાર્ય પરિપૂર્ણ કરવા માટે માધ્યમ તરીકે કામ કરવાની દૈવી શક્તિઓ ધરાવતી વિશિષ્ટ વ્યક્તિઓ હતા અને તેઓ તેમને યોગ્ય લાગે તે રીતે ગમે તે સમયે તે શક્તિઓને વાપરી શકતા હતા. તેમણે સિદ્ધ કરવાના કામના પ્રકાર પ્રમાણે તેમનું કાર્યક્ષેત્ર સીમિત હતું. તેઓ મહામાયાના ક્ષેત્રમાંથી અવતર્યા હતા કે જે ઇશ્વરીય શક્તિની સૂક્ષ્મ સ્વરૂપ અવસ્થા છે

અને તેથી તે ઘણી શક્તિશાળી હોય છે. આ કારણે જ તેમના જીવનકાળ દરમિયાન તેમની મારફત થયેલા કામોનું ઉત્તમ પરિણામ આપણે જોઇએ છીએ. માનવીય પહોંચનું શકય ઉચ્ચતમ બિંદુ મહામાયાના ક્ષેત્રથી ઘણું આગળ છે અને તેથી તે કક્ષાથી તે ઘણું ઊંચે છે. મોટા ભાગના વાચકોને આ આશ્ચર્યજનક લાગશે પરંતુ તે શંકા વગરની હકીકત છે. (માનવ) પહોંચનું અંતિમ બિંદુ એ છે કે જ્યાં કોઇ પ્રકારનાં વેગ, શક્તિ, પ્રવૃત્તિ અથવા લાગણી પણ રહેતાં નથી અને માનવી સંપૂર્ણ નકારાત્મકતાની કે શૂન્ય અવસ્થામાં પ્રવેશે છે. (માનવ) પહોંચનું ઉચ્ચતમ બિંદુ અથવા જીવનનું અંતિમ ધ્યેય તે છે. આકૃતિ દ્વારા આ વાત સમજાવવા મેં પ્રયત્ન કર્યો છે. કેન્દ્ર 'સી'ની આસપાસ દોરેલા કેન્દ્રવર્તી વર્તુળો આપણી પ્રગતિ દરમિયાન માર્ગમાં આવતા વિવિધ આધ્યાત્મિક ક્ષેત્રો પ્રદર્શિત કરે છે, જે આપણી પ્રગતિ દરમ્યાન પાર કરવાના છે. સૌથી બહારના વર્તુળથી આપણી આધ્યાત્મિક સફર શરૂ કરીને પછીના તબક્કે પહોંચવા માટે દરેક વર્તુળ વટાવીને કેન્દ્ર તરફ આપણે આગળ વધીએ છીએ. આખો આ મોટો વિસ્તાર છે. જો હું મોક્ષની વાત કરું તો લોકો તેણે ઘણી દૂરની વસ્તુ સમજશે કે જે અનેક જિંદગીઓ સુધી એકધારા પ્રયત્નો કર્યા પછી મેળવી શકાય. આ આકૃતિમાં મોક્ષની અવસ્થા બીજા અને ત્રીજા વર્તુળની વચ્ચે છે. મોક્ષ મેળવવા માટે જે વિવિધ અવસ્થાઓમાંથી આપણે પસાર થવું પડે છે તે બધી જ લગભગ દોઢેક વર્તુળ સુધીમાં મેળવાય છે. આપણે મોક્ષના બિંદુએ પહોંચીએ તે ખરી રીતે, સામાન્ય માન્યતા મુજબની સાધારણ પ્રાપ્તિ નથી અને ત્યાર પછી મેળવવાનું શું બાકી રહે છે તેનો અંદાજી ખ્યાલ કરવામાં વાચકને આ મદદરૂપ થશે. આ અવસ્થાને પહોંચ્યા પછી આપણે પાંચમું વર્તુળ ઓળંગીએ ત્યાં



સુધી બીજા વર્તુળો આપણે પસાર કરતા આગળ જઇએ છીએ. આ અવ્યક્ત ગતિનો તબક્કો છે. આ તબક્કે વ્યક્તિ માયાના બંધનોમાંથી સંપૂર્ણપણે મુક્ત થાય છે. પહેલાના ઋષિઓમાંથી બહુ થોડા આ સ્થિતિએ પહોંચી શક્યા હતા. રાજા જનક તેમાંના એક હતા કે જેઓ આ સ્થિતિએ પહોંચી શક્યા હતા. તેમની સિદ્ધિઓ એટલી મહાન ગણાતી કે તે સમયના નામાંકિત ઋષિઓ પોતાના દીકરાઓ અને શિષ્યોને તાલીમ માટે તેમની પાસે મોકલતા હતા. મારા પુસ્તક "Efficacy of Raj Yoga" માં વર્ણવેલો હ્રદયનો પ્રદેશ હવે ઓળંગાય છે અને પાંચમું વર્તુળ ઓળંગ્યા પછી આપણે હવે મન પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ. આ પછીના અગિયાર વર્તુળો અહમ્‌ના વિવિધ તબક્કાઓ દર્શાવે છે. ત્યાંની સ્થિતિ વધારે સૂક્ષ્મ છે અને જેમ આપણે આ પ્રદેશમાં થઇને આગળ વધીએ છીએ તેમ તે હજી વધુ સૂક્ષ્મ બને છે. આપણે સોળમાં વર્તુળ સુધી પહોંચીએ ત્યાં સુધીમાં આપણે અહમ્‌થી લગભગ મુક્ત થઇ જઇએ છીએ. આ તબક્કાની અવસ્થા લગભગ કલ્પના બહારની છે અને સૌથી મહાન ઋષિઓમાંથી પણ ભાગ્યે જ કોઇએ તે મેળવી હોય છે. મારી દ્રષ્ટિ પહોંચે છે ત્યાં સુધી પ્રાચીન ઋષિઓમાંથી કબીર સિવાય કોઇને આ તબક્કા (સોળમા વર્તુળ) સુધી પહોંચેલ હું જોતો નથી. આપણે આ વર્તુળ પસાર કરીએ ત્યારે આપણા અસ્તિત્ત્વનો ફક્ત આભાસ (Identity) જ રહે છે, જે હજી સ્થૂળ રૂપમાં છે. હવે આપણે કેન્દ્રીય પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ. ત્યાં પણ તમે કોઇ વસ્તુના સાત વર્તુળો જોશો. હું તેને વર્ણન માટે પ્રકાશ કહીશ કે જે આપણી આગળની મુસાફરીમાં આપણે પસાર કરીએ છીએ. મેં કહ્યું છે તે મુજબ સ્થૂળ એકરૂપતાનું સ્વરૂપ છેલ્લી શક્ય હદ સુધી સૂક્ષ્મ અને વધુ સૂક્ષ્મ થતું જાય છે. આપણે હવે કેન્દ્રથી સૌથી વધુ

નજીકની સ્થિતિએ પહોંચ્યા છીએ અને તે માનવીની ઉચ્ચતમ શક્ય પહોંચ છે ત્યાં આપણે પરમ તત્ત્વની અવસ્થા સાથે સંપૂર્ણ એકાકાર થઇએ છીએ. તેમ છતાં કેન્દ્ર સાથે સંપૂર્ણ લય પામવાનું શક્ય નથી કે જેથી ઇશ્વર અને આત્મા વચ્ચે નામ માત્રનો તફાવત ચાલુ રહે. માનવ સિદ્ધિની આટલી હદ છે અને જો તેણે ઇશ્વર સાક્ષાત્કારના માર્ગમાં સૌથી વધુ પ્રગતિ કરવી હોય તો શરૂઆતથી જ તેણે પોતાની દ્રષ્ટિ તેના ઉપર સ્થિર કરવી જોઇએ. દુનિયાના સંતો અને યોગીઓ પૈકી ઘણા ઓછાને આનો કાંઇક ખ્યાલ આવ્યો હતો. ઘણા દાખલાઓમાં તેમની સૌથી વધુ પહોંચ બીજા કે ત્રીજા વર્તુળ સુધી જ હતી અને કમનસીબી તે છે કે આવા પ્રાથમિક તબક્કે પણ ક્યારેક તેઓ તેમની સિદ્ધિઓ ઘણી મહાન હોવાનું સમજતા હતા. એવા કહેવાતા દિવ્યતાના મહાન જાણકારો કે જેમણે પૂર્ણતા મેળવી હોવાનું કહેવાય છે અને અજ્ઞાન લોકો જેમના બાહ્ય રૂપ - રંગ તથા વૈભવ જોઇને જેમની પરખ કરે છે, તેમના માટે મેં આ બધું જણાવ્યું છે કે જેથી લોકો તેમના વિશે નિર્ણય કરી શકે.

◆ ◇ ◆ ◇ ◆

૩. સાધન અને ઉપાય

આપણું ધ્યેય નક્કી કર્યા પછી, આપણી સામે બીજી સમસ્યા તે ધ્યેયની પ્રાપ્તિ માટેના સાધનો શોધવાની છે. ઋષિઓ અને આચાર્યોએ આ વિષય ઉપર ઝીણવટપૂર્વક ધ્યાન આપ્યું છે. તેમણે જેને અંતિમ ધ્યેય તરીકે બતાવ્યું, તેની પ્રાપ્તિ માટે મદદરૂપ થઇ શકી તેવા અભ્યાસ કે સાધનાના અનેક પ્રકારો તેમણે નક્કી કર્યા છે. પણ ઇશ્વર કે જે કલ્પના બહારના પૂર્ણ અથવા પરબ્રહ્મ છે તેની પ્રાપ્તિ માટે આપણે એવા સાધનો અપનાવવા જોઇએ કે જે આપણને સંપૂર્ણ અનસ્તિત્વ (શૂન્ય) તરફ દોરી જાય. આપણા જીવનનું ધ્યેય કે જેની ચર્ચા આગલા પ્રકરણમાં કરી છે, તે છેલ્લો તબક્કો છે અને જ્યાં આપણે અતિ ક્રિયાશીલ કેન્દ્ર કે શૂન્યની સૌથી વધુ નજીક હોઇએ છીએ. તે સમગ્ર સર્જનનું ઉત્પત્તિ સ્થાન છે અને મહાપ્રલય પછી છેવટે બધું જ તેમાં સમાઇ જવાનું છે. આ અવસ્થા પ્રાપ્ત કરવા માટે આપણે પોતાની જાતે શૂન્ય બનવું પડે છે. આપણે મહાપ્રલય વખતે કુદરતી રીતે તે બિંદુએ પહોંચીશું તેમાં જરા પણ શંકા નથી પણ આપણી જાતને અસંખ્ય જન્મોના દુ:ખોથી બચાવવા માટે શક્ય તેટલું જલદી તે બિંદુએ પહોંચવાનો આપણે અથાગ પ્રયત્ન કરીએ છીએ. દરેક વસ્તુને પોતાના ઉત્પત્તિ સ્થાન (કેન્દ્ર) તરફ પાછા જવા માટે જેમ મહાપ્રલય કે સંપૂર્ણ વિનાશ જરૂરી છે તે પ્રમાણે તે કેન્દ્રમાં પાછા જવા માટે આપણે આપણો પ્રલય કરવો જોઇએ, જેથી અસંખ્ય જન્મો કે દુ:ખોમાંથી આપણી જાતને બચાવી શકીએ. એનો અર્થ એવો થાય કે આપણે આપણી પાસે જે કાંઇ હોય તેનાથી મુક્ત થવું જોઇએ અને સર્જન સમયે હતું તેવું નગ્ન (શુદ્ધ)

સ્વરૂપ ધારણ કરવું જોઇએ. આપણી જંજાળ એ સંસ્કારોનો ઢગલો અને તેની સાથે જટિલતાઓ તેમજ વિવિધ આવરણોના રૂપમાં તેના પરિણામની અસરો છે કે જે (સંસ્કારો) આપણે આત્માની આસપાસ એકઠા કર્યા છે અને જે આપણા વિચારો અને કાર્યોનું પરિણામ છે. આપણી પાસે માનસિક અને બૌદ્ધિક શક્તિઓ છે કે જે બધી કાર્યશીલ છે. આપણું મગજ આપણી શારીરિક ક્રિયાઓનું સંચાલન કરે છે. આપણે જોઇએ છીએ, સાંભળીએ છીએ, અનુભવ કરીએ છીએ અને વસ્તુઓને સમજીએ છીએ. આપણે તેમને પસંદ કે નાપસંદ કરવાની શરૂઆત કરીએ છીએ. ઇચ્છાઓ ધીરે ધીરે (મનની) અંદર પ્રવેશવાનું શરૂ કરે છે અને આપણાં કાર્યો ઉપર તે અસર પહોંચાડે છે. ઇચ્છાઓના વમળો અનેક ઘણાં થતાં જાય છે. અને આપણે ઇચ્છાઓને સંતોષવા માટે મહેનત કરીએ છીએ. જ્યારે એક ઇચ્છા સંતોષાય છે ત્યારે સામાન્ય રીતે તેની જગ્યા પુરવા તે બીજી ઇચ્છા પેદા કરે છે. આપણે એક ક્ષણ માટે પણ તેમાંથી ભાગ્યે જ છૂટકારો પામીએ છીએ. આપણે લગભગ બધી વસ્તુઓ તેને મેળવવાના હેતુથી જ જોઇએ છીએ. આ ઇચ્છાઓ આપણી શારીરિક અને માનસિક કાર્યોને ઘડે છે અને તેથી સંસ્કારો બને છે અને આત્મા ઉપર વધારે અને વધારે આવરણોનો ઉમેરો થાય છે. દર ક્ષણે ઉત્પન્ન થતી નવી ઇચ્છાઓ અને તેને સંતોષવાના આપણા પ્રયત્નો તેમાં સતત ઉમેરો કરે છે. આવા સંસ્કારોના આવરણોના આપણા કારણ શરીર (આત્મા) ઉપર ત્યાં સુધી રહે છે કે જ્યાં સુધી ભોગની પ્રક્રિયા દ્વારા તેઓને ભૂંસી નાખવામાં આવે નહિ. દરેક ક્ષણે નવા બનતા બધા સંસ્કારોના ભોગનો અંત સામાન્ય રીતે આખી જિંદગી દરમિયાન લાવવો શક્ય નથી. આવી રીતે જ્યારે આપણી જિંદગી પૂરી થાય છે ત્યારે પણ આપણી પાસે ભવિષ્ય

માટેનો સંસ્કારોનો મોટો જથ્થો હોય છે. આ જ સંસ્કારો આપણા પુનર્જન્મનું કારણ બને છે. જેથી આપણા સંસ્કારોના ભોગ પૂર્ણ કરવાની આપણને તક મળે છે. પરંતુ કમનસીબે તેમણે પૂર્ણ કરવાને બદલે તેનાં કરતાં વધારે આપણે ઉમેરીએ છીએ.

આપણા દુઃખો અને વ્યથાઓથી આપણા માર્ગમાં બીજો ગંભીર અવરોધ પેદા થાય છે. દુનિયામાં લગભગ દરેક વ્યક્તિ પોતાના ઉપર આવી પડેલ દુઃખોની ફરિયાદ કરે છે અને તેને દૂર કરવા માગે છે. પણ તે સાચા સાધનની અવગણના કરે છે. તે એમ માને છે કે ઇચ્છાઓને સંતોષવી તે દુઃખો દૂર કરવાનો એકમાત્ર માર્ગ છે, પણ તે સાચો ઉકેલ નથી. દુઃખો સામાન્ય રીતે તિરસ્કારવા યોગ્ય મનાય છે પરંતુ એવા પણ સંતો થયા છે કે જેમણે સ્વેચ્છાએ દુઃખોને વરદાન સમજીને આવકાર્યા છે અને તેના માટે ઇશ્વરને વારંવાર પ્રાર્થના કરી છે.

જો આપણે દુઃખોના મૂળમાં અવલોકન કરીએ તો તે સમસ્યાનું રહસ્ય સમજાશે. સૃષ્ટિનું સર્જન કરવાની ઇશ્વરની ઇચ્છાના પરિણામે આત્મામાં ચેતના આવી. તે જ પ્રમાણે આત્માએ પોતાની નાનકડી દુનિયાનું સર્જન કરવાનું શરૂ કર્યું અને પોતાની સર્જેલી વસ્તુઓથી પોતે ઘેરાઇ ગયો. હવે સ્પન્દન અને ગતિ (એટલે અસ્થિરતા અને ચંચળતા) સૃષ્ટિના સર્જનનું મુખ્ય કારણ હતું. તે જ પ્રમાણે આત્માના નાનકડાં સૃષ્ટિ સર્જન માટે પણ સ્પન્દન કે ગતિ તદ્દન અનિવાર્ય છે. આપણી પાસે પણ ઇચ્છાશક્તિનું બળ છે કે જેનો આ સર્જન ઊભું કરવાના જરૂરી સાધનોને શક્તિ આપવા માટે આપણે ઉપયોગ કરીએ છીએ. તે સાધનો આપણી સામે આનંદ કે શોક અને સુખ કે દુઃખના સ્વરૂપે પ્રગટ થાય છે. મન પણ સતત કાર્યશીલ રહેતું હોવાથી આપણામાં તે એકના માટે

રુચિ અને બીજાને માટે અરુચિ ઉત્પન્ન કરે છે અને એક જ વસ્તુના બે છેડાનો પરિચય કરાવે છે. આ રીતે દુઃખો પેદા થાય છે. આ બધું માનવ મનનું સર્જન છે કે જે વસ્તુઓ વચ્ચેના સાચા સંબંધ વિષેના આપણા અજ્ઞાનનું પરિણામ છે. આપણી વાસનાઓ, લાગણીઓ અને ઉદ્વેગ પણ તકલીફોને વધારવામાં ખૂબ જ ફાળો આપે છે અને ક્યારેક એવું ભયાનક તોફાન ઉત્પન્ન કરે છે કે જે સંપૂર્ણ વિનાશનો ભય પેદા કરે છે. આપણે સામાન્ય રીતે સંજોગોને તેનું કારણ માનીએ છીએ પણ આ એક ખોટી માન્યતા છે. મન એ માનવીના માનવ શરીર રૂપે થયેલા આ બાહ્ય વિસ્તરણનું કેન્દ્ર છે અને જે કાંઇ શરીરના માધ્યમ દ્વારા પ્રદર્શિત થાય છે. જો આપણું મન સમતાની સ્થિતિમાં આવી જાય તો તેના ઉપર સંજોગો અને વાતાવરણની કોઇ અસર થશે નહિ અને મનની અંદર કોઇ જાતની અશાંતિ હશે નહિ, બધા સંજોગોમાં શાંતિ અને સ્વસ્થતાનું સામ્રાજ્ય બધે જ સ્થપાશે. વાસનાઓ, ઉત્તેજનાઓ અને ઇચ્છાઓ તેમની તીવ્રતા ગુમાવી દેશે અને શોક, આનંદ કે દુઃખ આપણા ખ્યાલમાંથી અદ્રશ્ય થઇ જશે. આપણી ઇચ્છાઓ દુઃખોનું મુખ્ય કારણ છે, તેથી દુઃખોનું એક માત્ર નિવારણ ઇચ્છાઓ ઓછી કરવી તે છે. ઇચ્છાઓ જેટલી ઓછી તેટલા આપણા દુઃખો ઓછા થશે. પરંતુ ઇચ્છારહિત બનવું તે એક બીજી સમસ્યા છે. ઇચ્છાઓ એક જાળ બનાવે છે કે જેમાં આપણે ગૂંચવાઇ જઇએ છીએ. તેમાંથી છૂટવાનો આપણે જેટલો વધારે પ્રયત્ન કરીએ છીએ તેમ જાળના તાંતણા વધુ મજબૂત બને છે. આ ગૂંચવણોમાંથી આપણી જાતને મુક્ત કરવા માટે આપણું ધ્યાન તેમાંથી ફેરવીને મૂળ સત્ય ઉપર જ આપણી દ્રષ્ટિ સ્થિર કરવી તે ફક્ત એક જ રસ્તો છે. જો આપણે તેના તરફ દુર્લક્ષ સેવવાની વૃત્તિ કેળવીએ તો તે જલદીથી આપણા

ખ્યાલમાંથી નીકળી જવાની શરૂઆત કરશે અને પરિણામે આપણા દુઃખો ઓછા થશે. સત્ય એકલું જ આપણી દ્રષ્ટિ સમક્ષ સતત રહેશે અને બીજી બધી વસ્તુઓ પોતાનું આકર્ષણ અને મહત્ત્વ ગુમાવી દેશે.

જીવનમાં પીડાઓ અને દુઃખોનો સંપૂર્ણ અભાવ અશક્ય અને અકુદરતી છે. હકીકતમાં, તે આપણા ભલા માટે છે.તેઓ રોગીની તબિયત સુધારવા માટે આપવામાં આવતી દવાની કડવી ગોળીઓ જેવા છે. સર્વોત્તમ વસ્તુનો પણ દુરુપયોગ મુસીબત પેદા કરે છે. દુઃખોની બાબતમાં પણ તેમ જ છે. દરેક વસ્તુનો યોગ્ય સમયે અને યોગ્ય રીતે કરેલો યોગ્ય ઉપયોગ લાંબે ગાળે ચોક્કસ સારા પરિણામ લાવનાર છે. દુઃખો ખરેખર આપણા ઉત્તમ માર્ગદર્શક છે અને તે આપણા માર્ગને સરળ બનાવે છે. જીવનના સામાન્ય ક્ષેત્રમાં રહેતા માનવીને દુઃખો તેના ઘડતર માટે ખૂબ જ મદદરૂપ થાય છે. દુન્યવી જીવનની ઘરેલું મુશ્કેલીઓ અને દુઃખોની ચર્ચા કરતાં મારા માલિક (સદ્‌ગુરુ) કહેતા ''આપણું ઘર ધૈર્ય અને સહનશીલતાની તાલીમ આપતું ક્ષેત્ર છે. ગૃહસ્થ. જીવનની મુશ્કેલીઓને શાંતિપૂર્વક સહન કરવી તે આપણા માટે મહાન તપ છે કે જે તપના બીજા બધા પ્રકારોમાં સૌથી વધુ ઉમદા છે. આથી આ સંજોગોમાં આપણે જે કરવાનું છે તે ક્રોધ કે શોકની લાગણીના તાબે થવાનું નથી પણ આપણે જાતે જ ખોટા છીએ તેથી શાંત મનથી સહન કરવાનું છે એવું વિચારીને આપણે દલીલ રહિત વલણ અપનાવવું જોઇએ. જંગલમાં એકાંતવાસ અને દુન્યવી બધી બાબતોથી અતડાપણું કેટલીક વ્યક્તિઓ માટે ધીરજ અને સહનશીલતા વિકસાવવાના સાધનો બની શકે પરંતુ આપણા મિત્રો અને સગાં સંબંધીઓના મહેણાંટોણાં આપણા માટે સૌથી મોટું તપ અને સફળતાનું નિશ્ચિત સાધન છે.'' હકીકતમાં,

દુઃખો અને પીડાઓને શાંતિપૂર્વક સહન કરવું તે આપણી પ્રગતિમાં ઘણો ફાળો આપે છે તેથી તે આપણી પ્રગતિ માટે મૂલ્યવાન મૂડી છે. તેમનો દુરુપયોગ કરીને આપણે તેમની અસરને નષ્ટ કરીએ છીએ અને તેથી તેના ઉત્તમ લાભથી વંચિત રહી જઈએ છીએ.

ઈશ્વર પ્રાપ્તિમાં વૈરાગ્ય અથવા અનાસક્તિ એક શંકારહિત આવશ્યક તબક્કો છે અને જ્યાં સુધી આપણે અનાસક્તિ કેળવીએ નહિ ત્યાં સુધી માયાની જાળમાંથી આપણે કદી પણ છૂટી શકીશું નહિ, પણ તેનો અર્થ એવો નહિ કે ઘર, પરિવાર અને બધા દુન્યવી સંબંધોને તોડીને આપણે એક સન્યાસીનું જીવન અપનાવવું. વૈરાગ્ય પેદા કરવા માટે ઘર અને પરિવારથી દૂર જવું અને બધા દુન્યવી સંબંધોનો ત્યાગ કરી એકાંતવાસ કરવો તે એક માત્ર સાધન છે એવો વિચાર ધરાવતા લોકો સાથે હું સંમત થતો નથી. આવા બાહ્ય દબાણથી આણેલો વૈરાગ્ય ભાગ્યે જ સાચો હોવાનું જણાય છે. કારણ કે તેમાં એવો સંભવ છે કે તેમનો દબાણવશ કરાયેલો દુનિયાનો દેખીતો ત્યાગ હોવા છતાં હજી પણ આંતરિક રીતે તેઓ તેને વળગી રહ્યા હોય, નિઃસંદેહપણે એક ગૃહસ્થ તરીકે આપણે ઘણી બધી બાબતોની સંભાળ રાખવી પડે છે. આપણે આપણા કુટુંબનું પાલન પોષણ કરવાનું હોય છે, આપણાં બાળકોના શિક્ષણની જોગવાઈ કરવાની હોય છે, તેમની માગણીઓ અને જરૂરિયાતો સંતોષવી પડતી હોય છે અને તેમને ગરમી, ઠંડી, દુઃખ તેમજ રોગ વિગેરેથી બચાવવાના હોય છે. આ બધી જરૂરિયાતો માટે આપણે પૈસા કમાઈએ છીએ અને ધન સંપત્તિ ભેગી કરીએ છીએ. આ બધી વસ્તુઓ કે જેની સાથે આપણે સંકળાયેલા છીએ તે માટેની બિનજરૂરી આસક્તિ જ સાચું અનિષ્ટ છે. આ જ આપણા દુઃખોનું મુખ્ય કારણ છે.

પરંતુ જો આપણે જીવનમાં બધાં કાર્યો કોઈ પણ જાતનો ગમો કે અણગમો રાખ્યા વગર ફક્ત આપણી ફરજ સમજીને કરીએ તો આપણે એક રીતે દુન્યવી બંધનોમાંથી મુક્ત છીએ અને આપણે ઘણી વસ્તુઓના માલિક હોવાં છતાં તેમજ તેનો ઉપયોગ કરતાં હોવાં છતાં પણ સાચા અર્થમાં આપણે દુનિયાનો ત્યાગ કર્યો છે. આપણી માલિકીની બધી વસ્તુઓ પછીથી ઈશ્વરે સોંપેલા કાર્યો કરવા માટે સમર્થ સદ્‌ગુરુની પવિત્ર થાપણ જેવી લાગશે. વૈરાગ્ય એટલે સાચા અર્થમાં દુન્યવી વસ્તુઓ તરફ અનાસક્તિ, નહિ કે તેનો ત્યાગ. આમ ગૃહસ્થ જીવનમાં વસ્તુઓની માલિકી અને દુન્યવી સંબંધો રાખવા અનિવાર્ય છે, તે વૈરાગ્યના માર્ગમાં અડચણરૂપ નથી અને પરિણામે સાક્ષાત્કારના માર્ગમાં પણ, જો વ્યક્તિ સંબંધિત વસ્તુઓ સાથે વધુ પડતી આસક્તિથી જોડાય નહિ તો, આખું જીવન ગૃહસ્થી તરીકે વીતાવ્યું હોવા છતાં ઉચ્ચતમ કક્ષાની પરિપૂર્ણતાએ પહોંચ્યા હોય એવા સંતોના અસંખ્ય દાખલાઓ છે.

હકીકતમાં વૈરાગ્ય એક અવસ્થા અથવા મનની એક આંતરિક સ્થિતિ છે કે જે વસ્તુઓની ક્ષણભંગુરતા અને તેના બદલાતા રહેવાના ગુણનું ભાન કરાવે છે. તેની નજર દરેક ક્ષણે અપરિવર્તનશીલ અને શાશ્વત એવા પરમ તત્ત્વ (સત્ય) તરફ મંડાયેલી રહે છે અને તેથી તે ગમા અને અણગમાની લાગણીથી મુક્ત રહે છે. આ જ સાચા અર્થમાં વૈરાગ્ય છે. જ્યારે આપણે મનની આવી સ્થિતિ પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણે ઈચ્છાઓથી મુક્ત થઈએ છીએ. આપણ ને જે કાંઈ મળે છે તેનાથી આપણે સંતોષ અનુભવીએ છીએ. ઈચ્છાઓનો અંત એટલે સંસ્કારો બનવાનું બંધ. હવે કેવળ અગાઉ બનેલા સંસ્કારોના ભોગ ભોગવવાનું જ બાકી રહે છે અને આપણે આપણા જીવન દરમિયાન તે પૂરા કરવાના છે. કારણ શરીર

પરથી આપણા વિચારોની અને કાર્યોની અસર દૂર કરવા માટે, ભોગ ભોગવવાનું ક્ષેત્ર તૈયાર કરીને કુદરત પણ આપણને મદદ કરે છે. જ્યારે આ આવરણો લુપ્ત થાય છે ત્યારે આપણે અસ્તિત્વના સૂક્ષ્મતર સ્વરૂપો ધારણ કરવાનું શરૂ કરીએ છીએ.

આપણા વિચારો અને કાર્યોને કાબૂમાં રાખવા માટે આપણે આપણું ચંચળ મન કે જે એક ક્ષણ માટે પણ કદી શાંત હોતું નથી તે મનની યોગ્ય પ્રવૃત્તિ તરફ ધ્યાન આપવાનું હોય છે. આવા મનની બાબતમાં ધર્મગુરુઓને તેને સૌથી વધુ કડવા શબ્દોમાં ભાંડતા તેમજ તેના માટે બધા ખરાબ શબ્દો વાપરતા અને તેને મનુષ્યનો સૌથી ખરાબ દુશ્મન જાહેર કરતા મેં સાંભળ્યા છે. તેનું કારણ તદન સ્પષ્ટ છે. તેઓ તેને આપણી અંદર રહેલા બધા અનિષ્ટોનું કારણ સમજે છે અને એટલા માટે તેઓ લોકોને તેને કચડી નાખવા અને તેનું કહ્યું નહિ કરવાની સલાહ આપે છે. પરંતુ સામાન્ય રીતે મનની વિવિધ પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવાનું અથવા તેની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવાનું કામ લોકોને અઘરું લાગે છે. તેથી તેમની સૈદ્ધાંતિક સલાહ અને તે સંબંધી પ્રવચનો લોકોને વધુ ઉપયોગી થતા નથી અને ઘણું કરીને તેમના પ્રવચનો સાંભળનારમાંથી કોઇપણ વ્યવહારિક રીતે પોતાનું ધ્યેય કદી પ્રાપ્ત કરી શક્યા નથી. આ ઉપરાંત, વર્તમાન સંજોગો અને વાતાવરણ પણ વ્યક્તિતગત મનની હંમેશાં વધતી જતી પ્રવૃત્તિઓ તરફ સૌથી વધુ ફાળો આપે છે. આજે ગરીબી, બિનસલામતી, દુઃખ અને હરીફાઇની તીવ્ર સમસ્યાઓનો સામનો કરતાં પોતાની જિંદગીને હયાતિ માટેનો ઘોર સંઘર્ષ હોવાનું લગભગ દરેક જણ અનુભવે છે. અને તેની અસરોમાંથી પોતાની જાતને મુક્ત રાખવી તે લગભગ અશક્ય છે. મનની અશાંતિ તેમજ સતત અસ્થિરતા તેનું પરિણામ

છે. વાતાવરણમાંથી આપણે તેને જ શ્વાસમાં લઇએ છીએ અને પરિણામે સંજોગો અને આસપાસની પરિસ્થિતિથી દોરાઇ જઇએ છીએ. આપણું વ્યક્તિગત મન વાયુની દિશા બતાવતા યંત્ર જેવું બની ગયું છે કે જે પવનના દરેક સપાટાએ તે જ દિશામાં પવન વહેતો હોય તે દિશા તરફ પોતાનું મોંઢું ફેરવે છે. આ સંઘર્ષમાં ખરો વીર તે જ છે કે જે આ બધાનો હિંમતપૂર્વક સામનો કરે છે અને પોતાની જાતને તેમની અસરમાંથી મુક્ત રાખે છે.

જે લોકો એવું કહે છે કે દરેક અનિષ્ટનું મૂળ મન છે અને તેથી તે એકલું જ તે માટે જવાબદાર છે, તેમની સાથે હું નિઃશંકપણે સંમત થાઉં છું; તેમ છતાં સાથે સાથે હું તેમને યાદ દેવડાવું છું કે, તે જ મન આપણને સદ્‌ગુણ તરફ દોરી જાય છે અને ઉચ્ચતમ આત્મજ્ઞાન કરાવવામાં મદદ કરે છે. આથી એકલા દરેક અનિષ્ટ જ નહિ પણ દરેક સાચી વસ્તુની શરૂઆત મનમાંથી જ થાય છે. આથી જે લોકો અતિ કડવા શબ્દોમાં તેને વખોડે છે તેમની પાસે તે માટે કોઇ વાજબી કારણ નથી. તે ખરેખર જરૂર છે તે મનને કચડી નાખવાની કે મારી નાખવાની નથી પરંતુ તેને ફક્ત યોગ્ય તાલીમ આપવાની છે. મન ઘડિયાળના લોલક જેવું છે, જ્યાં સુધી લોલકની ગતિ નિયમબદ્ધ રહે ત્યાં સુધી ઘડિયાળ બરાબર ચાલે છે. જો તે અવ્યવસ્થિત થઇ જાય તો ઘડિયાળ બગડે છે. તે જ પ્રમાણે માનવરૂપી આ ઘડિયાળ માટે પણ મનની ગતિને સાચી રીતે નિયમબદ્ધ અને વ્યવસ્થિત રાખવી તે જરૂરી છે. મનને ઘડવાના અને તેની પ્રક્રિયાઓને નિયમબદ્ધ કરવાના ઉપાયો પણ ઘણા સરળ છે. હકીકતમાં, નવરાશના સમયમાં મનને હેતુ વિના આમતેમ ભટકવા દઇને આપણે આપણી જાતે જ તેને બગાડ્યું છે. આવી ટેવ વર્ષો સુધી ચાલુ રહી છે અને હવે તે ટેવ ઘણું

ખરું મનના બીજા સ્વભાવ જેવી થઇ ગઇ છે. હવે જો આપણે મન પર અંકુશ મૂકીને તેને કાબૂમાં રાખવા પ્રયત્ન કરીએ તો તેમાં આપણને ઘણી ઓછી સફળતા મળે છે. આપણે બળપૂર્વક તેને જેટલું વધારે દબાવવા પ્રયત્ન કરીએ તેટલું જ તે વધારે પાછું ઉછળે છે અને વધારે અશાંતિ પેદા કરીને પ્રત્યાઘાતો પાડે છે. મનની પ્રવૃત્તિઓને કાબૂમાં રાખવાની યોગ્ય રીત, આપણે ધ્યાનમાં જેમ કરીએ છીએ તેમ, તેને એક પવિત્ર વિચાર ઉપર સ્થિર કરવું અને તેમાંથી બધી જ બિનજરૂરી અને નકામી વસ્તુઓને દૂર કરવી તે છે. કેટલાક સમયના સતત અભ્યાસ પછી, મન શિસ્તબદ્ધ અને વ્યવસ્થિત થાય છે અને ઘણી બધી આંતરિક અશાંતિ દૂર થઇ જાય છે. બિનજરૂરી વિચારોમાંથી છૂટવાનો સર્વોત્તમ ઉપાય એ છે કે આપણે તેમની સાથે વણનોંતર્યા મહેમાન જેવું વર્તન કરવું અને તેમના તરફ બેદરકારક રહેવું. પછીથી તેઓ પાણી પાયા વગરના છોડની જેમ કરમાઇ જશે અને અંતે તે જ પવિત્ર વિચારનું વર્ચસ્વ રહેશે. આવી સ્થિતિની પ્રાપ્તિ માટેનો એક માત્ર ઉપાય કોઇ એક સમર્થ સદ્‌ગુરુના માર્ગદર્શન હેઠળ ધ્યાન ધરવું તે જ છે. ધ્યાનના સતત અભ્યાસથી મન શાંત અને સ્થિર થશે અને બિનજરૂરી વિચારો આપણને હેરાન કરતા બંધ થશે.

નવા અભ્યાસીઓને ધ્યાન દરમિયાન મનના ભટકતા રહેવાની બાબતમાં ફરિયાદ કરતાં હું ઘણીવાર સાંભળું છું. તેઓ એવું ઇચ્છે છે કે તેમના ધ્યાન કરવાના પહેલા દિવસથી જ મન સ્થિર રહેવું જોઇએ પરંતુ જ્યારે વિવિધ ખ્યાલો અને વિચારો તેમના મનમાં ઘુમરાય છે ત્યારે તેઓ ખૂબ વ્યથા અનુભવે છે. મારે તેમને ચોખવટ કરવી જોઇએ કે આપણા અભ્યાસમાં મનને વિચારોથી સ્થગિત કરવાનું નથી પરંતુ તેની વિવિધ પ્રવૃત્તિઓને ફક્ત વ્યવસ્થિત

કરવાની છે. આપણે તેના સ્વાભાવિક કાર્યને રોકવા માગતા નથી. પરંતુ તેને ફક્ત વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ સ્થિતિમાં લાવવા માગીએ છીએ. જો શરૂઆતથી જ મનની પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવે તો આપણને કદાચ ધ્યાન કરવાની બિલકુલ જરૂરિયાત રહેશે નહિ. ધ્યાન તો તે ઉદ્દેશની પ્રાપ્તિ માટેની એક માત્ર પ્રક્રિયા છે. સમય જતાં ધ્યાનનું સહજ પરિણામ એકાગ્રતા છે. ધ્યાન ધરતી વખતે આપણા મનમાં આવતા બહારના ખ્યાલો અને વિચારો તરફ બધો સમય તદન બેદરકાર રહીને ધ્યાન ધરવું એ જ યોગ્ય રીત છે. બિનજરૂરી વિચારોને દૂર રાખવા માટે કરેલો માનસિક સંઘર્ષ મોટેભાગે અસફળ પુરવાર થાય છે. કારણ કે તે એવો ભારે પ્રત્યાઘાત પેદા કરે છે કે તેના ઉપર કાબૂ મેળવવાનું સામાન્ય શક્તિવાળા માણસ માટે મોટે ભાગે અશક્ય છે અને ક્યારેક તે ગંભીર માનસિક અશાંતિ કે ગાંડપણમાં પણ કદાચ પરિણમે છે. જેમણે બ્રહ્મચર્ય પાળીને પૂરતું ઓજસ (તેજ) પ્રાપ્ત કર્યું છે તેમના માટે વિચારોના પ્રવાહોને સફળતાપૂર્વક સંભાળી લેવાનું અને તેના પ્રત્યાઘાતની અસરનો સામનો કરવાનું શક્ય છે પરંતુ સામાન્ય માણસ માટે તે મોટેભાગે અશક્ય જ છે. જો વિચારોને દૂર રાખવા માટે સંઘર્ષ કરવાને બદલે આપણે તેમના તરફ ફક્ત બેધ્યાન જ રહીએ તો તેઓ બહુ જલદી પોતાની અસર ગુમાવશે અને આપણને હેરાન કરવાનું બંધ કરશે, અને કોઇની પરવા કર્યા સિવાય આગળ જતી વણઝારની પાછળ ભસતા કુતરા જેવા તેઓ બની રહેશે.

આજકાલ અમુક લોકો દ્વારા આગળ ધરાતું સામાન્ય બહાનું એ છેકે તેઓ બહુ કામમાં રોકાયેલા હોવાથી ધ્યાન કે તેવા બીજા અભ્યાસ માટે સમય કાઢી શકતા નથી, પરંતુ જાણીતી કહેવત છે કે ''સૌથી વધુ કાર્યરત માણસને કામ કરવાનું હોય છે તેના કરતાં વધુ સમય તેની પાસે હોય

છે. સમયના અભાવની તેમની ફરિયાદ કેવળ સમયની ખોટી વ્યવસ્થાને કારણે હોય છે. જો આપણે ઉત્તમ ફાયદાકારક રીતે આપણો સમય વાપરીએ તો સમય ઓછો છે કે અપૂરતો છે તેવી ફરિયાદ કરવાનું આપણને કદાપી કોઇ કારણ રહેશે નહિ. બીજા કેટલાક ખુલ્લા દિલે એવો એકરાર પણ કરે છે કે તેઓ ભક્તિભાવ પૂર્વક અભ્યાસ નથી કરતા તેનું કારણ સમયનો અભાવ નહિ પણ પોતાની હંમેશની બેદરકારી અને આળસ કે જે તેઓ દૂર કરી શકતા નથી તે છે, આ બધાને હું કહીશ કે તેઓ તેમના વેપાર કે વ્યવસાયમાં કદાપિ બેદરકાર હોતા નથી. અને તેઓ પોતાની અંગત અગવડ અને માંદગી પણ હોવા છતાં પૂરા ઉત્સાહથી તેના તરફ ધ્યાન આપે છે કારણ કે કોઇ આર્થિક લાભ કે નફો ખ્યાલમાં હોય છે. ભૌતિક લાભની તેમની ઇચ્છા તેમની અગવડ કે માંદગી પરત્વે તેમને બેદરકાર બનાવે છે. તેવી જ રીતે જો સાક્ષાત્કારના ધ્યેયની પ્રાપ્તિની આપણી લગન મહત્વની હોય તો આપણી બેદરકારી અને આળસુ ટેવો આપણા પ્રયત્નો કે પ્રગતિમાં બાધક થશે નહિ. જો આપણે પ્રાચીન ઋષિઓના ઇતિહાસમાં નજર નાખીએ તો આપણે જોઇશું કે પરમ તત્વની પ્રાપ્તિ માટે તેમણે જીવનની તમામ સગવડોનો ભોગ આપ્યો હતો. તેમણે સંયમી અને તપસ્વી જીવન ગાળ્યું હતું અને પોતાના હૃદયને ઘણું પ્રિય એવા લક્ષ્યને માટે દરેક પ્રકારની મુશ્કેલી અને તકલીફ સહન કરી હતી. ધ્યેય પ્રાપ્તિ માટેની તીવ્ર તડપે તેમને બીજી દરેક વસ્તુ તરફ અંધ બનાવી દીધા હતા અને તેમના માર્ગમાં આવતી મુશ્કેલીઓ અને વિપરીત પરિણામોની અવગણના કરીને તેઓ પોતાના માર્ગ ઉપર દ્રઢ રહ્યા હતા. ધ્યેય માટેની આવી તીવ્ર તડપ અને લક્ષ્યને પહોંચવાનો દ્રઢ સંકલ્પ એ સંપૂર્ણ સફળતા માટે ખૂબ જરૂરી છે. હું તમોને ખાતરી આપું

છું કે જો તમે ફક્ત ઇશ્વર તરફ તમારું ધ્યાન વાળો અને સંકલ્પ, શ્રદ્ધા તેમજ વિશ્વાસથી આગળ વધો તો ગૃહસ્થી જીવનની બધી ચિંતાઓ અને દુઃખોથી ઘેરાઇને તમે ગમે તેવી વિપરીત સ્થિતિમાં મૂકાયા હશો તેમ છતાં તમે આધ્યાત્મિક ક્ષેત્રમાં યશ મેળવી શકશો. પછીથી તમારું કાર્યરત જીવન તમારા માર્ગમાં કોઇ અવરોધ ઊભો કરશે નહિ.

સામાન્ય રીતે પોતાની જાતને સાચી વસ્તુની (ઇશ્વર) પ્રાપ્તિ માટે ખૂબ અશક્ત અને નબળી સમજીને લોકો ઇશ્વર તરફ ખચકાતા મને જાય છે. શરૂઆતથી જ કરેલો અને અંત સુધી જાળવી રાખેલો દ્રઢ નિશ્ચય સંપૂર્ણ સફળતા મેળવવામાં કદાપિ વ્યર્થ જશે નહિ. જો માણસ આ ક્ષેત્રમાં દ્રઢ મનથી પ્રવેશ કરે તો અર્ધુ અંતર કપાઇ જાય છે. મુશ્કેલીઓ અને વિષાદો એક દ્રષ્ટિ માત્રથી દૂર થઇ જશે અને સફળતાનો માર્ગ સરળ બનશે. અનિશ્ચિત વલણથી પ્રયત્નો અધૂરા થશે અને તે સામાન્ય રીતે ફક્ત અંશતઃ સફળતામાં અથવા મોટે ભાગે નિષ્ફળતામાં પરિણમે છે. આપણો દ્રઢ નિશ્ચય આપણા કાર્યોની સિદ્ધિ માટે અજાણ્યા સ્ત્રોતોમાંથી આપમેળે શક્તિ ખેંચવામાં આપણને શક્તિમાન બનાવે છે. દ્રઢ નિશ્ચય સાથેની નિરંતર વધતી રહેલી લક્ષ્ય પ્રાપ્તિ માટેની ઝંખના કે આતુરતા આપણા પ્રયત્નની શક્તિમાં વધારો કરશે. તેથી આપણે આપણા આધ્યાત્મિક કલ્યાણ અને પ્રગતિને સહાયરૂપ સંકેતો મેળવતા રહીને તે જ સાચી વસ્તુ (પરમ તત્વ)ના સતત સંપર્કમાં રહીશું. આમ શક્ય તેટલા સૌથી ટૂંકા સમયમાં ધ્યેય પ્રાપ્ત કરવા માટેની અધીરાઇ કે સતત બેચેની મોટા પ્રમાણમાં સૌથી વધારે અગત્યની બાબત છે કે જે આપણી ઝડપી સફળતામાં મદદ કરે છે. જ્યાં સુધી આપણે આપણું સાચું ધ્યેય, શાશ્વત શાંતિ અને સ્થિરતા પ્રાપ્ત કરીએ નહિ ત્યાં સુધી આપણે એક ક્ષણ માટે પણ

આરામ કરવો જોઇએ નહિ. કોઇપણ વસ્તુ માટેની તીવ્ર ઇચ્છા, સ્વાભાવિક રીતે, તેના માટે બેચેની પેદા કરે છે અને આપણે જ્યાં સુધી તે ઇચ્છિત વસ્તુ મેળવતા નથી ત્યાં સુધી આપણને શાંતિ મળતી નથી. તેથી આવી બેચેની ઘણી અગત્યની વસ્તુ છે અને તેને કોઇપણ શક્ય રીતે વિકસાવવી જોઇએ. આમ શાશ્વત શાંતિ મેળવવા માટે આપણે પ્રાથમિક તબક્કામાં આપણામાં બેચેની અને અધીરાઇ પેદા કરીએ છીએ. જે વસ્તુ આપણે દૂર કરવા માગીએ છીએ તેને જ વિકસાવવાનું જ્યારે હું તમને કહું ત્યારે તે તમને દેખીતી રીતે વિચિત્ર લાગશે પણ ઝડપી અને ચોક્કસ સફળતા મેળવવા માટે આ એક માત્ર રસ્તો છે. આમ પેદા કરેલી બેચેની ક્ષણિક હોય છે અને મનની સામાન્ય બેચેની કરતાં તે જુદા પ્રકારની હોય છે. તે વધુ સૂક્ષ્મ અને વધુ આનંદદાયક હોય છે. તે દિવ્ય પ્રવાહને આપણા હૃદયમાં દાખલ થવાનો માર્ગ બનાવે છે અને ઇશ્વરના સામ્રાજ્ય તરફનો આપણો માર્ગ સરળ બનાવે છે. જો તમે કોઇ માણસને પાણીમાં ધકેલો તો તમે જોશો કે તે તમારી પકડમાંથી છૂટવા માટે મરણિયો પ્રયાસ કરે છે. તેનું કારણ ફક્ત એ છે કે પાણીની બહાર એકદમ નીકળવાની તેની અધીરાઇ તેના પ્રયત્નની શક્તિમાં વધારો કરે છે અને તે પાણીની બહાર નીકળે નહિ ત્યાં સુધી તે જંપતો નથી. આવી રીતે એકદમ ધ્યેયને પામવાની અતિશય ઉત્કંઠાથી પેદા થયેલા આવા મરણિયા પ્રયાસો સાક્ષાત્કારના માર્ગે આપણી ઝડપ વધારશે અને શક્ય તેટલા ઓછા સમયમાં સહેલાઇથી સફળતા અપાવશે. ઝડપી સફળતા માટે આ સૌથી સહેલું અને સૌથી વધુ સમર્થ સાધન છે.

મારા સાથીદારોએ તેમનામાં આવા પ્રકારની બેચેની પેદા કરવાની રીત અંગે વારંવાર મારી પાસેથી જાણવા માગ્યું

છે. હું તેમને કહું છું કે, લક્ષ્ય માટેનો તીવ્ર પ્રેમ તેમને આપોઆપ તે (બેચેની) તરફ દોરી જશે. જ્યારે આપણે તીવ્ર પ્રેમમાં હોઇએ ત્યારે પ્રેમપાત્રની પાસે પહોંચવા માટે આપણે સ્વાભાવિકપણે બેચેન બની જઇશું. જ્યારે આપણે કોઇ દુન્યવી ધ્યેય પ્રત્યે ઘણા પ્રેમમાં હોઇએ ત્યારે આપણા મનમાં વારંવાર તેનો ખ્યાલ આવે છે અને તેના વિશે વારંવાર વિચાર કરીએ છીએ. હવે આપણા હૃદયમાં ઇશ્વરીય પ્રેમ વિકસાવવા માટે આ પ્રક્રિયાને આપણે ફક્ત ઊલટાવી દેવાની છે. જો આપણે ઇશ્વરને વારંવાર અથવા દિવસના મોટે ભાગે યાદ કરીએ તો આપણે ઇશ્વર માટેના પ્રેમને આપોઆપ વિકસાવીશું અને જો તેને દિલથી ચાલુ રાખીશું તો આપણા હૃદયમાં વહેલામાં વહેલી તકે તેમની સાથે જોડાવા માટેની બેચેની પેદા કરીશું. ઇશ્વર પ્રત્યે પ્રેમ વિકસાવવાનો બીજો રસ્તો તમે પ્રેમી તરીકેનો ભાગ ભજવવાનું નાટક કરતા હોય તેમ વર્તવુ એ છે. પરંતુ જેઓ સૂક્ષ્મ સાધનો અપનાવવા માટે અશક્ત છે તેમના માટે જ આ રસ્તો છે. આ રસ્તો બનાવટી હોવા છતાં ટૂંકા ગાળામાં તમને સત્ય તરફ લઇ જશે અને સાચા પ્રેમ તેમજ બેચેનીની લાગણીઓ તમારા હૃદયને આકુળ વ્યાકુળ કરવાનું શરૂ કરશે.

સફળતા મેળવવા માટે આપણી પોતાની યોગ્યતા અને શક્તિમાં આત્મવિશ્વાસ હોવો તે સાક્ષાત્કાર માટે સૌથી મહત્ત્વની બાબત છે. ભૂતકાળના સૌથી મહાન ઋષિઓએ પણ અત્યાર સુધીમાં કોઇ વેળા પ્રાપ્ત કરેલી ઉચ્ચતમ સંપૂર્ણતાની અવસ્થા મેળવવા માટે આપણે કોઇપણ રીતે નબળા કે અયોગ્ય છીએ તેવું એક ક્ષણ માટે પણ વિચારવું તે ખોટું છે. પરંતુ આપણે એક બહાદુર સૈનિકની માફક મુશ્કેલીઓ કે પરાજયની જરા પણ ચિંતા રાખ્યા સિવાય સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી સાક્ષાત્કારના માર્ગે આગળ વધવું

જોઇએ. નિરૂત્સાહ અને નિરાશાઓ આપણી ઇચ્છાશક્તિને નબળી પાડે છે અને આપણી મક્કમતાને તોડી નાંખે છે. આપણે પરાજયનો મજબૂત હૃદયથી સામનો કરવો જોઇએ અને નિરાશાની ભાવનાને આપણી અંદર દાખલ થવા દેવી જોઇએ નહિ કારણ કે આધ્યાત્મિક જીવનમાં નિરાશા સૌથી મોટી ખામી છે તેમજ ઘાતક ઝેર છે.

આધ્યાત્મિક સાધનામાં રત રહેનાર માણસના ઘડતરમાં આવશ્યક ગુણોમાંનો એક ગુણ સમભાવ છે. તે એક અત્યંત વ્યાપક અર્થમાંનો શબ્દ છે અને તે માનવીય પ્રવૃત્તિના દરેક પાસાને આવરી લે છે. આનો અર્થ, જે તે સમયે કોઇ ખાસ હેતુ માટે સહજપણે જેટલું જરૂરી હોય તેથી જરાપણ વધુ કે ઓછું નહિ અને મન ઉપર તેની જરા પણ અસર થાય નહિ એવી બધી ચિત્તવૃત્તિઓનું સમતુલન જાળવવું એ થાય છે. આજે સામાન્ય રીતે આપણને લગભગ બધી બાબતોમાં મિત વ્યવહારનો અભાવ દેખાય છે. આનું મુખ્ય કારણ એ છે કે આપણી નજર સમક્ષ જે કાંઇ વસ્તુઓ આવે તેને આપણે બિનજરૂરી મહત્ત્વ આપીએ છીએ અને તેને આપણી વિચાર શક્તિથી બળવાન બનાવીએ છીએ અને તેના પરિણામે બીજા બધા કરતાં તે વધારે બળવાન બને છે. આપણે આવી ટેવ પાડીએ છીએ અને તે ટેવ જુદી જુદી વસ્તુઓને ઓછી વત્તી તીવ્રતાથી લાગુ પાડીએ છીએ. આના પરિણામે અશાંતિ અને માનસિક સંઘર્ષ સિવાય બીજું કાંઇ પેદા થતું નથી અને તે આપણી બધી મુશ્કેલીઓ અને દુ:ખોનું મૂળ કારણ છે. જ્યાં સુધી મિત વ્યવહાર અને સમતુલન પુન: સ્થાપિત ના થાય ત્યાં સુધી સાક્ષાત્કાર થવો શક્ય નથી. આ સ્થિતિ, સર્જન સમયે જ્યારે દરેક વસ્તુ સંપૂર્ણ સમતોલ સ્થિતિમાં હતી, બરોબર તેના જેવી સ્થિતિ સાથે બહુ મળતી આવે છે. સૃષ્ટિના સર્જન પછી સમય

જતાં તેમાં અધોગતિ થવા લાગી. આપણી ઇન્દ્રિયો અને વૃત્તિઓએ સમતુલા ગુમાવી દીધી અને દરેક વસ્તુ અસ્ત વ્યસ્ત થઇ ગઇ. તેમાં ફરીથી સમતુલા લાવવા માટે આપણી ઇન્દ્રિયો અને વૃત્તિઓ ઉપર આપણે કાબૂ રાખવાનો છે. મિત્ત વ્યવહાર કેળવવા માટે આપણે જીવનના બાહ્ય આચરણ ઉપર પણ ખાસ ધ્યાન આપવાનું છે. દા.ત. નમ્ર અને વિવેકી વાણી, વિનયી વ્યવહાર, સાથીદારો પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ, વડીલો પ્રત્યે આદર, વેરવૃત્તિ વગરનો સ્વભાવ વિગેરે. આ આદતો આપણા ઘડતરમાં ઘણી મદદરૂપ હોય છે. સમભાવ એ કુદરતનો એક સ્વાભાવિક ગુણ છે. જો આપણે સંપૂર્ણ સમભાવ પ્રાપ્ત કરીએ તો આપણે એક રીતે કુદરતની સાથે એક રૂપ થઇએ છીએ અને આ આધ્યાત્મિકતાનું સાચું સત્વ છે.

છેલ્લે સફળતા માટેનું અત્યંત મહત્ત્વનું અને કદિ નિષ્ફળ ના જાય તેવું સાધન પ્રાર્થના છે. તે આપણું જોડાણ ઇશ્વર સાથે કરી આપે છે કે જેને આપણે પ્રેમ અને ભક્તિપૂર્વક આપણી જાતનું સમર્પણ કરીએ છીએ. પ્રાર્થનામાં આપણી સાચી સ્થિતિની રજૂઆત કરીને અને તેની ઇચ્છાને સંપૂર્ણ આધીન થઇને નમ્ર સેવક તરીકે તેના સામે આપણે ઊભા રહીએ છીએ. આ જ પ્રાર્થનાનું સાચું સ્વરૂપ છે. અને એક સાચા ભક્ત તરીકે ઇશ્વરની ઇચ્છામાં આપણે પણ સંતોષ માનવો જોઇએ. જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતો પૂરી ન થવાના કારણે મન ખૂબ જ અશાંત થઇ જાય તેવી અસાધારણ પરિસ્થિતિઓ સિવાય બીજા નજીવા દુન્યવી લાભ માટે ઇશ્વરને પ્રાર્થના કરવી તે મૂર્ખતા છે. આપણે પોતાની જાતને પણ ભૂલીને તેના (ઇશ્વરના) પ્રેમ અને શરણાગતિમાં સંપૂર્ણ ડૂબેલા મનથી, સર્વશક્તિમાન અને સર્વજ્ઞ એવા સર્વોપરિ માલિક (ઇશ્વર) એકલાને જ હમેશાં પ્રાર્થના

કરવી જોઇએ. પ્રાર્થના કરવાની આ એક સાચી રીત છે અને આવી રીતે કરેલી પ્રાર્થના ભાગ્યે જ ઇશ્વર સાંભળ્યા વગર રહે છે. આ મુદ્દાની મેં વધુ વિસ્તારપૂર્વક સમજૂતી ''સહજ માર્ગના દસ નિયમોની સમજૂતી'' નામના મારા પુસ્તકમાં કરી છે.

અંતમાં હું તમારા ધ્યાન ઉપર લાવું છું કે ધ્યેયની પ્રાપ્તિ માટે જુદી જુદી રીતો અને પદ્ધતિઓ હોય છે. તેઓ આપણને સાક્ષાત્કારના રસ્તે થોડા અંતર સુધી લઇ જશે પરંતુ કેટલે સુધી લઇ જશે તેની ચર્ચા હું અહીં કરવા માગતો નથી. આ વાતને હું વાચકોના પોતાના નિર્ણય અને અનુભવ ઉપર છોડી દઉ છું. પરંતુ હું તમને નિશ્ચિતપણે ખાતરી આપું છું કે, રાજયોગ અને ફક્ત રાજયોગ જ તમને તમારા અંતિમ લક્ષ્ય સુધી અથવા માનવીય પહોંચના ઉચ્ચતમ બિંદુ સુધી લઇ જશે કે જ્યાં તમે પૂર્ણ અને શુદ્ધ રૂપ ધારણ કરીને કુદરત સાથે સંપૂર્ણ એકરૂપતા પ્રાપ્ત કરશો. બીજી કોઇ રીત કે પદ્ધતિ આવું પરિણામ લાવી શકશે નહિ. જો તમે ઉચ્ચતમ બિંદુએ પહોંચવાનું લક્ષ્ય રાખતા હોય તો આ વિજ્ઞાનને અનુસરવું આવશ્યક છે. આના માટે અલબત્ત, એક સાચા અને યોગ્ય માર્ગદર્શકની મદદ અને આધાર એ એક અનિવાર્યપણે આવશ્યક અંગ છે અને સાથે સાથે તે આજની ગંભીર સમસ્યા પણ છે, પરંતુ હું તમને ખાતરી આપુ છું કે સાચો શોધક તેને (સાચા અને યોગ્ય માર્ગદર્શકને) પ્રાપ્ત કરવામાં કદી નિષ્ફળ જશે નહિ.

◆ ◇ ◆ ◇ ◆

૪. ગુરુ

આપણું નિશ્ચિત ધ્યેય અને તે પ્રાપ્ત કરવાના યોગ્ય સાધનો નજર સમક્ષ રાખીને આપણું બીજું કર્તવ્ય, આપણને સાક્ષાત્કારના માર્ગ ઉપર સફળતાપૂર્વક લઇ જઇ શકે એવા એક યોગ્ય માર્ગદર્શક શોધવાનું હોવું જોઇએ. દુન્યવી પ્રાપ્તિને લગતી બાબતો સહિત બધી જ બાબતોમાં આપણને શક્તિશાળી માર્ગદર્શકની સહાયતાની જરૂર પડે છે. તેમ છતાં, શક્ય છે કે થોડું જ્ઞાન મેળવ્યા પછી આપણે સ્વપ્રયત્નથી આગળ વધી શકીએ છીએ. તેમ છતાં પણ આપણે પ્રાચીન આચાર્યોના અનુભવો કે જે તેમના પુસ્તકો અને લખાણોમાં સમાયેલ છે તેના ઉપર આધાર રાખવો પડે છે. આધ્યાત્મિકતામાં આ બાબત ઊલટી છે. જેમ જેમ આપણે આગળ વધતા જઇએ છીએ અને ઊંચી અવસ્થાઓ પ્રાપ્ત કરતા જઇએ છીએ તેમ તેમ ગુરુ અથવા માલિકની વધુ અને વધુ જરૂર પડે છે. આ બાબાતમાં પુસ્તકો આપણને ઉપયોગી થતા નથી. પુસ્તકો આપણને આધ્યાત્મિક વિષયો ઉપર વાક્પટુ પ્રવચનો આપવા માટે તેમજ વાદવિવાદમાં જીતવા માટે ઉપરછલ્લુ જ્ઞાન મેળવવામાં મદદ કરે છે પરંતુ ફક્ત તેના દ્વારા આધ્યાત્મિકતાની વાસ્તવિક પ્રાપ્તિ અશક્ય છે. પુસ્તકો દ્વારા મેળવેલા જ્ઞાન ઉપર આધારિત યોગની રીતે અને સાધના મોટે ભાગે ખોટા રસ્તે દોરનાર અને આપણી આધ્યાત્મિક પ્રગતિને નુકસાન કરનાર પણ હોય છે. કેવળ શક્તિશાળી માર્ગદર્શકની સહાયતા જ આપણને આપણા ધ્યેય સુધી પહોંચાડી શકે છે. એક પ્રસિદ્ધ ફારસી કવિ અને આધ્યાત્મિકતાના અઢાર પુસ્તકોના લેખક મૌલાના રૂમીના સંબંધમાં એમ કહેવાય છે

કે તેઓ એક વખતે આધ્યાત્મિકતાની તાલીમ લેવા માટે એક મહાન સંત પાસે ગયા હતા. તે સંતે તેમને તેમની પાસેથી વાસ્તવિક તાલીમ લેવી હોય તો તેમનાં પુસ્તકો નદીમાં ફેંકી દેવા કહ્યું. આથી તેમના માટે તેમની આખી જિંદગીની મહેનતનો નાશ થતો હોવાથી તેઓ તે માટે સંમત થયા નહિ. તેઓ વારંવાર તે સંત પાસે તે જ વિનંતી સાથે ગયા પરંતુ તેમને ઉપર પ્રમાણેનો તે જ જવાબ મળ્યો. બીજો કોઈ વિકલ્પ નહિ મળવાથી છેવટે સંતની માગણી માનીને પોતાના બધાં પુસ્તકો નદીમાં ફેંકી દઈને પોતે તેમના શિષ્ય બની ગયા. સાધનાના ક્ષેત્રમાં તાલીમ લીધા પછી જ સાચો સાક્ષાત્કાર થાય છે અને તે માટે જ્ઞાન અને વિદ્વતા ઘણી ઓછી મદદરૂપ થાય છે.

આથી આધ્યાત્મિક સાધનામાં જેઓ જોડાયેલા હોય તેમના માટે ગુરુ અથવા માલિકની મદદ આવશ્યક અને અનિવાર્ય હોય છે. તેમ છતાં એવા દાખલાઓ પણ છે કે જેમાં ઋષિઓએ ફક્ત પોતાના સ્વપ્રયત્નોથી પોતાની જાતને સીધા ઈશ્વરને સમર્પણ કરીને પૂર્ણતા પ્રાપ્ત કરી છે, પરંતુ આવા દાખલાઓ ઘણા ઓછા હોય છે. ખરેખર આ ખૂબ મુશ્કેલ માર્ગ છે અને ફક્ત અસાધારણ પ્રતિભાથી ખાસ સંપન્ન લોકો જ તે માર્ગે જઈ શકે છે. ગુરુ જ ઈશ્વર અને મનુષ્યને જોડતી કડી છે. તેમના માધ્યમ દ્વારા જ આપણે ઈશ્વરને પામી શકીએ છીએ. ફક્ત તે જ એક શક્તિ છે કે જે આપણા આધ્યાત્મિક માર્ગની ગૂંચવણોમાંથી આપણને મુક્ત કરી શકે છે.

આપણી આધ્યાત્મિક યાત્રામાં જુદા જુદા બિંદુઓ કે જે ચક્રો અથવા કમળ તરીકે ઓળખાય છે, તેમાંથી આપણે પસાર થવાનું હોય છે. આ બિંદુઓ માણસને વારસામાં મળેલ ઈશ્વરીય પરિબળના સાચા સામર્થ્યની એકત્રિત થયેલી શક્તિના

કેન્દ્રો છે. તે માનવ શરીરમાં જુદી જુદી જગ્યાએ આવેલાં છે. બે બિંદુઓની વચ્ચેની જગ્યા અસંખ્ય સુક્ષ્મ તંતુઓથી ગૂંથાયેલી જાળ છે. આપણે જેમ આગળ વધીએ તેમ વચ્ચેના સ્તરો ઉપર આવેલી આવી જાળની ગૂંચવણોમાંથી આપણે પસાર થવું પડે છે. આપણે ભોગ ભોગવવા માટે તે સ્થાને જરૂરી સમય માટે રોકાવું પડે છે. ભોગનો અર્થ ભૂતકાળના કર્મોની અસરમાંથી પસાર થવું એટલો જ નહિ પણ આપણે જે બિંદુએ પહોંચ્યા હોય તે બિંદુની ગૂંચવણો ઉકેલવાની પ્રક્રિયામાંથી પસાર થવું તેવો ખરેખર અર્થ થાય છે. ભોગના હેતુ માટે આવા બિંદુઓ ઉપરનું આપણું રોકાણ ઘણીવાર ઘણા લાંબા સમયનું હોય છે અને ઘણા કિસ્સામાં સ્વપ્રયત્નથી તેમાંથી બહાર નીકળવું લગભગ અશક્ય બને છે. શરૂઆતના થોડા તબક્કામાં કદાચ તે શક્ય બને પરંતુ ત્યાર પછી તે તદ્દન અશક્ય બને છે. એવું જાણવામાં આવ્યું છે કે મોટા ભાગના પ્રાચીન ઋષિઓ સ્વપ્રયત્ને આગળ વધવાનો પ્રયત્ન કરતાં તેઓ ફક્ત પહેલા કે બીજા તબક્કામાં જિંદગીભર રોકાઈ ગયા હતા અને તેને પાર કરી શક્યા નહોતા. હકીકત એ છે કે થોડા આગળના તબક્કામાં જેને લપસણી સ્થિતિ કહેવાય તેવી સ્થિતિનો આપણે સામનો કરવો પડે છે. ત્યાં આપણે ક્યારેક થોડાક ઉપર જઈ શકીએ છીએ પરંતુ તરત જ ફરી પાછા નીચે લપસી જઈએ છીએ. આવું વારંવાર બન્યા જ કરે છે કે જેથી ઉપર જવાનું ભારે મુશ્કેલ અને લગભગ અશક્ય બની જાય છે. આવા સંજોગોમાં યોગ્ય સદ્‌ગુરુની શક્તિશાળી મદદ જ આપણને વમળમાંથી બહાર લાવી શકે છે. જો સદ્‌ગુરુમાં શક્તિ અને યોગ્યતાની ઊણપ ના હોય તો તેઓ પોતાની શક્તિ વડે શિષ્યને ગૂંચવણમાંથી બહાર કાઢશે અને પછીના બીજા ઊંચા તબક્કામાં મૂકી આપશે. આથી એ જરૂરી છે કે આપણે જે માર્ગદર્શક

પસંદ કરીએ તે ઊંચામાં ઊંચી શક્તિવાળા અને પોતાની અસાધારણ શક્તિની મદદથી એક નજરથી ગૂંચવણોને દૂર કરે એવા લાયક હોવા જોઇએ એવા તે જ હોઇ શકે કે જેણે પોતે પૂર્ણતા પ્રાપ્ત કરી હોય અથવા સંપૂર્ણ સ્વઅસ્તિત્વથી અજ્ઞાન અવસ્થા (સંપૂર્ણ નકારાત્મકત્વ) પ્રાપ્ત કરી હોય. આથી આપણે આવી મહાન શક્તિ સાથે પ્રેમ અને આકર્ષણની લાગણીથી આપણી જાતને જોડી દેવી જોઇએ. આપણા મનમાં તેમના વિશે આપણે કેવો ભાવ રાખીએ છીએ તે બહુ અગત્યનું નથી. આપણે તેમને આપણા મિત્ર, ગુરુ, સેવક કે આપણે જે કાંઇ ખુશીથી પસંદ કરીએ તે કહી શકીએ. ગમે તેમ પણ તે આપણે સામાન્ય રીતે જેને માર્ગદર્શક કે ગુરુ કહીએ છીએ તે જ તે રહેશે.

કમનસીબે, આજે યોગ્ય માર્ગદર્શકની પસંદગી માટે ઘણી બેદરકારી રાખવામાં આવે છે. જો કે દરેક ધાર્મિકવૃત્તિવાળા હિન્દુ માને છે કે આધ્યાત્મિક લાભ માટેની ઉત્કંઠા સંતોષવા માટે ગુરુ કરવાની તેની ફરજ છે. સામાન્ય રીતે, આ હેતુ માટે લોકો કોઇપણ વ્યક્તિને તેની શક્તિઓ કે યોગ્યતા ઉપર ધ્યાન આપ્યા વિના પસંદ કરે છે. મોટાભાગે, તેઓ અજ્ઞાન સમુદાયને આકર્ષવા માટે કહેવાતા ગુરુઓએ બતાવેલા ચમત્કાર કે સમજાવટથી આવું કરવા પ્રેરાય છે. આવા શિષ્યોના શિકારીઓની કમી નથી. ઝાડના પાન જેટલા અસંખ્ય હોય છે કારણ કે ઘણાને ગુરુ બનવું એ એક ફાયદાકારક ધંધો છે કે જેઓ બીજી કોઇ રીતે કમાઇ ન શકે તેટલી મોટી આવક મેળવી શકે છે. તે ઉપરાંત તેમના શિષ્યો પાસેથી તેઓ ઉચ્ચતમ સન્માન અને વ્યક્તિગત સેવા મેળવે છે. આવી રીતે અજ્ઞાન સમુદાય આવા બની બેઠેલા ધંધાદારીઓનો શિકાર બની જાય છે. કોઇક નાનો ચમત્કાર કે કાંઇક મોહક કે આકર્ષક સામાન્ય રજૂઆત આવા મૂર્ખ ઘેટા જેવા સેંકડોને

તેમના ગુરુપણાના વાડામાં લઇ આવવા માટે પૂરતા છે. તેમને નારાજ કરનાર ઉપર શ્રાપ દેવાની સાદી ધમકી પણ હજારોને તેમના લાચાર તાબેદાર બનાવી દે છે. એટલું જ નહિ પણ પોતાના ધંધાની ઇજારાશાહી ટકાવી રાખવા માટે તેઓ જાહેર કરે છે કે ખાસ વિશિષ્ટ વર્ગની વ્યક્તિઓ સિવાય કોઇને ગુરુ બનવાનો અધિકાર નથી- પછી ભલે તે સંન્યાસી હોય કે ઘર ગૃહસ્થી હોય. પોતાની ક્ષમતા કે લાયકાતથી નહિ પણ જન્મથી જ તેઓ ધર્મના જગદ્ગુરુઓ હોવાનો દાવો કરે છે. તમે અગણિત સંન્યાસીઓને પણ આજકાલ મહાત્મા તરીકે દેખાવ કરતા અને પોતાની જાતને જગદ્ગુરુ કહેવડાવતા જોશો. આવા ધંધાદારી ધૂતારા કે જેઓ દેશ અને ધર્મને માટે શરમજનક છે અને જેઓ પોતાના સ્વાર્થ માટે પૂરેપૂરી ધૃષ્ટતાથી અજ્ઞાન લોકોને છેતરવા અને ધૂતવા આમતેમ રખડતા મળે છે તે દયાજનક નથી ?

આવા ગુરુઓએ કેવો હાહાકાર મચાવી દીધો છે તે આંખો ખોલીને લોકોએ જોવાનો સમય પાકી ગયો છે. ગુરુપદ વિશેષ હક્ક ધરાવતા વર્ગનો ઇજારો હોવાની વાત તદ્દન હાસ્યાસ્પદ છે અને તે ધંધાદારી ગુરુઓએ પોતાના અંગત લાભ જાળવી રાખવા માટે દાખલ કરેલી છે. શિષ્ય પોતાના ગુરુ સાથેનું પવિત્ર બંધન કોઇપણ સંજોગોમાં કદાપિ તોડી ન શકે તેવો લોકોમાં મનાતો સિદ્ધાંત પણ આવા જૂઠા ગુરુઓએ પોતાના સ્થાનને સહિસલામત રાખવા માટે અપનાવેલી લુચ્ચાઇભરી યુક્તિ છે. અને તે છળકપટ સિવાય બીજું કાંઇ નથી. શિષ્યને દીક્ષા આપવાની વિધિ (જો કે તે ખરેખર સાચા સિદ્ધાંત ઉપર આધારિત હોવા છતાં) આજના મોટા ભાગના ધંધાદારીઓ કે જેઓ તેની સાચી અગત્યતા સમજતા નથી તેમણે તેનો ઘણો દુરુપયોગ કર્યો છે. દીક્ષાની વિધિ વખતે શિષ્યના કાનમાં કેટલાક મંત્રો

કહેવા અને આરાધના તરીકે કેટલીક ધાર્મિક વિધિનું પાલન કરવાની આજ્ઞા કરવી તે જ ફક્ત ગુરુનું કાર્ય છે. શિષ્ય પ્રત્યેની તેમની ફરજ એટલેથી પૂરી થઇ જાય છે અને દર વર્ષે તેમને દર્શન આપી તેમની પાસેથી તેમની વાર્ષિક ભેટ મેળવવી તે સિવાય શિષ્યના ભલા માટે કાંઇ કરવાનું તેમના માટે બાકી રહેતું નથી. જ્યારે શિષ્યમાં સાચી શ્રદ્ધા પેદા થાય અને તેના હૃદયમાં ઇશ્વરીય પ્રેમના અંકુર ફૂટે ત્યારે જ ખરેખર તેને વિધિપૂર્વક દીક્ષા આપવી જોઇએ. દીક્ષાનો અર્થ એવો થાય કે શિષ્યનું પરમ તત્ત્વ સાથે જોડાણ કરવામાં આવ્યું છે. તે સંજોગોમાં શિષ્ય પોતે જેટલી ગ્રહણશક્તિ વિકસાવે તેના પ્રમાણમાં આધ્યાત્મિક શક્તિ આપમેળે તેનામાં વહેવા માંડે છે.

મજબૂત સંબંધ સ્થાપવાનો આધાર ગુરુની શક્તિ અને સામર્થ્ય ઉપર રહે છે અને તેના માટે ઊંચી કક્ષાના સદ્‌ગુરુની જરૂર રહે છે. એકવાર સ્થપાયેલો મજબૂત સંબંધ જ્યાં સુધી શિષ્ય મોક્ષ મેળવે નહિ ત્યાં સુધી તે ચાલુ જ રહેશે કે જે (મોક્ષ) આવા કિસ્સાઓમાં અનેક જન્મો બાદ મેળવવાની ખૂબ દૂરની વસ્તુ હોતી નથી. હકીકતમાં, જો ઊંચી કક્ષાના ગુરુએ શિષ્યને સાચા અર્થમાં દીક્ષા આપી હોય તો તેમનાથી છૂટા પડવાનો પ્રશ્ન કદાપિ ઊભો થશે નહિ. પણ ધંધાદારી ગુરુઓ કે જે પોતાના સ્વાર્થ માટે હાસ્યાસ્પદ દીક્ષા આપે છે તેમને માટે આ સતત ચિંતાનો વિષય રહે છે. તેથી શિષ્યને હંમેશાં તેમના સકંજામાં રાખવા માટે તેઓ તેને ઇશ્વરીય આદેશ તરીકે જાહેર કરે છે કે જો તે કદી પણ ગુરુથી છૂટ્ટૂ પડવાનું વિચારે તો તેણે નરકની બધી યાતનાઓ ભોગવવી પડશે. પોતાના ગુરુને નાખુશ કરે તેવું કાંઇપણ કરવાના વિચાર માત્રથી ધ્રૂજતા અજ્ઞાન લોકોએ આને શાસ્ત્રવચન તરીકે સ્વીકારી લીધું છે. તેથી તેઓ હંમેશાં તેમનાં બધાં ધૃણાસ્પદ

કાર્યો ચૂપચાપ સહન કરવાનો પ્રયત્ન કરે છે. મને ખાતરી છે કે આપણા શાસ્ત્રોમાં આને લગતો સહેજ પણ ઇશારો માલુમ પડતો નથી. તે ફક્ત આવા ધર્મગુરુઓની પોતાની ચાલાકી છે. જ્યારે તેને એમ લાગે કે તેણે ગુરુની પસંદગી ખોટી કરી છે કે તેણે ગુરુના સામર્થ્ય કે યોગ્યતા વિશે ખોટા ખ્યાલ બાંધ્યા છે ત્યારે તે દરેક વ્યક્તિનો ગમે ત્યારે તેના ગુરુથી છૂટા થઇ જવાનો જન્મસિદ્ધ હક્ક છે એમ હું માનું છું. જો કોઇ તબક્કે તેને જણાય કે પોતે અત્યાર સુધી જે કંઇ મેળવ્યું છે તેનાથી આગળ લઇ જવા માટે તેના ગુરુની શક્તિ નથી તો તે બીજા ગુરુને શોધવા માટે પણ સ્વતંત્ર છે. બીજી રીતે,સાચા ગુરુએ આવા સંજોગોમાં બીજા આગળ વધેલા અને વધુ સારી લાયકાત ધરાવતા ગુરુ શોધવા માટે પોતે જાતે પોતાના શિષ્યને દોરવા જોઇએ કે જેથી શિષ્યને કોઇપણ રીતે પ્રગતિમાં સહન કરવું પડે નહિ. સાચા અને નિઃસ્વાર્થી ગુરુની આ પવિત્ર ફરજ છે. આમ છતાં ગુરુથી છૂટા થવાની શિષ્યે માગેલી રજા ગુરુ દ્વારા તેના પોતાના સ્વાર્થી હેતુઓ માટે નકારાય તો શિષ્ય તેનાથી તાત્કાલિક છૂટો પડવા અને બીજા ગુરુ શોધવા સ્વતંત્ર છે. કોઇ નૈતિક કે ધાર્મિક કાયદો તેને તેમ કરતાં ક્યારેય રોકતો નથી.

જે ગુરુઓ શાસ્ત્રો અને બીજા પવિત્ર પુસ્તકોના તેમના પોતાના જ્ઞાનના આધારે શિક્ષણ અને ઉપદેશ આપે છે તેઓ ગુરુઓના વર્ગમાં થોડા આગળ વધેલા ગણાય છે. તેમણે પંથો અને આશ્રમો સ્થાપ્યા છે કે જ્યાં તેઓ પોતાના અનુયાયીઓમાં રાજા જેવો મોભો ભોગવે છે. તેઓ બહાર જઇને મોટા જનસમુદાયોને સંબોધીને શું કરવું અને શું ના કરવું તે કહે છે અને માયા, જીવ અને બ્રહ્મને લગતા કોયડાઓ સમજાવે છે. લોકો તેમના ધાર્મિક પ્રવચનો સાંભળવા

હજારોની સંખ્યામાં જાય છે અને તેમના ઉંચા વિચારો અને વિસ્તૃત જ્ઞાનનાં વખાણ કરે છે. અને તેમનો મોટા મહાત્માઓ અથવા સંતો તરીકે આદર કરે છે. તેઓ અસંખ્ય જટિલ પ્રશ્નો તેમને પૂછે છે અને જો તેઓ તેમના શાસ્ત્રના જ્ઞાનના ભંડારમાંથી જવાબ આપી શકે તો મહાત્મા તરીકેની તેમની મહત્તા તેમના મનમાં અંકાઈ જાય છે અને તેમને ગુરુ તરીકે સ્વીકારવા તેઓ પ્રેરાય છે. પણ આમ ખરી રીતે તેઓએ તેમની વિદ્વતાની કસોટી કરી છે અને સાચી યોગ્યતાની નહિ. એ સારી રીતે ખ્યાલમાં રાખવું જોઈએ કે વિદ્વતા કે જ્ઞાન માનવીને પૂર્ણ બનાવતા નથી પરંતુ સાચા અર્થમાં કરેલો સાક્ષાત્કાર જ સાચા યોગી કે સંત બનાવે છે. એ શકય છે કે જે વ્યકિત પોતાના બાહય દેખાવ, વિદ્વતા કે વાક્પટુતાથી તમોને આમ પ્રભાવિત કરે તે પ્રત્યક્ષ સિધ્ધિઓ બાબતમાં સૌથી નીચા સ્તરે હોઈ શકે. તેથી જ્ઞાન સાચા મહાત્મા કે યોગીનો માપદંડ નથી. તેવીજ રીતે કોઈ મહાત્મા કે ગુરુ માટે તેના ચમત્કારો અથવા તેની અસાધારણ રીત રસમો નહિ પરંતુ સાક્ષાત્કારના માર્ગમાં તેની પ્રત્યક્ષ સિધ્ધિઓ જ સાચી કસોટી છે. મહાન વ્યકિતત્વ તરીકેનો મહાત્માનો લોકપ્રિય અર્થ મને આકર્ષક લાગતો નથી. જે તદન ક્ષુલ્લક વ્યકિત અથવા મોટે ભાગે ઉપેક્ષિત વ્યકિત, કે મોટાઈ, ગર્વ કે અભિમાનની બધી લાગણીઓથી પર અને સંપૂર્ણ રીતે સ્વને ભૂલેલી સ્થિતિમાં કાયમ રહેલી હોય, તેવી વ્યકિતની હું મહાત્માની વ્યાખ્યા કરીશ.

કેટલાક લોકો એવું માને છે કે જ્ઞાન સાક્ષાત્કારનો પ્રારંભિક તબકકો હોવાથી તે આવશ્યક અને અનિવાર્ય છે. હું તેમની સાથે એવા આધારે સંમત થતો નથી કે જ્ઞાન ફકત મગજની સિધ્ધિ છે જ્યારે સાક્ષાત્કાર આત્માની જાગૃતિ છે અને તેથી જ્ઞાનની મર્યાદાની બહાર છે. આપણે

આધ્યાત્મિક વિજ્ઞાન વિષયક પુસ્તકોમાં વિવિધ આધ્યાત્મિક તબકકા પર મનની સ્થિતિઓ અંગે ઘણું વાંચીએ છીએ અને તેમનાથી માહિતગાર થઈએ છીએ પણ પ્રત્યક્ષ સિધ્ધિઓ બાબતમાં આપણે તેમનાથી ઘણા દૂર છીએ. આપણે તે સ્થિતિઓ અંગે લોકો સાથે વાર્તાલાપ કરી શકીએ, તેની તરફેણમાં અને વિરૂધ્ધમાં દલીલો કરી શકીએ અને વિદ્વતામાં આપણી સર્વોપરિતા સ્થાપિત કરી શકીએ પણ આંતરિક રીતે આપણે તેનાથી તદન અજ્ઞાત હોઈએ છીએ. આપણે ગીતા ઉપર પ્રવચનોમાં જઈએ છીએ અને ઉપદેશ સાંભળીએ છીએ, આપણે નિયમિત રીતે દરરોજ ગીતામાંથી પાઠ કરીએ છીએ, આપણે મોટા વિદ્વાન લોકોએ લખેલી તેની ટીકાઓ વાંચીએ છીએ, પણ તેનાથી આપણા ઉપર શું પ્રત્યક્ષ અસર થાય છે ? આપણામાંના કોઈ તેમાં જણાવેલી એક પણ સ્થિતિએ પ્રત્યક્ષ રીતે કદાપિ પહોંચી શકયા છે ? ''જગત માયા છે, માનવી બ્રહ્મ છે'' વિગેરે શબ્દો ગમે તેટલા વખત તેઓ બોલે તો પણ તેઓ જે બોલે છે તે બાબતમાં આંતરિક રીતે તેઓ તદન અજાણ હોય છે. ગીતામાં વર્ણવેલી સ્થિતિઓ જેમ અર્જુને શ્રી કૃષ્ણ પાસેથી સાંભળીને વિકસાવી તેમ અત્યાર સુધી કોઈ પણ વિકસાવી શકયું નથી. આજની ગીતા તે ખરેખર મહાભારતના યુધ્ધ પૂર્વે શ્રી કૃષ્ણએ અર્જુનને જે કહેલું તેના ઉપરની ટીકા છે. શ્રી કૃષ્ણએ શબ્દોથી સમજાવેલી તે જ અવસ્થાઓ અર્જુનના હૃદયમાં ખરેખર પસાર કરી હતી જેના પરિણામે અર્જુન શબ્દશઃ તે જ અવસ્થાનું પ્રભુત્વ અંદર અને બહાર બધે જ અનુભવતો હતો. આમ તેણે સાંભળેલો દરેક શબ્દ સીધો જ તેના હૃદયમાં ઉતરી અને તેમાં સ્થાયી અસર પેદા કરી. ગીતાના આજના શિક્ષકો અને ઉપદેશકો સાંભળનારાના મન ઉપર ધારી અસર ઉપજાવવામાં નિષ્ફળ જવાનું કારણ આવી અવસ્થાનું આરોપણ

કરવાની તેમની શકિતનો અભાવ છે. ગીતામાં વર્ણવેલી મનની વિવિધ સ્થિતિઓ હકીકતે તો જુદા જુદા તબક્કાઓ છે કે જે સાધક આધ્યાત્મિકતાના માર્ગ ઉપરની તેની યાત્રા દરમિયાન મેળવે છે. આધ્યાત્મિકતાના માર્ગ ઉપર જનારની સ્થિતિઓ અંદરથી આપો આપ વિકસે છે. અપરિપકવ તબક્કે મનની અમુક સ્થિતિ મેળવવા માટે અપનાવેલા ચીલાચાલુ સાધનો આંતરિક સ્થૂળતા વધારે છે કે જે આપણી પ્રગતિમાં નુકસાનકારક છે.

જે આપણને (ફકત) ધર્મના સિધ્ધાંતોની સધ્ધરતા સમજાવી શકે અથવા જે આપણને આમ કરો અને તેમ ના કરો તેવું અધિકારપૂર્વક નકકી કરી આપે તે સાચા (આધ્યાત્મિક) ગુરુ નથી. આપણામાંના લગભગ દરેકને આની પૂરતી ખબર છે. ગુરુ પાસેથી આપણને જેની જરૂર છે તે આત્માને જાગૃત કરવા માટેની સાચી પ્રેરણા અને સાક્ષાત્કારના માર્ગ ઉપરની આપણી આગળની યાત્રા દરમિયાન તેનો સીધો ટેકો (સહાયતા) છે. જો આપણે સફળતાનું ધ્યેય રાખીએ તો આપણે આવા ગુરુ શોધવા જોઈએ. આથી એ સ્પષ્ટ છે કે આપણા આધ્યાત્મિક માર્ગદર્શક વિશે અભિપ્રાય બાંધતી વખતે આપણે તેમની વિદ્વતા કે ચમત્કારોને ધ્યાનમાં ન લેતાં તેમની આત્મ સાક્ષાત્કારના ક્ષેત્રમાં મેળવેલી સિધ્ધિઓને ધ્યાનમાં લેવી જોઈએ. જે વ્યકિત પોતે મુકત છે તે જ તમને શાશ્વત બંધનમાંથી મુકત કરશે. જો ગુરુ પોતે સંસ્કારો, માયા કે અહંકારના બંધનોમાંથી મુકત નહિ હોય તો તે બંધનોમાંથી તમને મુકત કરવાનું તેમના માટે શકય નથી. ધારો કે તમે એક થાંભલે બંધાયેલા છો અને તમારા ગુરુ બીજે થાંભલે, તો તમારા બંધનમાંથી તમને મુકત કરવાનું તમારા ગુરુ માટે કેવી રીતે શકય બને ? જે માનવી પોતે મુકત છે તે જ તમને બંધનમાંથી છોડાવી શકે. જેમનો

પ્રાથમિક હેતુ કદાચ ફકત તેમની મહત્તા વધારવાનો અગર બીજા કોઈ અંગત લાભનો હોય તેવા અયોગ્ય ગુરુઓને શરણે જવાના કારણે જ મોટા ભાગના લોકો અવળા માર્ગે ચડી ગયા છે. મનમાં આવો ખ્યાલ રાખીને ખોટા દેખાવોથી તેમની મહત્તા અને આબરૂ જાળવી રાખવા તેઓ મોટે ભાગે આતુર હોવાનું દેખાય છે. તેમના માટે બીજા કોઈ વધારે આગળ વધેલા અગર વધારે સિધ્ધ વ્યકિતની સર્વોપરિતા સ્વીકારવાનું તેમના સત્તા અને સ્થાનના ગર્વને કદાચ મોટામાં મોટો આઘાત છે. આ અસંસ્કારી સ્વરૂપમાં અહંકાર સિવાય બીજું કાંઈ નથી. જો તમે આવા ગુરુને શરણે જાવ તો તમે અભિમાનની તેવી લાગણી ચોકકસ વારસામાં મેળવો કે જે સ્થૂળતાનું સૌથી વધારે ખરાબ સ્વરૂપ છે અને તમારા આધ્યાત્મિક વિકાસમાં ચોકકસ અડચણરૂપ થશે. જયાં સુધી આ અનિષ્ટનું અસ્તિત્વ રહે ત્યાં સુધી મોક્ષ કદાપિ સંભવિત નથી.

હકીકતમાં આધ્યાત્મિકતા મનની એવી સૂક્ષ્મતમ અવસ્થા છે કે તેની સરખામણીમાં બીજી બધી વસ્તુ વધારે ભારે અથવા સ્થૂળ લાગશે. જેમકે ગુલાબની સુગંધથી ઈંદ્રિયો ઉપર થતી નાજુક લાગણી પણ તેના કરતાં વધુ ભારે લાગે છે. હું આને કુદરત સાથે સંપૂર્ણ એક રૂપ હોય તેવી સંપૂર્ણ શાંતિ અને સમતાની અવસ્થા તરીકે વર્ણવી શકું. મનની આ અવસ્થામાં બધી ઈંદ્રિયો અને માનસિક વૃતિઓ સુષુપ્ત અવસ્થામાં કહી શકાય એવી હોય છે. તેમનું કાર્ય મન ઉપર કોઈ છાપ પાડયા સિવાય આપમેળે થાય છે. તેના ઉંચા તબકકાઓમાંનો એક તબકકો સંપૂર્ણ શાંતિનો છે જો કે સાચી વસ્તુ તેથી પણ આગળ છે કે જયારે શાંતિની સભાનતા પણ રહેતી નથી. કારણ કે શાંતિની સભાનતા પણ મન ઉપર થોડો ભાર પેદા કરે છે જો કે તે ઘણો

નજીવો છે, જયારે આપણે શાંતિની આ હાજરીથી પણ ખરેખર અભાન થઈએ છીએ ત્યારે આપણે સાચા અર્થમાં લાગણીની અસર અગર તેના ભારમાંથી મુકત થઈએ છીએ. આ તબકકાથી સ્થિતિ ખાસ પ્રકારની હોય છે, તે ખરેખર નથી આનંદ કે નથી બીજું કાંઈ આ તબકકાની સાચી અવસ્થાનું વર્ણન કરવામાં શબ્દો નિષ્ફળ જાય છે આપણે અંતમાં પ્રાપ્ત કરવાની સ્થિતિ આવી હોય છે કે જેના માટે તે અને તે જ યોગ્ય ગુરુ હોઈ શકે જે ઉપર વર્ણવેલી સ્થિતિમાં હંમેશ માટે રહેતા હોય અને પોતાની સંકલ્પ શકિતથી અભ્યાસીના હ્રદયમાં આધ્યાત્મિક અવસ્થા પ્રસાર કરવાની અને તેમાંથી જટિલતા અને અવરોધો દૂર કરવાની શકિત અને ક્ષમતા ધરાવતા હોય. આનાથી નીચી કક્ષાની કોઈ પણ વ્યકિત બીજાઓને આધ્યાત્મિક તાલીમ આપવા માટે યોગ્ય નથી. તે સૌથી મોટી દુઃખ અને દયાની બાબત છે કે આપણા પ્રાચીન ઋષિઓએ શોધેલી અને વ્યાપક રીતે અમલમાં મૂકેલી યુગો પુરાણી યોગિક પ્રાણાહુતિની રીત તેના ઉદ્દ્ભવ સ્થાનમાં જ હવે સંપૂર્ણપણે અજ્ઞાનતાના અંધકારમાં ડૂબી ગઈ છે, કે જયાં આજે તે માનવા માટે પણ બહુ થોડા લોકો તૈયાર છે. કેટલાક લોકો આને વશીકરણ કે સંમોહન સિવાય બીજું કાંઈ નથી એવો ખોટો અર્થ કરીને તેની હાંસી ઊડાવવાનો પ્રયત્ન કરે છે.મેં મારા ''રાજયોગની ક્ષમતા'' નામના પુસ્તકમાં આ બાબત સમજાવી છે.

અહિં હું તમને ખાત્રી આપું છું કે ઉચ્ચતર તબકકાઓ ની પ્રાપ્તિ માટેની આધ્યાત્મિક તાલીમ ફકત યોગિક પ્રાણાહુતિ દ્વારા જ શકય છે અને બીજા કોઈ સાધન વડે નહિ. શિક્ષિત લોકોના આજના સમાજમાં આ પ્રકિયાની વારંવાર ચર્ચાઓ આજના કેટલાક ધર્મગુરુઓને, પ્રાણાહુતિ બાબતમાં કોઈ ખાસ વિશેષતા નથી એમ લોકોને સમજાવીને, આ

બાબતથી પોતાની અણઆવડતનો સ્વબચાવ કરતા હોય છે. જયારે તમે કોઈ મહાત્મા કે સંતની સાથે હોય ત્યારે સામાન્ય રીતે એવું બને છે કે તમે તમારા ખલેલ પહોંચાડતા વિચારોથી થોડે ઘણે અંશે છૂટકારો મેળવો છો અને સરખામણીમાં થોડા સમય માટે શાંતિ અનુભવો છો. તે મહાત્માની પ્રાણાહુતિની અસરને કારણે છે તેવો તેઓ દાવો કરે છે. જેઓ આવો ખુલાસો રજૂ કરે છે તેઓ પોતાની અણ આવડત છુપાવવાના ખ્યાલથી લોકોને ફકત છેતરવાની દાનત રાખે છે. જેને તેઓ પ્રાણાહુતિ તરીકે ખપાવે છે તે ખરેખર મહાત્મામાંથી પવિત્ર પરમાણુંઓનું આપોઆપ થતું પ્રસારણ છે. તે વ્યકિતની આસપાસ ભેગા થયેલા બધાને તે અસર કરે છે. તેના પરિણામે જયાં સુધી તેઓ ત્યાં હોય ત્યાં સુધી કંઈક અંશે શાંતિ રહે છે. આ એક કુદરતી પ્રકિયા છે અને પ્રાણાહુતિ સાથે તેને કોઈ નિસ્બત નથી. ફકત મહાત્મા કે સંતમાંથી જ આવા પરમાણુઓનાં કિરણો નીકળે છે એવું નથી પણ દરેક વ્યકિત ભલે તે પવિત્ર હોય કે દુષ્ટ હોય, સંત હોય કે શેતાન હોય, તેઓમાંથી પણ આવા કિરણો નીકળે છે. જો તમે થોડીવાર દુષ્ટ કે નીતિમાંથી ચલિત થયેલી વ્યકિત પાસે રહો તો તમને જણાશે કે તેમનામાંથી અપવિત્ર પરમાણુઓ નીકળે છે અને તમને અસર પહોંચાડે છે અને પરિણામે તમારા વિચારો પણ તેવી જ દિશામાં તત્પૂરતા વહેતા તમે અનુભવશો. આવા પરમાણુના પ્રસારણની અસર થોડો સમય જ રહે છે અને તેનાથી દૂર જતાં તે અદશ્ય થઈ જાય છે.

પોતે જે ઉપદેશ આપે છે તેને અનુસરવામાં લોકો બેદરકાર રહે છે તેવી ફરિયાદો ધર્મગુરુઓ ઘણીવાર કરતા જણાય છે, તેનું પણ આજ કારણ છે. તેઓ કહે છે કે તેમનો ઉપદેશ સાંભળ્યા પછી જયારે લોકો પાછા જાય છે

ત્યારે તેઓ તેમણે સાંભળેલું બધુ ત્યાંને ત્યાં જ ફેંકી દે છે અને તેમના મનમાં તેમાંનું કાંઈ જ રહેવા દેતા નથી. મને લાગે છે કે આના માટે લોકો નહિ પરંતુ ઉપદેશક ખરેખર ઠપકાને પાત્ર છે કારણકે વ્યાસપીઠ ઉપરથી તે જે ઉપદેશ આપવા માગે છે તે લોકોના હૃદયમાં ઉતારવાની તેમનામાં ક્ષમતા કે શક્તિ નથી. સંકીર્તન સમારોહના સંબંધમાં પણ આવા જ અભિપ્રાય દર્શાવવામાં આવે છે. આવા સમયે ઉદભવેલું શાંત વાતાવરણ પ્રાણાહુતિની અસરના કારણો હોવાનો દ્રાવો કરવામાં આવે છે, તે ખરેખર તો સમૂહમાં ગાવાના અવાજથી પેદાં થયેલા સ્પંદનોનું પરિણામ છે. બધા જ સંગીત સમારોહમાં આપણને આવો જ અનુભવ થાય છે. આવા પ્રસંગોએ આપણું મન મોટે ભાગે તે જ વસ્તુ ઉપર કેન્દ્રિત થયેલું હોય છે અને તે સમય પુરતા આપણે બીજી વસ્તુઓ તરફ બેધ્યાન હોઈએ છીએ, સંકીર્તનમાં આપણા વિચારો કોઈ પવિત્ર આદર્શ તરફ દોરાયેલા હોય છે તેથી આપણા હૃદયમાં આપણે આપોઆપ તે જાતની લાગણી અનુભવવા માંડીએ છીએ, તેને પ્રાણાહુતિ સાથે કોઈ સંબંધ નથી.

પ્રાણાહુતિ શક્તિ એક ઘણી ઉચ્ચ કક્ષાની યોગિક સિધ્ધિ છે કે જેનાથી યોગી પોતાની સંકલ્પ શક્તિ દ્વારા કોઈ પણ વ્યક્તિમાં યોગિક શક્તિ અથવા ઈશ્વરીય પ્રકાશ આરોપી શકે છે અને તે વ્યક્તિમાં રહેલ અનિચ્છનીય અથવા તેના આધ્યાત્મિક વિકાસને નુકસાનકારક કોઈ પણ ચીજ ને તે દૂર કરી શકે છે. તે આ શક્તિ ફક્ત પોતાની આસપાસ ભેગા થયેલા ઉપરજ વાપરી શકે છે એવું નથી પરંતુ જેઓ તેનાથી દૂર હોય છે તેમના ઉપર પણ વાપરી શકે છે. આ શક્તિનો ઉપયોગ કોઈ પણ રીતે કોઈ પણ સમયે કરી શકાય છે. આ શક્તિ ઉપર જેનો કાબુ છે તે, અભ્યાસીના મનની

હાલની ઘણી આગળની મનની સ્થિતિ નજર માત્રથી ક્ષણિક કે કાયમ માટે પેદા કરી શકે છે, જે માટે નહિતર જીવનભરનો સમય જોઇએ તે ફકત પોકળ દાવો નથી પણ નક્કર હકીકત છે અને જે કોઈની ઈચ્છા હોય તે ગમે ત્યારે પ્રાયોગિક ખાત્રી કરી શકે છે. ઋષિઓએ ઘણીવાર પ્રાણાહુતિની શક્તિથી નજર માત્રથી માણસનો સંપૂર્ણ સ્વભાવ બદલી નાખ્યો છે. મહાન સંતો જેવાકે મારા સમર્થ ગુરુ ફત્તેગઢના શ્રી રામચંદ્રજી મહારાજ, સ્વામી વિવેકાનંદ અને બીજાઓના આશ્ચર્યજનક દાખલાઓ આ વાતની પૂરેપૂરી ખાત્રી આપે છે.

કયા પ્રકારની વ્યક્તિને માર્ગદર્શક કે ગુરુ તરીકે પસંદ કરવી એ પ્રશ્નનો ઉકેલ શોધવાનું મુશ્કેલ નથી. જ્યારે આપણી નજર અંતિમ લક્ષ્ય ઉપર સ્થિર થઈ હોય ત્યારે તેથી ઓછા સ્તરે પહોંચેલી કોઇપણ વ્યક્તિથી આપણે કદાપિ સંતોષ પામી શકીએ નહિ. દરેક સંત કે યોગીને સિદ્ધિ અને આત્માની ઉન્નતિનું તેનું પોતાનું સ્તર હોય છે. જો આપણે તેમાંના કોઇપણ એક સાથે શ્રદ્ધા અને ભક્તિથી આપણી જાતને જોડીએ અને તેની ઊંચામાં ઊંચી અવસ્થામાં લય પામીએ તો આપણે પોતે તેના જેવી જ ઊંચાઇ પ્રાપ્ત કરીશું. તેથી ઉચ્ચતમ સિદ્ધિવાળી વ્યક્તિને આપણા ગુરુ તરીકે પસંદ કરવાનું ખાસ જરૂરી છે. જો કમનસીબે આપણે એક યા બીજી રીતે ઓછી સિદ્ધિવાળા ગુરુની પસંદગી કરવા પ્રેરાઇએ તો આપણે આપણી પહોંચમાં તે જ પ્રમાણમાં પાછા પડીશું. સામાન્ય રીતે આધ્યાત્મિક ગુરુએ પોતાની જાતને બીજાઓને તાલીમ આપવાને યોગ્ય કદી ગણવી જોઇએ નહિ કે જ્યાં સુધી તેણે પોતાની પહોંચ ઓછામાં ઓછી બ્રહ્માંડ મંડળ (વિરાટ દેશ તરીકે પણ જાણીતું) સુધી મેળવી ના હોય કે જ્યાં દરેક ચીજ આ પાર્થિવ દુનિયામાં ખરેખર બને છે તે

પહેલાં સૂક્ષ્મ સ્વરૂપે દેખાય છે. જ્યારે ગુરુએ પોતાની જાતને તે સ્તર કે ક્ષેત્ર સાથે જોડી હોય ત્યારે તે શક્તિના અખૂટ ભંડાર સાથે સતત સંપર્કમાં રહે છે. બીજી બાજુએ, જો કોઇ વ્યક્તિ આ અવસ્થા પ્રાપ્ત કર્યા પહેલાં બીજાઓને આધ્યાત્મિક તાલીમ આપવાનું શરૂ કરે તો તે પોતાની શક્તિ ખોવા માંડે છે એટલું જ નહિ પરંતુ તેના હાથ નીચે તાલીમ લેનારાઓની સ્થૂળતા અને સંસ્કારોથી તે દૂષિત થાય છે અને પરિણામે તે પોતે ઘણી ઝડપથી બગડે છે.

આપણા મિશનમાં આ કક્ષાએ પણ તાલીમ આપવાની રજા સામાન્ય રીતે આપવામાં આવતી નથી. જ્યારે વ્યક્તિ શિક્ષક કે ગુરુ હોવાનો સહેજ પણ ખ્યાલ તેના હૃદયમાં રાખે નહિ ત્યારે તે ખરેખર બીજાને તાલીમ આપવા માટે લાયક કહેવાય. હું માનું છું કે જો ગુરુ બનવાનો વિચાર તેના જીવનમાં એક વાર પણ તેના મનમાં આવે તો તે આખી જિંદગી માટે ગુરુ બનવા અયોગ્ય બને છે. આ ખ્યાલની હાજરી માત્ર સૂચવે છે કે તે સ્વમહત્ત્વની અગર મોટાઇની લાગણી તેના હૃદયમાં સંઘરી રાખે છે. ગુરુ બનવાની સભાનતા પોષવામાં આવે તો તે જલદીથી અહંકારના ઉદ્ધત સ્વરૂપ અભિમાનમાં વિકાસ પામે છે અને તેથી તે અંતિમ ખામીઓમાં વિકાસ પામે છે કે જે ગુરુ માટે સૌથી ખરાબ ઊણપો છે. આથી આ ક્ષેત્રમાં ગુરુ તરીકે આવતા પહેલાં વ્યક્તિએ આવાં અનિષ્ટો દૂર કરવાં જરૂરી છે. ઇશ્વરજ આપણો સાચો ગુરુ કે માલિક છે. અને આપણે તેનામાંથી દિવ્ય પ્રકાશ મેળવીએ છીએ. પણ સામાન્ય બુદ્ધિવાળા માણસ માટે ઇશ્વર પાસેથી સીધી પ્રેરણા મેળવવી ખૂબ મુશ્કેલ હોવાથી, આપણે આપણામાંના એક કે જેણે સર્વશક્તિમાન સાથે પોતાનું જોડાણ સ્થાપિત કર્યું હોય તેની મદદ શોધીએ છીએ.

આથી એ તદ્દન સ્પષ્ટ છે કે જે વ્યક્તિ ગુરુ કે માલિક તરીકે બહાર આવે છે તેણે ખરેખર ઇશ્વરના અધિકારની જગ્યા પચાવી પાડી છે અને આથી તે ઇશ્વરની ફક્ત નિંદા સિવાય બીજું કાંઇ નથી. આથી તેણે ઇશ્વરના નામે માનવતાની સેવા કરતા પોતાને ઇશ્વરનો સૌથી નમ્ર સેવક ગણવો જોઇએ. આમ અહંકાર માટે અને તેના પરિણામી અનિષ્ટો કે જે આજકાલ કમનસીબે બહુ સામાન્ય છે તેના માટે કોઇ જગ્યા રહેશે નહિ. જ્યાં આવા અનિષ્ટોનું જોર હોય છે ત્યાં પરમતત્ત્વ સંપૂર્ણપણે અવિદ્યમાન હોય છે. આથી ગુરુ અગર ધર્મશિક્ષકે પોતાના હૃદયમાંથી મોટાઇ અને શ્રેષ્ઠતાની સૌથી બારીક લાગણી પણ દૂર કરવી જોઇએ અને પોતાની જાતને સૌથી નમ્ર સાથીદાર કે માનવતાના સેવક તરીકે ગણવી જોઇએ. મારા પૂજ્ય સ્મરણીય સદ્‌ગુરુ એક દાખલો હતા. પોતાના સમગ્રજીવન દરમિયાન તેઓ પોતાના સાથીઓ સાથે ભાઇઓની જેમ વર્ત્યા. તેઓ તેમના શિષ્યો હતા એવો વિચાર એકવાર પણ તેમના મનમાં ક્યારેય આવ્યો નહોતો. તેઓ તેમના શિષ્યોને પણ અંગત સેવા આપવા માટે હંમેશાં તૈયાર રહેતા અને ઘણી બધી વાર તેઓની જાણ બહાર તેમણે તેમ કર્યું હતું. હું વિચારું છું અને મને લાગે છે કે ગુરુ માલિક તરીકેનું પદ છોડી દે અને માનવતાના સામાન્ય સેવક તરીકે પોતાની જાતને ગણે તે આવશ્યક વસ્તુ છે. શિષ્યો પાસેથી અંગત સેવા લેવાનો તેમનો દાવો, અતિશય જરૂરિયાતના પ્રસંગો સિવાય અને તે પણ ફક્ત તેટલી જ સેવા કે જેટલી તે પોતે તેમના શિષ્યોને આપવા તૈયાર હોય, તે સિવાય, [illegible] કહી શકાય નહિ, મોટા ભાગના કહેવાતા ગુરુઓ આજકાલ આ રીતને પ્રોત્સાહન આપે છે કારણ કે તેમને અંગત સગવડ આપે છે અને તેમના મિથ્યાભિમાનને પોષે છે. તેઓ કહે છે કે ગુરુના

ચરણને સ્પર્શ કરવાથી કે તેમના હાથપગને માલિશ કરવાથી ગુરુમાંથી શિષ્ય તરફ ચુંબકીય પ્રવાહ વહેવા લાગે છે કે જે શિષ્યને પવિત્ર સંસ્કારો બનાવવામાં મદદ કરે છે. આમ આ રીતથી શિષ્ય ગુરુમાંથી ઘણી પવિત્રતા અને શુદ્ધતા મેળવે છે. આ કદાચ સાચું હોઇ શકે પણ હવે એક ક્ષણ માટે મને તેમને એક પ્રશ્ન પૂછવા દો કે જો ગુરુ શિષ્યની આવી જ સેવા કરે તો આ જ વસ્તુ બનવાનો સંભવ ખરો કે નહિ?

હું માનું છું કે આની ના પાડવાની કોઇ હિંમત કરી શકે નહિ. આથી દેખીતું છે કે આની પાછળ અંગત સગવડ અને આરામ સિવાય બીજો કોઇ હેતુ નથી. મારા નમ્ર અભિપ્રાય મુજબ આ પ્રક્રિયા હવે સમયની જરૂરિયાત પ્રમાણે ઊલટાવવી જોઇએ અને ગુરુએ જાતે પોતાના શિષ્યોને આવી સેવા આપવી જોઇએ. ગુરુની સ્થિતિ ખરેખર ઘણી વિચિત્ર છે. જો તે પોતાને સમર્થ ગુરુ તરીકે અને તેથી પોતાના સાથીઓ કરતાં ઊંચી કક્ષાએ હોવાનું સમજે તો તે સમજ ગુરુમાં સૌથી ખરાબ પ્રકારનો અહંકાર બનશે. પોતાના ગુરુની પ્રેમ અને ભક્તિથી સેવા કરવી તે ખરેખર શિષ્યે જોવાનું છે અને તે માગવાનો ગુરુનો કોઇ હક્ક કે વિશેષ અધિકાર નથી. મને એક દાખલાની યાદ આવે છે. એક સીધો સાદો માણસ એક વખત આવા સામાન્ય પ્રકારના ગુરુ પાસે ગયો અને તેમના શિષ્ય બનવાનો પ્રસ્તાવ મૂકયો. ગુરુપણાની પોતાની પકકડમાં એકનો ઉમેરો થવાની આશાથી ખુશ થયેલ ગુરુ તેને શિષ્ય તરીકેની ફરજો સમજાવવા લાગ્યા. તેમણે કહ્યું કે, તમારે આખો વખત ગુરુની અંગત જરૂરિયાતો અને સેવાઓનું કાર્ય કરીને તમારા ગુરુને સંપૂર્ણ સમર્પિત થવું જોઇએ. તારે દરરોજ સવાર- સાંજ તેમને સાષ્ટાંગ પ્રણામ કરવા જોઇએ અને ગુરુ સૂઇ ગયા પછી

સૂવું જોઇએ અને તેમના જાગ્યા પહેલાં ઊઠવું જોઇએ ને ભલા માણસે આ બધું કરવા માટે પોતે અશક્તિમાન જાણાતાં નિર્દોષભાવે પૂછયું કે તે તેનું કડક રીતે પાલન કરવામાં નિષ્ફળ જાય તો તેનું શું પરિણામ આવશે.

તેનો દ્રઢ જવાબ મળ્યો કે તેને કાઢી મૂકવામાં આવશે અને તેનો સર્વનાશ થશે. પછી તેણે નમ્રતાથી કહ્યું કે, તેઓ તેને ગુરુ તરીકે સ્વીકારશે તો તે તેમની ઘણી કૃપા થશે. આપણે ઘણીવાર ગુરુ અને તેમના શિષ્ય વચ્ચે ઈર્ષાઓ અને ઘર્ષણોના દાખલા જાણીએ છીએ. આ બધું શેના કારણે? તે ફક્ત સ્વાર્થી હિત અગર વ્યક્તિગત ફાયદાના કારણે હોય છે. આથી ગુરુ ખરેખર કોઇ વ્યક્તિગત હેતુ અગર સ્વાર્થી હિતથી સંપૂર્ણપણે મુક્ત હોવા જોઇએ. અભિમાન કે મહત્તાની બધી લાગણીઓથી તે સંપૂર્ણપણે મુક્ત હોવા જોઇએ. તે નિઃસ્વાર્થી માણસ અને મોટેભાગે માનવતાનો સાચો સેવક હોવો જોઇએ. અને તે નામ, ખ્યાતિ કે પૈસાના કોઇ પણ જાતના સ્વાર્થી હેતુ વગર લોકોને શુદ્ધ પ્રેમથી શિક્ષણ આપતો હોવો જોઇએ. સૌથી વધારે દૂરની હદ સુધી તેની પહોંચ હોવી જોઇએ અને તેની પાસે યોગિક પ્રાણાહુતિની શક્તિ હોવી જોઇએ. જો આપણે સંપૂર્ણ સફળતા જોઇતી હોય તો આવા માણસને આપણે આપણા માર્ગદર્શક તરીકે શોધવો જોઇએ. અયોગ્ય ગુરુની દોરવણીને માનવી તેના કરતાં આખી જિંદગી ગુરુ વગર રહેવું તે વધારે સારું છે.

◆ ◇ ◆ ◇ ◆

૫. આધ્યાત્મિક ઘડતર

આજનું આપણું નૈતિક અને ધાર્મિક અધઃપતન મોટે ભાગે આપણી આસપાસના વાતાવરણ અને આપણા ખોટા ઘડતરને લીધે છે. શિક્ષણ અને ઘડતરના દરેક તબક્કામાં મનના યોગ્ય ઘડતરની ઉપેક્ષા કરવામાં આવી છે. માનવી ઉમદા અને સગવડભર્યું જીવન પામવા શક્તિમાન બને તે માટે યોગ્ય પ્રકારનું દુન્યવી શિક્ષણ આપવાનો દરેક શક્ય પ્રયત્ન કરવામાં આવે છે પરંતુ આત્મસાક્ષાત્કાર માટે જરૂરી યોગ્ય ઘડતરની સંપૂર્ણ અવગણના કરવામાં આવે છે. જીવનની આ અત્યંત આવશ્યક સમસ્યા તરફ જો મહત્ત્વ આપવામાં આવતું હોય તો તે સૌથી ઓછું આપવામાં આવે છે. કોઇ દેવ- દેવીઓની પ્રસંશા કરતા થોડા શ્લોકોનું દરરોજ રટણ કરવું અથવા પૂજાની રીતથી કેટલીક યંત્રવત્ વિધિઓ કરવી તે જ ફક્ત આમજનતાને શીખવવામાં આવે છે. તેથી તેઓ મોટેભાગે કોઇપણ જાતના ફાયદા વગર જીવનભર તે બધું કર્યા કરે છે. તેમનામાં હજી પણ આંતરિક શાંતિનો અભાવ ચાલુ રહે છે. મનમાં કાર્યો જેવાં કે ઇચ્છાઓ, લાલસાઓ અને લાગણીભર્યા ઉભરાઓ પહેલા હતા તેની તે જ સ્થિતિમાં ચાલુ રહે છે. આધ્યાત્મિક કેળવણીનો મુખ્ય હેતુ તો માણસ શક્ય તેટલા ઇશ્વરીય ગુણધર્મો પોતાનામાં ઉતારવાનું શરૂ કરે તે હોય છે. જો આવી પ્રાપ્તિ ન થાય તો કેળવણીની પદ્ધતિ ખામી ભરેલી છે અને પરિણામે કોઇ ઉપયોગની નથી. માનવીનું યોગ્ય ઘડતર કેળવણીની સાચી રીતનું સાહજિક પરિણામ હોવું જોઇએ. યોગ્ય ઘડતરમાં, આપણી બધી ઇન્દ્રિયો અને વૃત્તિઓનાં કાર્યોમાં જરૂરી સમભાવ લાવીને મનને યોગ્ય રીતે ઘડવું તેનો સમાવેશ થાય છે. આથી શક્તિશાળી ગુરુનાં

માર્ગદર્શન નીચે યોગ્ય પ્રકારની કેળવણી આપણા યોગ્ય ઘડતરમાં અત્યંત મહત્વપૂર્ણ તથા આવશ્યક છે કે જેના વિના આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉચ્ચ સ્તરોની પ્રાપ્તિ સંભવ' નથી. મોટા ભાગના લોકોનું એક યા બીજી રીતે ઇશ્વર તરફનું કુદરતી વલણ હોય છે, છતાં પણ ઇશ્વરના સાક્ષાત્કારમાં સફળ થયા હોય તેવા ઘણાં ઓછા હોય છે. આનું કારણ ખામીભર્યું માર્ગદર્શન અને ખોટી કેળવણી છે કે જે માનવીને સાચા રસ્તેથી દૂર લઇ જાય છે, જેના પરિણામે તે હંમેશ માટે ખોવાઇ જાય છે. સામાન્ય માનસિક શક્તિવાળા માણસ માટે પોતાની કેળવણી સાચી દિશામાં છે કે નહિ તેનો નિર્ણય કરવાનું ઘણું અઘરું કાર્ય છે. માણસે જેને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા હોય તેની સૂચનાઓનું તે કહ્યાગરા બનીને અને શંકા કર્યા વગર પાલન કરે છે અને જે કરવાનું તેને કહેવામાં આવે છે તેનો અમલ કરે છે. તેને સાચે રસ્તે દોરવામાં આવી રહ્યો છે કે નહિ તે નક્કી કરવાનું તેને માટે ઘણું મુશ્કેલ છે. જે લોકો પોતે સાક્ષાત્કારને લગતી બાબતોથી સાવ અજ્ઞાત છે તેમને માટે આ મોટી સમસ્યા છે. તમોને અસંખ્ય ધર્મગુરુઓ મળશે કે જે તમોને લસણ, ડુંગળી કે ગાજર ખાવાની ના પાડશે અને જે સાધના કે વિધિઓનું કોઇ સાચું મહત્વ નથી અથવા બીજી આવી નજીવી સેંકડો બાબતો કે જે સત્યની નજીક એક ડગલું પણ આગળ કદી લઇ જશે નહિ તેને અપનાવવાનો આગ્રહ રાખશે. આ કોઇ કેળવણી નથી. આવા ગુરુઓ ખરેખર પોતાની જાતને તેમજ જેમને તેઓ શીખવે છે તેમને પણ છેતરે છે. તમોને ખાતરી હોવી જોઇએ કે જ્યાં સુધી તમારા અભ્યાસના સહજ પરિણામરૂપે આંતરિક શાંતિ, મનની સ્વસ્થતા, સાદાઇ અને હળવાશ ના આવે તો તમે ખોટી દિશામાં આગળ વધી રહ્યા છો અને તમારી કેળવણી ખામી ભરેલી છે.

સામાન્ય રીતે મોટા ભાગના ગુરુઓએ આજે અપનાવેલી આધ્યાત્મિક કેળવણીની પદ્ધતિઓ કડક નિયમો ઉપર રચાઇ છે કે જેનો અનેક દાખલાઓમાં આપણા દુન્યવી જીવન સાથે સુમેળ નથી. આથી મોટાભાગના દાખલાઓમાં દુન્યવી જીવન ગાળનારાઓ માટે તે અવ્યવહારૂ બને છે. સામાન્ય રીતે ગુરુઓ લોકોને દુન્યવી બાબતોથી અલગ પ્રકારનું જીવન અપનાવીને સંયમ કેળવવાની અને કલાકો સુધી ભક્તિ કરવાની પ્રેરણા આપે છે. મોટા ભાગના લોકો કે જેઓ પોતાની જાતને દુન્યવી બંધનોથી અલગ કરી શકતા નથી અથવા પૂજાને લગતી ક્રિયાઓને આટલો બધો સમય આપી શકતા નથી, તેમને માટે દેખીતી રીતે આવા પ્રકારની કેળવણી હોવી જોઇએ નહિ. આ કારણને લીધે જ તેમના ઉપદેશોની ધારેલી અસર પડતી નથી અને તેમના ઉત્તમ પ્રયત્નો હોવા છતાં તેઓ (આવા) લોકોને તે મુજબ ઘડવામાં નિષ્ફળ નીવડે છે. હકીકત એ છે કે તેઓ વ્યવહારુ હોવા કરતાં વધારે સૈદ્ધાંતિક છે. મોક્ષ માટે દુનિયાનો ત્યાગ કરવાનું જનસમુદાય માટે કદાપિ શકય છે? ચોક્કસ નહિ. તો પછી તેમના ઉપદેશોમાંથી સામાન્ય લોકો સારું શું મેળવે છે? ગૃહસ્થાશ્રમ કે પારિવારિક જીવનમાં આધ્યાત્મિકતાની વધુ ઉચ્ચ સિદ્ધિઓ મેળવવાનું શકય નથી એવા ખોટા ખ્યાલ જાહેર કરવા તેમાંના કેટલાક પૂરતા પ્રમાણમાં બેશરમ પણ હોય છે, તેનો ખરેખર અર્થ એ છે કે સામાન્ય લોકોને આપવા માટે કેટલીક ઉપરછલ્લી વાતો જેવી કે વારંવાર ગંગાસ્નાન કરવું, માછલીઓને લોટની ગોળીઓ ખવડાવવી અથવા ધર્મગ્રંથોનું વારંવાર વાંચન કરવું તે સિવાય તેમની પાસે કાંઇ હોતું નથી. જેમણે દુનિયાનો ત્યાગ કર્યો છે એવા પસંદ કરેલા થોડા લોકો માટેની સાચી સમસ્યા નથી પરંતુ જેમની ભક્તિ ઉપરાંત દુન્યવી ફરજો અનેક ઘણી છે અને જેમને સહેલાઇથી

અવગણી શકાય નહીં, એવા મોટા ભાગના લોકોની આધ્યાત્મિક કેળવણી આપવાની સમસ્યા છે. જો તેઓ તેમાંની એક પણ ફરજ પ્રત્યે બેપરવા રહે તો તેઓ ખરેખર પોતાની ફરજ ચૂકે છે. તેમને માટે તેમનું આધ્યાત્મિક તેમજ દુન્યવી જીવન એકસરખું તેજસ્વી અને સમાંતર ચાલતું રહે તે જરૂરી છે અને તેના માટે આપણે યોગ્ય સાધનો શોધવાના છે.

આમ, સામાન્ય લોકોના આધ્યાત્મિક વિકાસ માટે હાલના દુન્યવી જીવન સાથે વધુ બંધબેસતી યોગ્ય આધ્યાત્મિક તાલીમ ફક્ત એક જરૂરી વસ્તુ છે અને દુર્ભાગ્યે જેની અત્યાર સુધી અવગણના કરવામાં આવેલી છે. આવા પ્રકારની તાલીમ માટે આપણને મોટા ભાગના દાખલાઓમાં બહારની મદદની જરૂર પડે છે. આવી મદદ જે આપણા ભવિષ્યને આધાર બનાવવા એક જ સમર્થ વ્યક્તિ છે તેવા ગુરુ કે માલિક તરફથી મળે છે. જ્યારે આવી મદદ મળે છે ત્યારે આધ્યાત્મિક જીવનનો ઉદય થાય છે અને આત્માની ઉચ્ચતર શક્તિઓ આપણા વિકાસમાં મદદ કરવા જાગૃત થાય છે.

આવી પ્રેરણા જે ગમે તે સમયે આપણી મુશ્કેલીઓ ઉકેલવા તૈયાર હોય તેવા આપણી નજદીકના આપણા પોતાના સાથીઓ પૈકીના ઉચ્ચતમ કક્ષાના ફક્ત એકની પાસેથી મેળવવાની હોય છે. દેવો અને યક્ષો કે કોઇ મૃતાત્માને ગુરુ અગર માલિક ગણીને તેમની પાસેથી પ્રેરણા અગર માર્ગદર્શન મેળવવાની રીત મોટા ભાગના દાખલાઓમાં ઘણી જોખમકારક છે. તેઓ પોતાના અંતરના અવાજમાંથી માર્ગદર્શન મેળવવાનો દાવો કરે છે તેમના માટે પણ આવી જ બાબત છે. હું એવા લોકોના સંપર્કમાં આવ્યો છું કે જેઓ મનમાં પેદા થતી બધી તકરારી બાબતોમાં પોતાના અંતરના અવાજને સાચો માર્ગદર્શક માનીને તેના ઉપર ઘણો ભાર મૂકે છે. આપણી પાસે તેમના કહેવાતા અંતરના અવાજ ઉપર

આધાર રાખનાર લોકોના નક્કર દાખલા છે કે જેઓ આધ્યાત્મિક ક્ષેત્રમાં ગેરરસ્તે દોરવાઇ ગયેલા માલૂમ પડયા છે. ખરેખર જેને તેઓ પોતાના અંતરનો અવાજ અથવા મૃતાત્મા તરફની પ્રેરણા માને છે તે ફક્ત શિસ્ત વગરના મનની રમત છે. જો થોડા સમય માટે આવી અનિચ્છનીય પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવે તો તે મનને એટલું બધું બિનજરૂરી શક્તિશાળી અને વધારે પડતું કાર્યશીલ બનાવે છે કે જેથી તે પોતે સવાલ કરવાનું અને જવાબ આપવાનું શરૂ કરે છે. આને લોકો યોગિક સિદ્ધિના એક તબક્કા તરીકે ઘણીવાર ખોટી રીતે સમજે છે કે જ્યાં વ્યક્તિ મૃતાત્માઓના સંપર્કમાં રહેવાની શક્તિ મેળવે છે. ખરેખર તેઓ તેનાથી ઘણાં દૂર હોય છે. અંતરનો અવાજ અથવા સાચાં આત્માનો અવાજ શંકા વગર કદાપિ ગેરરસ્તે દોરતો નથી પરંતુ તેને સમજવા માટે જરૂર પૂરતા આગળ કેટલા હોય છે? જેઓ અંતરના અવાજને અનુસરતા હોવાનો દાવો કરે છે તેમાંથી ઘણાને તે તદ્દન સંભળાતો નથી. મન કે જે પોતાની જાતે કોઇપણ ચીજ કે દરેક ચીજ પેદા કરી શકે છે તેની આશ્ચર્યજનક કામ કરવાની વૃત્તિઓથી તેઓ ફક્ત મૂર્ખ બને છે. તે તેમની દ્રષ્ટિમાં ભયંકર ભૂતો પણ બતાવે છે. અથવા વૃક્ષો અને પથ્થરોમાં વિચિત્ર અવાજો સંભળાય છે. આ બધુ શિસ્ત વગરના અને દૂષિત સ્થિતિવાળા મનથી પ્રવૃત્તિઓના કારણે થાય છે. જ્યાં સુધી મલ, વિક્ષેપ અને આવરણના પડો દૂર કરવામાં આવે નહિ અને મનને સંપૂર્ણ સમતુલા અને સમભાવની સ્થિતિમાં લાવવામાં આવે નહિ ત્યાં સુધી આંતરિક અવાજ દ્વારા પ્રેરણા અથવા માર્ગદર્શન અર્થ વગરનું છે. જેઓ અંતરના અવાજને અનુસરવાનો અથવા મૃતાત્મા તરફથી માર્ગદર્શન મેળવવાનો દેખાવ કરે છે તેમાંથી ઘણા ખરેખર તેમના પોતાના શિસ્ત વગરના અને અનિયંત્રિત મનની

આજ્ઞાઓને અનુસરતા હોય છે. તે ફક્ત ભ્રમ છે. જો આપણે આવી અનિષ્ટ ટેવ વિકસાવીશું તો આપણે હંમેશ માટે નષ્ટ થઇ જઇશું. તે આપણને સતત માનસિક ચિંતા અને હેરાનગતિ તરફ દોરે છે. હું કહેવાતા ભક્તો પૈકીના એક જાણીતા સજ્જનને ઓળખું છું કે જેમણે રામાયણના લેખક તુલસીદાસ જેમને તેમણે પોતાના ગુરુ તરીકે માન્યા હતા, તેમના આત્મા સાથે સીધો સંપર્ક સ્થાપિત કર્યો હોવાનો તેઓ દાવો કરતા હતા. તે પોતાની માની લીધેલી સિદ્ધિ ઉપર થોડા સમય માટે આનંદિત રહેવા લાગ્યા. પછીથી તેઓ અને તેમના સ્વર્ગીય ગુરુ વચ્ચે ઝઘડો ઊભો થયો કે જે ઉગ્ર તકરારમાં પરિણમ્યો. જેના કારણે તેમના કહેવા પ્રમાણે, તેમને સતત શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને તેના પરિણામે તેમની માનસિક સમતુલા લગભગ તૂટી ગઇ હતી તેમજ તેઓ અત્યંત દુઃખી થઇ ગયા હતા, તેમની સાથેની બે વર્ષની સખત મહેનત પછી તેઓ આ અનિષ્ટમાંથી સ્વસ્થ થયા હતા.પછીથી તેઓ સમજી શકયા કે તે બધી ભ્રમણા કે જાતની છેતરામણી હતી અને જેને તેઓ તુલસીદાસના આત્મા તરફથી પ્રેરણા હોવાનું સમજ્યા હતા તે ખરેખર તેમના પોતાના અશિસ્ત મનની જાદુઇ રમત હતી. જ્યારથી તે તેવી દુઃખદાયક સ્થિતિમાંથી મુક્ત થયા છે ત્યારથી હવે તેમને શાંતિ અને સ્વસ્થતા પાછી મળી હોય તેમ અનુભવે છે. આંતરિક અવાજ ખરેખર મનની સંપૂર્ણ શુદ્ધ અવસ્થાનો અવાજ હોય છે, જ્યાં સુધી મનને બધી ગંદકીઓ અને દૂષણોથી શુદ્ધ કરવામાં ન આવે અને સંપૂર્ણ શાંતિ તેમજ સંતુલિત સ્થિતિમાં લાવવામાં ન આવે ત્યાં સુધી તે કદાપિ અંતરના અવાજનો પડઘો પાડી શકે નહિ. હકીકતમાં જેનું મન સંપૂર્ણપણે શુદ્ધ હોય છે તેના એકલાનો જ અંતરનો અવાજ હંમેશાં બોલે છે અને બહુ વિકાસ પામેલા મુક્તાત્માઓ તરફથી

તેના તરફ સતત પ્રેરણા વહેવાનું ચાલુ રહે છે. (અશુદ્ધ મનની ભ્રમણાને અંતરના અવાજ તરીકે સમજી લેવાની) આ રીત આમ દેખીતી રીતે ઘણી જોખમકારક અને મોટાભાગના દાખલાઓમાં વિનાશક પરિણામો તરફ દોરી જાય છે.

ઈશ્વરનો સાક્ષાત્કાર કે જે ઘણા જન્મો સુધીના સતત પ્રયત્નો અને સખત મહેનત માગી લે છે અને તેના કારણે અત્યંત મુશ્કેલ હોવાનું અત્યાર સુધી મનાય છે તે ખરેખર તેવો નથી. ઈશ્વર સરળ છે અને તેવા જ સરળ સાધનો દ્વારા મેળવી શકાય છે. સાક્ષાત્કાર માટે ગુરુઓએ બનાવેલા જીવનના કડક નિયમો તેમજ થકવી નાંખે તેવી સાધનાઓએ આ બાબતોને ખરેખર એટલી બધી જટિલ બનાવી દીધી છે કે લોકો તેને (સાક્ષાત્કારને) પોતાની શક્તિ અને ક્ષમતાની બહાર હોવાનું માનવા દોરાય છે. હું તેમને ખૂબ પ્રમાણિકપણે ખાત્રી આપું છું કે જો તમે તમારું ધ્યાન ગંભીરતાથી તેના તરફ વાળો તો સાક્ષાત્કાર જરાય મુશ્કેલ વસ્તુ નથી. યોગ્ય સાધનો અને દોરવણી સાથેનું ધ્યેય પ્રાપ્ત કરવાનું દ્રઢ મનોબળ તે સંપૂર્ણ સફળતા માટેની જરૂરી એકમાત્ર વસ્તુ છે.

આધ્યાત્મિક તાલીમ આંતરિક સફાઈ અથવા ચક્રોના શુદ્ધિકરણથી શરૂ થાય છે કે જે આધ્યાત્મિક પ્રગતિમાં અત્યંત જરૂરી ભાગ છે. આમ આધ્યાત્મિકતામાં તાલીમની ખરી રીત આંતરિક સફાઈથી શરૂ થાય છે અને જો તેના તરફ બેદરકારી રાખવામાં આવે તો તે યોગિક સાધનો દ્વારા મેળવેલી શક્તિનો દુરુપયોગ કરવા તરફ દોરી જશે. હઠયોગ સફાઈ કરવા માટે મોટેભાગે શારીરિક ક્રિયાઓ બતાવે છે કે જેમાંની કેટલીક ક્રિયાઓ તો દરેકને માટે ઘણી અઘરી અને કંટાળાજનક હોય છે, જ્યારે સહજ માર્ગ પદ્ધતિમાં ગુરુ દ્વારા આરોપણ થયેલી શક્તિની મદદથી ઘણી સહેલી માનસિક ક્રિયાઓ વડે તે પાર પડે છે. કેટલાક ધર્મગુરુઓ ઘણીવાર કેટલીક યંત્રવત્ ક્રિયાઓ

કરવા માટે દિવસના આઠ કલાક જેટલો સમય આપવાનો લોકોને આગ્રહ કરે છે કે જેથી તેમનું મન ઈશ્વરીય વિચારોમાં રોકાયેલું રહે, તાલીમનો પ્રકાર કે જે એવી ક્રિયાઓ લાદે અને જે મગજ ઉપર ભાર લાવે અગર મન ઉપર વધુ પડતો બોજો નાખે તેને હું સખત રીતે વખોડું છું. આવી તાલીમનું સ્વાભાવિક પરિણામ એ છે કે મનને વિકાસ માટે કોઈ તક મળતી નથી અને પરિણામે સાક્ષાત્કાર કરવાની શક્તિ ઓછી થઈ જાય છે. આ તો કોઈ બાળક ધ્યાન આપે તે માટે તેને મારવા બરાબર છે. મનના ઘડતર કે ચક્રોની શુદ્ધિ માટે ગુરુઓએ સામાન્ય રીતે સૂચવેલ લાંબી અને કંટાળાજનક શારીરિક ક્રિયાઓ સાથેની સખત મહેનત પરિણામે બહુ લાભદાયી નથી. આ હેતુ માટે આપણે આપણી વિચારશક્તિને સમર્થ સદ્ગુરુના માર્ગદર્શન નીચે યોગ્ય રીતે વાપરીએ છીએ કે જેઓ આપણી પ્રગતિને રૂંધતી જટિલતાઓ અને ગૂંચવણોને દૂર કરવા શક્તિશાળી છે અને જે આપણા આધ્યાત્મિક જીવનને વ્યવસ્થિત રીતે રાખવા માટે પ્રાણાહુતિ દ્વારા જરૂરી શક્તિ આપણામાં આરોપે છે. આધ્યાત્મિક તાલીમની આ સરળ બનાવેલી પદ્ધતિએ દરેક વ્યક્તિ ચાહે તે પુરુષ કે સ્ત્રી, યુવાન કે વૃદ્ધ, ગૃહસ્થી કે વૈરાગી હોય, તેને ઉચ્ચતમ આધ્યાત્મિક ઊંડાણ શક્ય બનાવ્યું છે.

સાચા પ્રકારની તાલીમમાં પહેલું પગથિયું એ છે કે સાધકના મનનાં વલણો ઈશ્વર તરફ વાળવામાં આવે. આને માટે ધર્મના વિદ્વાન ગુરુઓ ધાર્મિક પુસ્તકોમાંથી લીધેલી તન અને મનની શારીરિક ક્રિયાઓ મોટેભાગે બતાવે છે. આવી ક્રિયાઓને અનુસરવાનું લોકોને ઘણીવાર અઘરું કામ લાગે છે. અને આમ તેઓ અચોક્કસપણે શરૂઆતથી જ ઢીલ કર્યા કરે છે અને તેથી આગળ પ્રગતિ થતી નથી. શક્તિશાળી ગુરુએ કાયમી અને ઘેરી અસર પેદા કરવા માટે અભ્યાસીમાં

પ્રાણાહુતિની શક્તિથી પોતે પ્રયોગ કરવો જોઇએ. જ્યારે આપણું મન ઇશ્વર તરફ વાળવામાં આવે છે ત્યારે આપણે સ્વાભાવિક રીતે આપણા બધા કૃત્યો અને કાર્યોમાં સર્વશક્તિમાન સાથે સંપર્કમાં હોવાનું આપણી જાતે અનુભવવાનું શરૂ કરીએ છીએ જ્યારે આપણા હૃદયમાં મનની આ સ્થિતિ સ્થાયીપણે સ્થપાઇ જાય છે ત્યારે આપણે કરીએ તે દરેક કાર્ય ભક્તિના અગર ઇશ્વર પૂજાના એક ભાગ રૂપે હોવાનું જણાશે અને તેથી આપણે આખો વખત ઇશ્વરના સતત સ્મરણમાં રહીશું. અભ્યાસી હૃદયમાં આંતરિક સ્પંદનો અનુભવવાનું જલદીથી શરૂ કરે છે. આ 'શબ્દ' અથવા 'અજપા' તરીકે ઓળખાતી આધ્યાત્મિક અવસ્થાની શરૂઆત છે. જ્યારે આપણે યોગ્ય માર્ગદર્શન હેઠળ સાચા માર્ગે આગળ વધીએ છીએ ત્યારે તે દશા આપોઆપ વિકાસ પામે છે. લાંબા સમયથી બાહ્ય રીતે જપ કરનાર અમુક લોકો કેટલીક વખત ઊંઘમાં પણ હંમેશ મુજબ તેઓ જપ કરતા હોય એમ અનુભવે છે. આને તેઓ 'અજપા' કે 'શબ્દ' તરીકે ખોટી રીતે સમજે છે. પણ ખરેખર તેવું નથી. સતત અભ્યાસને લીધે તેમના હૃદય અને જીભને તેની ટેવ પડી જાય છે અને જ્યારે તેઓ ઊંઘમાં કે બીજી રીતે અજાણપણામાં હોય ત્યારે પણ આ કાર્ય ચાલુ રહે છે તેમ છતાં જો તેઓ થોડા વખત માટે આ રીત છોડી દે તો તે બંધ થઇ જાય છે. આ ફક્ત ટેવની અસરના લીધે હોય છે. અને 'અજપા'ની ખરી સ્થિતિ નથી. વર્ષોની ખૂબ મહેનત પછી મેળવેલી ઊંચી આધ્યાત્મિક પ્રાપ્તિ કે જે સાચી અજપાની સ્થિતિ મનાય છે તે પ્રાણાહુતિની પ્રક્રિયા દ્વારા યોગ્ય તાલીમથી ફક્ત અઠવાડિયામાં કે તેથી વધુ જલદી દિવસોમાં મેળવી શકાય તેવી બાબત છે. આથી પેદા થયેલા સ્પંદનો કેટલાક સમય સુધી હૃદયમાં રહે છે અને પછીથી તે ધીરે ધીરે બીજા ચક્રો સુધી અને છેવટે શરીરના દરેક અણું

સુધી વિકસે છે. પછીથી તે 'અનહદ' તરીકે ઓળખાય છે. આપણા મિશનમાં ભલામણ કરેલી અપનાવવાની પદ્ધતિ કાર્યક્ષમ દોરવણી હેઠળ ધ્યાન કરવાનું છે અને આ દોરવણી અત્યંત ઉપયોગી અને કદાચ સંપૂર્ણ સફળતા મેળવવાનું એકમાત્ર સાધન છે.

સામાન્ય રીતે લોકો ધ્યાનના સમયે તેમના મનમાં અસંખ્ય વિચારો આવતા હોવાની ફરિયાદ કરે છે. જ્યાં સુધી તેઓ તેમના મનને સ્થિર કરી શકે નહિ ત્યાં સુધી તેઓ તેમના અભ્યાસમાં નિષ્ફળ ગયા છે એવું તેઓ માને છે. પણ તે એમ નથી. આપણે એકાગ્રતાનો અભ્યાસ કરતા નથી પણ ફક્ત ધ્યાનનો અભ્યાસ કરીએ છીએ. તે વખતે આપણા મનમાં બહારના વિચારો આવી જાય તેના તરફ બેદરકાર રહીને આપણે ધ્યાન ચાલુ રાખવું જોઇએ. વિચારોનો પ્રવાહ આપણા સભાન મનની પ્રવૃત્તિઓને લીધે છે કે જે મન કદાપિ શાંત હોતું નથી. જ્યારે આપણું જાગૃત મન આમ તેમ ભટકયા કરે છે અને અસંખ્ય વિચારો કરે છે ત્યારે પણ આપણે આપણા અર્ધ જાગૃત મનથી ધ્યાનમાં પરોવાયેલા રહીએ છીએ. આમ આપણે કોઇ પણ રીતે કશું ગુમાવતા નથી. સમય જતાં પૂરતા અભ્યાસ પછી જાગૃત મન પણ ઘડાય છે અને અર્ધ જાગૃત મન સાથે સુમેળ સાધીને કાર્ય કરવાનું શરૂ કરે છે. આમ મેળવેલું પરિણામ ઊંડા મૂળ નાખેલું અને કાયમી હોય છે. અને છેવટે શાંતિ કે જે આત્માની લાક્ષણિકતા છે તે સર્વોપરિ બને છે.

અમુક દાખલાઓમાં મેં કેટલાકને પૂજા કરાવતા સમયે મનની સામાન્ય ક્રિયાઓ બંધ કરવા માટે તેમની ઇચ્છા શક્તિ વાપરતા અને થોડા સમય માટે અભાનતા અગર મગજની સ્થગિતતા પેદા કરતા જોયા છે. આ સ્થિતિ શંકા વગર નવો સાધક કે જે પરમ તત્ત્વથી અજ્ઞાત છે તેને માટે અત્યંત

આકર્ષક છે; અને શક્તિના અસામાન્ય પ્રદર્શનથી તે ઘણો પ્રભાવિત થાય છે. મારા મતે ગુરુ તરીકે પોતાની મહત્તા સ્થાપવા મોટી સંખ્યામાં શિષ્યોને આકર્ષવા માટે જે આતુર હોય છે તેમના તરફથી કરવામાં આવતો તે જાદુનો ખેલ જ છે. હું તેને આધ્યાત્મિક ગુરુએ કરેલો શક્તિનો સૌથી મોટો દુરુપયોગ કહીશ કે જે ગુરુને પોતાની સર્વોપરિતા સિવાય કદાચ તેની પાછળ બીજો કોઇ હેતુ હોતો નથી. આ ખોટી રીત છે અને સાધકના આધ્યાત્મિક વિકાસ માટે ઘણી નુકસાનકારક છે. આ રીતે દબાવેલા અથવા સ્થગિત કરેલા વિચારો તરત જ વધુ જોરથી પ્રતિક્રિયા કરવાનું શરૂ કરે છે અને આખા તંત્રને બગાડે છે. વધુમાં, આ રીત આંતરિક ભારેપણું અને મનની ઉદાસીનતા પેદા કરે છે. જે લાંબા સમય સુધી આવી રીતને વશ થયો હોય છે તે વિવેકબુદ્ધિ ગુમાવે છે અને તેની સમજશક્તિ બુઠ્ઠી થઇ જાય છે. સમય જતાં તે સંપૂર્ણપણે બગડી જાય છે અને સાચી આધ્યાત્મિક તાલીમ માટે તદ્દન અયોગ્ય બની જાય છે. જો કોઇ વ્યક્તિ દિવસે દિવસે વધુ હળવી બને નહિ તો તેણે સમજવું જોઇએ કે તેને ખોટી રીતની આધ્યાત્મિક તાલીમ મળી રહી છે. મન અને આત્માના હળવાપણાનો સતત વિકાસ આધ્યાત્મિક પ્રગતિનું ચોક્કસ પ્રમાણ છે.

આમ સાચી આધ્યાત્મિક તાલીમ તે છે કે જે આપણા મનને શિસ્તબદ્ધ અને નિયંત્રિત કરે છે, ઇન્દ્રિયો અને વૃત્તિઓમાં સમભાવ લાવે છે અને આત્માની હળવાશ પેદા કરે છે. તે પછી જ આંતરિક શાંતિ અને સ્વસ્થતા મેળવાય છે. અને ઉચ્ચતર પહોંચ શક્ય બને છે. આ માટે, પ્રાણાહુતિ શક્તિ ઉપર પ્રભુત્વ ધરાવતા ઊંચી કક્ષાના યોગ્ય સદ્‌ગુરુનું માધ્યમ તદ્દન જરૂરી છે અને સાધકે પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી તેમને શરણે જવું જોઇએ.

કેટલાક લોકો માને છે કે જીવનની તેમની સમસ્યાના ઉકેલ માટે એકલી દીક્ષા પૂરતી છે. જો તેઓ કોઇપણ રીતે ગુરુ પાસેથી દીક્ષા મેળવી શકે તો તેમને કોઇ વધુ પ્રયત્ન કે અભ્યાસની જરૂર રહેતી નથી. તેઓ માને છે કે અંત સમયે ગુરુનો એક ધક્કો સંસ્કારો અને માયાના અવરોધોમાંથી તેમને છોડાવશે અને તેઓને મોક્ષ તરફ દોરી જશે. આ ખ્યાલ અક્ષરઃ સાચો હોવા છતાં જ્યાં સુધી તમે સંપૂર્ણપણે તેમણે શરણે જાવ નહિ અને ગુરુ પણ વિશિષ્ટ ઉચ્ચકક્ષાના ના હોય ત્યાં સુધી તે બહુ પ્રોત્સાહિત કરી શકે તેમ નથી. શિષ્યની ચઢતી અને ઉન્નતિનો વિચાર, શંકા વગર, ગુરુના હૃદયમાં સૌથી ઊંચો હોય છે કે જેના માટે તેઓ પોતાની જાતે શક્ય તેટલી મહેનત કરે છે પણ તેનો અર્થ એવો નથી કે આપણે આપણી જાતે કશું કર્યા વગર આળસુ રહીએ અને આપણા ભાગનું કામ પણ તેમના ઉપર છોડી દઇએ. આપણી પ્રગતિ માટે જેટલું આપણે આપણી જાતે કરી શકીએ તેમાં આપણા ગુરુને બિનજરૂરી મહેનતમાંથી બચાવી લેવા માટે આપણે આપણી ફરજ તરીકે અત્યંત પ્રયત્ન કરવો જોઇએ. અને કોઇપણ સંજોગોમાં ફરજનો આપણો ભાગ ચૂકવો જોઇએ નહિ.

મોટાભાગના ધર્મગુરુઓએ સાધકમાં અમુક આધ્યાત્મિક અવસ્થાઓ પેદા કરવા માટે કૃત્રિમ રીતો અપનાવી છે પણ તે ઘણી ખામીભરેલી પ્રવૃત્તિ છે. દાખલા તરીકે, જ્ઞાનનો અભ્યાસ કરવા માટે અને ''હું બ્રહ્મ છું'' તે સ્થિતિ અભ્યાસીમાં પેદા કરવા માટે સતત તે જ વસ્તુનો વિચાર કરતા રહીને અને દરેક ક્ષણે તે જ શબ્દોનું રટણ કરતા રહીને બાહ્ય રીતે ધ્યાન ધરવાની તેઓ તેમને સલાહ આપે છે. આ એક યંત્રવત્ થતી પ્રક્રિયા છે અને તે આંતરિક સ્થૂળતા તરફ દોરી જાય છે. અહમ્ બ્રહ્માસ્મિની સાચી

અવસ્થા આવા કૃત્રિમ સાધનોથી કદાપિ સર્જી શકાય નહિ. શબ્દોનું વારંવાર રટણ જીભને ટેવ પાડવા માટે તેને મદદ કરે છે અને દરેક ક્ષણે તે જ શબ્દો બહાર નીકળી આવે છે. તે સાચા અર્થમાં જ્ઞાની થયો છે એવું તારણ કાઢવું તે બેવકૂફી ભરેલું છે. તેઓ આ શબ્દોનું સો વાર રટણ કરે અને દરેક વસ્તુ બ્રહ્મ છે એમ માનવાનું દરેક ક્ષણે તેમના વિચારો પર દબાણ કરે પણ હજી તેઓ પહેલા હતા તેટલા જ તેનાથી દૂર હોઈ શકે. આવો અભ્યાસ તેની આસપાસ એક કૃત્રિમ વાતાવરણ પેદા કરે છે કે જે બાહ્ય રીતે તે જ વસ્તુની કલ્પના કરવામાં તેને મદદ કરે છે. જો તે આ શબ્દોનું વારંવાર રટણ કરવાની ટેવ છોડી દે તો તેની આ સ્થિતિ જતી રહે છે. તેથી તે તદન દેખીતું છે કે અહમ્ 'બ્રહ્માસ્મિ'ની સ્થિતિ આ રીતે પેદા કરવાની માન્યતા ખરેખર સાચી નથી પણ ફક્ત ખોટી અને કાલ્પનિક છે. ઉપરાંત અહમ્ બ્રહ્માસ્મિની સાચી સ્થિતિ કે જે સામાન્ય રીતે ઘણી ઊંચી સિદ્ધિ હોવાનું માનવામાં આવે છે તે પણ ખરેખર તેવું નથી.

આ તબક્કે સાધક માયાની જંજાળમાંથી થોડે અંશે મુક્ત થયો હોવા છતાં ખરેખર તેની અંતિમ સીમાઓની પાર હોતો નથી. આ તબક્કે સ્વની સભાનતા હજી પણ રહે છે કે જે ઘણા સૂક્ષ્મ રૂપમાં હોવા છતાં સ્થૂળતા સિવાય બીજું કાંઇ નથી. જેઓ સૌથી ઊંચામાં ઊંચા પ્રકારનું જ્ઞાન હોવાનું મંચ ઉપરથી ઉપદેશ આપે છે કે જેના પછી કાંઇ મેળવવાનું બાકી રહેતું નથી તેઓ મોટી ભૂલ કરે છે. તે આપણું ધ્યેય નથી પણ આપણે પછીના તબક્કે જવા માટે ફક્ત તેમાંથી પસાર થઈએ છીએ. જેઓ તેને પરમ તત્ત્વ અગર અંતિમ ધ્યેય હોવાનું વિચારીને વળગી રહે છે તેઓ ગંભીર ભૂલ કરે છે. આપણે છેવટે એ બિંદુએ પહોંચવું છે કે જ્યાં 'અહમ્' અગર

'હું'ના આવા વિચાર સહિત દરેક વસ્તુનો અંત આવે છે.

આ સંપૂર્ણ નકારાત્મકતાની અવસ્થા છે કે જે આપણે છેવટે પ્રાપ્ત કરવાની છે અને જ્યાં 'અહમ્' અગર 'હું'ની જાહેરાત તદન બેસૂરી લાગશે. 'હું બ્રહ્મ છું'ની સ્થિતિ શરૂઆતથી એવી ચૈતન્યતાથી ઉત્પન્ન થાય છે કે જેનો વિકાસ યોગ્ય માર્ગદર્શન નીચે જેમ આપણે આગળ વધીએ તેમ આપણી અંદર આપોઆપ થાય છે. તે આપણામાં સ્પંદનો પેદા કરે છે જેના પરિણામે મન તેવાં જ સ્પંદનોના પડઘાં પાડવાનું શરૂ કરે છે. મનની આવી સ્થિતિ આધ્યાત્મિક પ્રગતિના દરેક તબક્કે 'હું બ્રહ્મ છું, બધું બ્રહ્મ છે' અને 'બધું બ્રહ્મમાંથી છે' તેવા ત્રણ રૂપોમાં માલૂમ પડે છે. હકીકતમાં તેના બધા ત્રણે પાસાઓમાં સમગ્ર સ્થિતિ જુદા જુદા સ્વરૂપોમાં વિવિધતામાં એકતા છે તે પિંડ દેશમાં અશુદ્ધ રૂપમાં હોય છે, બ્રહ્માંડ મંડળમાં તે વધુ શુદ્ધ અને વધુ સૂક્ષ્મ બને છે, જ્યારે પરબ્રહ્મ મંડળમાં તે અત્યંત સૂક્ષ્મ બને છે. આ બધી સ્થિતિઓનો બીજા પ્રકરણમાં આકૃતિમાં બતાયા મુજબ સોળ વર્તુળોમાંથી પહેલા વર્તુળમાં અંત આવે છે.

તેથી આધ્યાત્મિકતાના સાધક માટે તાલીમનો સાચો રસ્તો ખૂબ સાહજિક રીતે એક સાચા અને યોગ્ય ગુરુના માર્ગદર્શન નીચે આંતરીક સફાઈ તથા ચક્રોનું શુદ્ધિકરણ તથા ઇન્દ્રિયો તથા અન્ય વૃત્તિઓનો સંપૂર્ણ સમતાનો પૂરો ખ્યાલ રાખવાનો છે.

◆ ◇ ◆ ◇ ◆

૬. શ્રદ્ધા

પ્રબળ ઇચ્છા,શ્રદ્ધા અને વિશ્વાસ પાયાના તત્ત્વો છે કે જે સાક્ષાત્કારના માર્ગે સહેલી સફળતા માટે ફાળો આપે છે. સત્યને પામવા માટે પ્રબળ ઇચ્છા એટલે કે આપણે સ્વને ઓળખવાના વિચાર પ્રત્યે અંતરથી જાગૃત થયા છે. આપણે આ વિચાર સાથે આગળ વધીએ છીએ અને એક માર્ગ પસંદ કરીએ છીએ. ગંભીરતાપૂર્વક ધ્યાનમાં રાખવાની સૌથી પહેલી વસ્તુ એ છે કે આપણે પસંદ કરીએ તે રસ્તો સાચો અને સીધા આપણા ધ્યેય તરફ દોરી જાય તેવો છે. આથી અંતિમ ધ્યેયનો સ્પષ્ટ અને ચોક્કસ ખ્યાલ આપણા મનમાં હોવો તે તદ્દન જરૂરી છે. જુદા જુદા લોકોનું અંતિમ ધ્યેય અનેક રીતે જુદું હોઇ શકે અને પરિણામે તે મેળવવાની રીતો પણ જુદી હોઇ શકે. આમ આપણે જેને માટે તડપ રાખીએ છીએ તેવા અંતિમ ધ્યેય તરફ સીધો દોરી જતો સાચો માર્ગ આપણે પસંદ કરવાનો છે. આ બાબતમાં ઉતાવળો નિર્ણય ઘણીવાર નિરાશાજનક પરિણામો તરફ દોરી જાય છે, કારણ કે તે કદાચ શક્ય છે કે અપનાવવા માટે તમને સમજાવેલો રસ્તો તમારા અંતિમ ધ્યેય તરફ દોરતો સાચો રસ્તો ન પણ હોય. ઘણીવાર ખોટો માર્ગ અપનાવવાથી તમે સાચી વસ્તુ જોઇ શકતા નથી અને ખોટા ખ્યાલો તથા ભ્રમણાઓમાં દોરવાઇ જાવ છો. જો તમે તે જ રસ્તો પકડી રાખો તો સત્ય તરફની તમારી અંતિમ પહોંચ અશક્ય બને છે. જ્યારે તમે કમનસીબે ખામીવાળી દોરવણી અને ખોટી તાલીમ નીચે આવી જાવ છો ત્યારે ઘણીવાર આવું બને છે. તેથી સાક્ષાત્કાર માટે તમે અપનાવેલો રસ્તો ખરેખર સાચો રસ્તો છે. તેનો નિર્ણય કરવા શરૂઆતથી જ દરેક

સાધનો અજમાવવા તે તદ્દન જરૂરી છે. સૌથી જૂનો છે માટે તે રસ્તો અપનાવશો નહિ કારણ કે સૌથી જૂનો રસ્તો દુનિયાની અને સમાજની બદલાયેલી પરિસ્થિતિમાં ઘણો અસંગત હોઇ શકે. મોટા ભાગના લોકોએ અપનાવ્યો છે માટે તે માર્ગ અપનાવશો નહિ કારણ કે બહુમતી સાચી ના પણ હોય અને ઘણી વખત તે બહુમતી, પસંદ કરેલા ફક્ત થોડાઓ કે જેઓ પૂરી શક્યતાથી ગેરરસ્તે દોરવાયેલા હોઇ શકે, તેમનાથી જ દોરવાયેલી હોય છે. આપણી પાસેના શક્ય તે તમામ સાધનો અજમાવીને, કોઇપણ વસ્તુની પાત્રતાનો નિર્ણય કરવામાં આપણે સંપૂર્ણપણે ન્યાયી બનવું જોઇએ. દલીલ અને અનુભવની મદદથી પૂરતી વિચારણા અને અજમાયશ કર્યા સિવાય આપણે કદાપિ ઉતાવળા નિર્ણય ઉપર આવવું જોઇએ નહિ. જ્યારે આપણને વસ્તુની પાત્રતાની સંપૂર્ણ ખાતરી થાય ત્યારે આપણે શ્રદ્ધા અને નિષ્ઠાથી તેને વળગી રહીએ છીએ. આમ મૂકેલી શ્રદ્ધા સાચી અને સ્થાયી હશે, જ્યારે બાહ્ય આકર્ષક દેખાવથી અને નાની નાની ભૌતિક સિદ્ધિઓના પ્રદર્શન દ્વારા અપાયેલી લાલચથી ઉપજાવેલી શ્રદ્ધા તે બિલકુલ શ્રદ્ધા નથી પણ ખરી રીતે તેને સમજાવટ કહી શકાય. તેને ટકી રહેવા માટે અડગ પાયો નથી અને સામાન્ય પ્રતિકૂળ સંજોગોમાં તે અદ્રશ્ય થઇ જાય છે.

નક્કર ભૌતિક આધારોવાળી મૂર્તિઓની સ્થૂળ પ્રકારની પૂજાઓથી અને સ્વરૂપો, પ્રતિકો અને વિધિઓને કડકપણે વળગી રહેવાથી સાચી શ્રદ્ધાની પ્રેરણા મળતી નથી. તે તો ચોખ્ખો અને સાદો ભૌતિકવાદ છે કે જે જેઓ તેને અનુસરે છે તેમના હૃદયમાં સાચી શ્રદ્ધા નહિ પણ પૂર્વગ્રહનો વધારો કરે છે. પોતાની વિવેકબુદ્ધિ કે ડહાપણનો ઉપયોગ કર્યા સિવાય તેમને જે તરફ દોરવામાં આવે તેમાં તેઓ અંધશ્રદ્ધા

રાખે છે. અને બીજા કોઈ રસ્તાનો વિચાર કરવાની પણ બિલકુલ વૃત્તિ રાખતા નથી. મેં લોકોને પરમતત્ત્વને સીધા પહોંચવાના બીજા કેટલાક સાધનોની કાર્યક્ષમતા સ્વીકારતા જોયા છે પણ હજી તેઓ તેમને અનુસરવા તૈયાર થતા નથી. કારણ કે તેમના કહેવા પ્રમાણે પહેલેથી સ્વીકારેલો રસ્તો તેઓ છોડી શકતા નથી. હકીકતમાં તેમને પરમતત્વમાં શ્રદ્ધા હોતી નથી પણ સ્વરૂપો અને પ્રતિકોમાં જ શ્રદ્ધા હોય છે કે જેને ખરી રીતે પૂર્વગ્રહ તરીકે કહી શકાય, તેવો અર્થ એવો થાય કે તેમની વિચાર દ્રષ્ટિ મર્યાદિત થઈ ગઈ છે અને પરમ તત્ત્વને પામવા માટે તેઓ પ્રગતિ કરવા માગતા નથી. તેમનું ભાગ્ય બંધ થઈ જાય છે અને તેઓ હંમેશ માટે તે ત્યાં જ સ્થિત રહે છે. હકીકતમાં, જે આપણને ઉપર જતાં રોકીને નીચે રાખે તેને શ્રદ્ધા કહી શકાય નહિ. આથી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે પરમતત્ત્વ ઉપર પોતાની નજર સ્થિર રાખવાનું અને આત્મ સાક્ષાત્કાર માટે મદદરૂપ તેમજ અનુકૂળ રીતો અપનાવવાનું દરેક માટે ઘણું જરૂરી છે. પછીથી આપણે અંતિમ બિંદુ સુધી આગળ વધીએ છીએ કે જ્યાં સર્જન સમયે આપણું જે શુદ્ધ સ્વરૂપ હતું તે જ આપણે પામીએ છીએ. તે માટે આપણે સંસ્કારો, માયા અને અહંકારની આપણી બધી માલિકી અનિવાર્યપણે છોડવી જોઈએ અને દરેક પગલે વધારે અને વધારે હળવા બનવું જોઈએ. પૂજાના સ્થૂળ પ્રકારોથી પેદા થયેલું મનનું ભારેપણું અગર આંતરિક ઘનતા આપણી આધ્યાત્મિક પ્રગતિ માટે આમ મોટો અવરોધ છે અને તેનાથી દૂર રહેવું જોઈએ. જો તેઓ હંમેશ વધતી જતી તીવ્રતાથી તેને વળગી રહેશે તો તેઓ શાશ્વત આનંદનાં સામ્રાજ્યમાંથી દૂર ધકેલાઈને સ્થૂળતા અને છેતરામણીની કાંટાળી ઝાડીઓમાં અટવાયેલા રહેશે.

આધ્યાત્મિક જીવનનું બીજું અગત્યનું પાસું ગુરુમાં શ્રદ્ધા

હોવી તે છે, કારણ કે મેં પહેલાં કહ્યું છે તેમ, ઉચ્ચતર આધ્યાત્મિક પ્રાપ્તિઓ માટે સમર્થ ગુરુની મદદ અનિવાર્ય છે. તે એક માત્ર માધ્યમ છે કે જેના દ્વારા સાધકને દિવ્ય પ્રેરણા મળે છે. તેથી એ જરૂરી છે કે આપણે પસંદ કરીએ તે માર્ગદર્શક ઉચ્ચતમ શક્તિ અને અનુભવસિદ્ધ પ્રાપ્તિઓવાળા હોવા જોઈએ. માર્ગદર્શકની સાચી લાયકાતનો નિર્ણય કરવા માટે આપણે આપણી પાસેના બધા સાધનો વડે અજમાવવા અને ચકાસવા થોડો સમય તેની સાથે સંપર્કમાં રહેવું જોઈએ. આમ જ્યારે આપણને વિવેક અને અનુભવથી તેમની શક્તિની ખાતરી થાય ત્યારે આપણે તેમને આપણા ગુરુ તરીકે સ્વીકારીએ અને તેમના માર્ગદર્શનને અનુસરીએ. જો આપણે આ સિદ્ધાંતનો અનાદર કરીએ તો આપણે આપણા નિર્ણયમાં છેતરાઈ જવાની શક્યતા છે. કોઈના બાહ્ય આડંબર અને જ્ઞાનના પ્રદર્શનથી તેના તરફ આકર્ષાઈને અંધશ્રદ્ધાથી તેમને કદાપિ અનુસરવું જોઈએ નહિ. માણસની સાચી પાત્રતાના યોગ્ય નિર્ણય માટે તેની આધ્યાત્મિક ક્ષેત્રમાં અનુભવસિદ્ધ પ્રાપ્તિ આપણે ધ્યાનમાં લેવી જોઈએ. આપણે જેની ઝંખના રાખીએ છીએ તે સાચી વસ્તુ તેમનામાં આપણે શોધવી જોઈએ. આમ જ્યારે આપણને ખાતરી થાય છે ત્યારે આપણે સ્વાભાવિક રીતે તેના તરફ આંતરિક આકર્ષણ અનુભવવાનું શરૂ કરીએ છીએ અને તેને આપણું ભાવિ ઘડી શકે તે જ વ્યક્તિ હોવાનું માનીએ છીએ. આ લાગણી ધીમે ધીમે શ્રદ્ધામાં વિકાસ પામે છે અને આપણે તેને પ્રેમ કરવા માંડીએ છીએ. આપણે તેમના વ્યક્તિત્વના યોગ્ય આદર સાથે તેમના દ્રષ્ટિબિંદુને સ્વીકારીએ છીએ અને તેમનાં માર્ગદર્શન હેઠળનાં તે રસ્તે આગળ વધીએ છીએ. વધુમાં, સાધના દરમિયાન મેળવેલી સિદ્ધિઓનો અનુભવ આપણને ગુરુની અસાધારણ શક્તિઓની ખાતરી કરાવે છે અને આપણે તેમને દિવ્ય

માનવ તરીકે જોવાનું શરૂ કરીએ છીએ. હવે આપણી શ્રદ્ધા આપણા આધ્યાત્મિક વિકાસમાં આપણને ઘણી મદદરૂપ બને છે. તે અનિશ્ચિતતા અને શંકાના વાદળો વિખેરી નાંખે છે અને આપણા માર્ગમાંથી મુશ્કેલીઓ અને અવરોધો દૂર કરે છે. ખરી રીતે, શ્રદ્ધા આધ્યાત્મિકતાની સમગ્ર ઇમારતનો પાયો છે. પરમ તત્ત્વમાં શ્રદ્ધા, સાક્ષાત્કાર માટે તમે સ્વીકારેલા સાચા માર્ગમાં શ્રદ્ધા, તમે જેના શરણે ગયા છો તેવા આદરણીય સદ્‌ગુરુમાં શ્રદ્ધાઃ આ એક ખડક છે અને જો ખરેખર તમે સફળતા મેળવવા ઇચ્છતા હોય તો તમારે આધ્યાત્મિકતાની તમારી ઇમારત તેના ઉપર બાંધવી જોઇએ. આથી તમોને ચારે બાજુથી ઘેરી લેતા અનિષ્ટ બળોને તોડી નાખવા માટે પૂરતાં પ્રમાણમાં મજબૂત એવી આંતરિક શક્તિ તમોને પ્રાપ્ત થશે. જ્યારે પણ તમોને જરૂર પડે ત્યારે શુદ્ધ દિવ્ય પ્રેરણા મેળવવા માટે તે તમોને મદદ કરશે.

કેટલાક લોકો શ્રદ્ધા માટે ઘણો ખોટો મત ધરાવે છે. તેઓ માને છે કે તેમના જીવનની સમસ્યા ઉકેલવા માટે શ્રદ્ધા એકલી જ પૂરતી છે અને તેમણે જે માર્ગ અપનાવ્યો છે અથવા તેઓ જે માર્ગદર્શકને શરણે ગયા છે તે ગમે તે હોય તે મહત્ત્વનું નથી. કદાચ આ બેવકૂફી ભરેલી માન્યતાથી વધારે ગેરરસ્તે દોરનારું કાંઇપણ હોઇ શકે નહિ. બિલકુલ ઉંધી દિશા પકડીને માણસ માટે કલકત્તા પહોંચવું તે ક્યારેય શક્ય છે! કોઇ વ્યક્તિ સ્વાર્થી ધૂતારાની દોરવણીને પોતે આધીન થઇને ક્યારેય નિઃસ્વાર્થી સંત થઇ શકે ? દુન્યવી વસ્તુઓ તરફ આસક્તિની લાગણીઓથી અને આપ બડાઇથી પ્રેરાતા અહંકારી ઢોંગીને અનુસરીને કોઇ વ્યક્તિ પોતાની જાતને આસક્તિ, પૂર્વગ્રહ અને અભિમાનમાંથી ક્યારેય મુક્ત કરી શકે ? આપણે કોઇ વસ્તુના ફક્ત બાહ્ય ચમકતા પાસાથી કદાપિ દોરવાઇ જવું જોઇએ નહિ પણ અસલ સત્ય

શોધવા તેમાં ઊંડા ઊતરવું જોઇએ. જ્ઞાનના બાહ્ય દેખાવ, બોલવાની છટા અગર શક્તિ ઉપર આધારિત આકર્ષણ અંધશ્રદ્ધા પેદા કરે છે કે જે મોટા ભાગના દાખલાઓમાં વિનાશક પરિણામો તરફ દોરી જાય છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં જેનું સાચું મહત્ત્વ નથી તેવા ખોટા દેખાવોના ભ્રમમાં અંધ બનીને, અંતરાત્માના અવાજને અનુસરનાર વ્યક્તિ પોતાની જાતને દોરવાઇ જવા દેશે નહિ. જો તમે અપનાવેલો માર્ગ નસીબજોગે સાચો હોય અને તમે પસંદ કરેલ માર્ગદર્શક ખરેખર સૌથી ઊંચી કક્ષાની યોગ્ય વ્યક્તિ હોય અને તે આસક્તિ અને અભિમાનની બધી લાગણીઓથી પર હોય તો જ અંધશ્રદ્ધા નિઃશંકપણે ખૂબ ફાયદાકારક છે. પછીથી આવા સદ્‌ગુરુમાં તમારી અચલ શ્રદ્ધા આધ્યાત્મિક પ્રાપ્તિની છેલ્લામાં છેલ્લી હદ સુધી તમોને દોરી જશે કારણ કે હવે પછી તમે પરમતત્ત્વ સાથે તમારી જાતને જોડી દેશો.

સાચા અર્થમાં, શ્રદ્ધા નાશવંતને અમર (માનવીને પરમ તત્ત્વ) સાથે જોડનારી જીવંત કડી છે. સદ્‌ગુરુ કે જેઓ પોતાની જાતે પરમ તત્ત્વ સાથે જોડાયેલ છે તેમના માધ્યમ દ્વારા શંકા વગર આ જોડાણ થાય છે, એકવાર જોડાયેલી કડી કોઇ પણ સ્થિતિમાં તોડી શકાતી નથી. અને છેલ્લા બિંદુ સુધીની આપણી યાત્રાના માર્ગ દરમિયાન આખો વખત કાયમ રહે છે. તે યોગના ત્રીજા સાધનની છ સંપત્તિઓમાંની એક છે. આ તબક્કે, શ્રદ્ધા સાચી અને શુદ્ધ હોય છે, અને એટલી બધી દ્રઢ થયેલી હોય છે કે વ્યક્તિ એક ક્ષણ માટે પણ તેનાથી દૂર થઇ શકતી નથી. જો કે આનાં કારણો તેની સમજશક્તિથી બહાર છે. આ તબક્કા પહેલાં, શ્રદ્ધા ખરેખર કૃત્રિમ હોય છે અને જુદા જુદા કારણોને લીધે ઘણીવાર તે બંધાય છે, જતી રહે છે અને પાછી આવે છે. યોગ્ય ગુરુ કદાપિ તેના ઉપર આધાર રાખશે નહિ અને

શિષ્યના પ્રેમ અને ભક્તિના બધા લાગણીભર્યા ઊભરાઓ સહન કરશે અને યોગના ચાર સાધનોમાં બતાવેલ શ્રદ્ધાના અંતિમ તબક્કે તે પહોંચતા સુધીના સમયની ધીરજથી રાહ જુએ છે. અને સાચી શ્રદ્ધા ત્યારે આત્મસમર્પણનું સમર્પણનું સ્વરૂપ ધારણ કરવાનું શરૂ કરે છે. સાચી શ્રદ્ધા ખરેખર એક અવર્ણનીય સદ્‌ગુણ છે કે જે ધર્મના ક્ષેત્રથી પર છે, તે અડગ હિંમત છે કે જે આપણને સફળતા સુધી દોરી જાય છે તે એ જ સર્વવ્યાપી શક્તિ છે કે જે આપણો રસ્તો સરળ બનાવે છે. હકીકતમાં તે એક જ વસ્તુ છે કે જે આપણા જીવનની સમસ્યાનો ઉકેલ લાવે છે.

✦ ✧ ✦ ✧ ✦

૭. સતત સ્મરણ

જુદી જુદી દુન્યવી પ્રવૃતિઓમાં રોકાયેલા મોટા ભાગના લોકોનું કઠોર અને દુઃખી જીવન તેમને તેમના જીવનની સમસ્યાઓમાં એટલા બધા રોકાયેલા રાખે છે કે તેઓ ઘણીવાર એવું માનવાને દોરાય છે કે કોઇ મહત્ત્વનો ફાયદો કે આર્થિક લાભ કે જેને કોઇ જોખમ વગર છોડવાનું પરવડે નહિ તેને છોડી દીધા સિવાય તેઓ ભાગ્યે જ ભક્તિ અને પૂજા માટે સમય કાઢી શકે. આ ખ્યાલ તેમને કર્તવ્યના માર્ગથી દૂર રાખે છે, જો કે કોઇક વખત તેઓ દેખીતી રીતે તેનાથી સભાન બને છે. તેમનાં મન તેમનાં ભૌતિક જીવનની વિવિધ સમસ્યાઓ વિષે વિચારવામાં દરેક ક્ષણે ડૂબેલાં રહે છે અને તેઓ ઊંડી વ્યથા અગર દુઃખમાં હોય તે સિવાય ભાગ્યે જ ઇશ્વર તરફ વળેલાં હોય છે. આનું કારણ એ છે કે તેઓ તેમના દુન્યવી લાભને જ પ્રથમ મહત્ત્વ આપે છે. કે જે સતત તેમના ખ્યાલમાં રહે છે. આમ કોઇપણ તબક્કે તેમાંથી બહાર નીકળવાનો કદી વિચાર કર્યા સિવાય તેઓ માયામાં ગૂંચવાયેલા રહે છે. જો આપણે આપણું ધ્યાન ઇશ્વર તરફ વાળીએ અને સાક્ષાત્કારને જીવનના મુખ્ય ધ્યેય તરીકે માનીએ તો સ્વાભાવિક રીતે આપણે દુનિયાની બીજી દરેક વસ્તુની સરખામણીમાં તેને સૌથી વધુ અગત્યની ચીજ તરીકે માનવાનું શરૂ કરીશું. આનો અર્થ એવો નથી કે આપણે આપણી દુન્યવી જવાબદારીઓ તરફ બેદરકાર બનવું અને મદદ માટે આપણા ઉપર આધાર રાખતા બીજાઓને અડચણ અને દુઃખ આપીને તે બાબતમાં આપણી ફરજ પ્રત્યે બેદરકાર બનવું. આપણે ઇશ્વર તરફ જેટલા સજાગ રહીએ તેટલા તેમના તરફની આપણી ફરજના ખ્યાલ તરફ કોઇ

જાતની વધુ પડતી આસક્તિ રાખ્યા સિવાય સજાગ રહેવું જોઇએ. આ માટે આપણે આપણા આરામના કલાકોમાંથી (ખાસ કરીને સૂતી વખતે) થોડી મિનિટો કાઢવી જોઇએ અને કર્તવ્યના માર્ગ ઉપર તેમના માર્ગદર્શન અને મદદ માટે સાચા હૃદયથી ઇશ્વરને પ્રાર્થના કરવી જોઇએ. જો આપણે તે પ્રેમ અને ભક્તિભર્યા હૃદયથી નિયમિતપણે કરીશું તો પ્રાર્થના કદાપિ સંભળાયા વગર રહેશે નહિ.

આમ જ્યારે આપણે કર્તવ્યના ખ્યાલ તરફ જાગૃત બનીએ છીએ અને ઇશ્વરનો ખ્યાલ આપણા હૃદયમાં આગળ પડતો બને છે ત્યારે આપણે સાક્ષાત્કારને જીવનના મુખ્ય ધ્યેય તરીકે અપનાવવાનું શરૂ કરીએ છીએ. સ્વાભાવિક રીતે તેના માટેની આપણી તડપ વધારે મજબૂત બનવાનું શરૂ થાય છે અને આમ આપણે આપણાં બધાં રોકાણો અને ચિંતાઓ હોવાં છતાં આપણા દૈનિક નિત્યક્રમ દરમિયાન ઇશ્વરનું વારંવાર સ્મરણ કરીએ છીએ. કર્તવ્યના માર્ગથી આડે રસ્તે જવું તે ખરેખર સંજોગો કે બહારનાં રોકાણોને લીધે નથી પરંતુ ફક્ત શિસ્ત વગરના મનની ગેરરસ્તે દોરવાયેલી પ્રવૃત્તિઓને લીધે છે. ઇશ્વરની માત્ર સભાનતા મનનાં ઘણાં અનિષ્ટોનું નિવારણ કરે છે અને આપણા માર્ગમાંથી મુશ્કેલીઓ દૂર કરે છે. આમ આપણે આપણી બધી દુન્યવી પ્રવૃત્તિઓ દરમિયાન દિવસના મોટા ભાગ માટે ઇશ્વર તરફ સભાન બનવું જોઇએ.

ઇશ્વરનું વારંવાર સ્મરણ ઘણું મદદરૂપ હોવાં છતાં સાક્ષાત્કારમાં આપણી અંતિમ સફળતા માટે આપણને જે જરૂરી છે તે બધું નથી. આપણે સામાન્ય રીતે અગત્યનું કામ ઇશ્વરનું નામ દઇને શરૂ કરીએ છીએ અને લગભગ દરેક ધર્મમાં તેમ કરવાની પ્રથા છે, પરંતુ તે ફક્ત ઔપચારિક છે અને તેનું કોઇ સાચું મહત્ત્વ નથી. આપણે કદાપિ તે

વસ્તુ સાચા અર્થમાં ઇશ્વરને અર્પણ કરતા નથી, અને હકીકતમાં હૃદયથી આપણે ઇશ્વરના વિચારથી ઘણા દૂર હોઇએ છીએ. આ રીતનું ઇશ્વરનું સ્મરણ કોઇ ઉપયોગનું નથી. આવી પ્રથાનું સાચું મહત્ત્વ એ છે કે આપણે આપણી માનસિક અને શારીરિક પ્રવૃત્તિઓના બધા તબક્કાઓમાં ઇશ્વરના ખ્યાલમાં રહેવું જોઇએ. આપણે આપણી બધી પ્રવૃત્તિઓ દરમિયાન દરેક ક્ષણે વિચારની અતૂટ સાંકળ વડે સર્વોચ્ચ શક્તિ સાથે આપણી જાતને જોડાયેલી હોવાનું અનુભવવું જોઇએ. જો આપણે આપણી દરેક પ્રવૃત્તિ અને કાર્યને, જેની આપણે શક્ય તેવી ઉત્તમ સેવા કરવાની છે તેવા ઇશ્વરે આપણને સોંપેલી દિવ્ય ફરજનો ભાગ હોવાનું માનીએ તો તે સહેલાઇથી પાર પાડી શકાય. સેવા અને ત્યાગ બે મુખ્ય બાબતો છે કે જેના વડે આપણે આધ્યાત્મિકતાનું મંદિર બાંધીએ છીએ અને અલબત્ત પ્રેમ તેનો તદ્દન આવશ્યક પાયો છે. કોઇપણ પ્રકારની સેવા જો નિઃસ્વાર્થભાવે કરવામાં આવે તો તે મદદરૂપ બને છે. સાથીઓની કરેલી સેવા જો તે કોઇ સ્વાર્થી હેતુ માટે ના કરેલી હોય તો તે સાચા અર્થમાં ઇશ્વરની સેવા છે. આપણે આપણા રોજીંદા કામમાં જે કાંઇ કરીએ છીએ તે આપણાં કોઇ સાથીઓને લગતું હોય છે, પછી તે આપણાં બાળકો, મિત્રો કે સગાં હોય જો આપણે વિચારીએ કે કોઇ કામ કરતી વખતે આપણે ખરેખર ઇશ્વરના બનાવેલા પ્રાણીઓ પૈકી એક યા બીજાની સેવા કરીએ છીએ અને આપણા પોતાના સ્વાર્થી હેતુ માટે નહિ; તો જો કે આપણે બાહ્ય રીતે આપણા રોજીંદા કામમાં રોકાયેલા હોવાં છતાં આપણે નિરંતર સેવાનો માર્ગ અનુસરીએ છીએ. આપણા જીવનમાં લગભગ બધી પ્રવૃત્તિઓ આપણાં બાળકો અને પ્રિયજનોને આજીવિકાનાં સાધનો પૂરા પાડવા સાથે જોડાયેલી છે. આથી જો આપણે

તેમને ઇશ્વરનાં બાળકો તરીકે ગણીએ કે જેઓને આપણી સંભાળ નીચે સોંપવામાં આવ્યા છે અને ફરજ તરીકે આપણે તેઓનું ભરણપોષણ કરવાનું અને કાળજી રાખવાની છે તો પછી આપણે તેમના બાળકોની સેવા કરીએ છીએ અને તે રીતે ઇશ્વરની પોતાની સેવા કરીએ છીએ. આવી રીતે આપણે બિનજરૂરી આસક્તિમાંથી પણ મુક્ત થઇશું. અને આમ આપણા માર્ગમાંથી સૌથી મોટો અંતરાય દૂર કરીશું. જો કે આ પ્રક્રિયા સહેલી અને સાદી હોવાં છતાં તે તેમને તમારી બધી પ્રવૃત્તિઓમાં પરમ તત્ત્વના સતત વિચાર તરફ પણ દોરી જશે. જો આ હકીકત તમારા હૃદયમાં ઊંડા મૂળ નાખે તો પછી તમારું દરેક કાર્ય કોઇ જાતના સ્વાર્થી હિત અગર અંગત આસક્તિ સિવાય દૈવી આદેશ મુજબ ફક્ત ફરજને ખાતર ફરજ હોવાનું લાગશે.

પછીથી વૈશ્વિક પ્રેમ સર્વોપરિ બને છે. અને આપણે ઇશ્વરના સર્જનના દરેક પ્રાણીને તેની સાથે આસક્તિની કોઇ લાગણી સિવાય પ્રેમ કરવાનું શરૂ કરીએ છીએ. તે આપણને ભક્તિ અને ત્યાગ તરફ દોરી જાય છે. ભક્તિ આપણો માર્ગ સરળ બનાવે છે અને ઇશ્વરીય ધારાને આપણા હૃદયમાં વહેવા માટે એક માર્ગ બનાવે છે. તે આપણા માર્ગમાંથી ગંદકી અને કચરો દૂર કરે છે અને સમગ્ર માર્ગે આપણી પ્રગતિ સુગમ બનાવે છે. આ કચરો ખરેખર જે આપણા મનમાં ખલેલ અને ચિંતાઓ પેદા કરે છે તેવા વિરોધાભાસી વિચારોની અસર છે. ધ્યાન દ્વારા આપણે આપણા મનમાં ક્ષણિક શાંતિ ઉત્પન્ન કરીએ છીએ અને આપણે દિવ્ય શક્તિના સંપર્કમાં હોઇએ તે સમય દરમિયાન શાંતિ રહે છે. (મન શાંત રહે છે) પરંતુ ફક્ત ચોક્કસ સમયનું ધ્યાન પૂરતું નથી કારણ કે આમ આપણે ફક્ત થોડા સમય માટે પવિત્ર વિચાર સાથે સંપર્કમાં હોઇએ છીએ અને ત્યાર પછીથી

આપણામાં કોઇ જાતનો ઇશ્વરનો વિચાર હોતો નથી અને આપણે દિવસના મોટા ભાગ દરમિયાન સેવા અને ભક્તિના માર્ગથી દૂર હોઇએ છીએ. ઘણા વર્ષોની સાધના પછી ઘણીવાર આપણે આપણી જાતને આધ્યાત્મિક પ્રાપ્તિના સૌથી નીચા સ્તરે હજી પણ જોઇએ છીએ તેનું કારણ આ જ છે. જો આપણે શક્તિશાળી ગુરુ દ્વારા સાચી રીતે દોરવાયા હોઇએ તો ધ્યાન દરમિયાન આપણે જે અનુભવીએ છીએ તે હકીકતમાં ફક્ત સરળતા અને શાંતિ હોય છે, પણ સાધક સામાન્ય રીતે તેને સમજવા માટે શક્તિમાન હોતો નથી કારણ કે શરૂઆતના તબક્કાઓમાં તે તેની સમજથી પર હોય છે. શાંતિની આ અનુભૂતિ અત્યંત સૂક્ષ્મ (ઇન્દ્રિય ગોચર નહિ) હોવાથી તે ઘણીવાર ફરિયાદ કરે છે કે ધ્યાન દરમિયાન તેને કાંઇ અનુભૂતિ થતી નથી. મુખ્યત્વે આનું કારણ એ છે કે તે સાધનાની થોડી ક્ષણો માટે જે દૈવી શક્તિ સાથે સંપર્કમાં રહે છે. આમ ધ્યાન દરમિયાન મેળવેલી સાચી વસ્તુ ફક્ત થોડા સમય માટે તેની સાથે રહે છે. બીજી બાજુએ, એવી વ્યક્તિ પણ હોય છે કે જે ધ્યાન દરમિયાન મેળવેલી અસરને દિવસના મોટા ભાગ માટે ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે અને તેના માટે શક્ય હોય તેટલા લાંબા સમય સુધી તે જ સ્થિતિમાં ટકી રહે છે. એક રીતે, તે ઇશ્વરના સતત સ્મરણમાં હોય છે અને તેની પ્રગતિ સરળ અને ઝડપી હોય છે.

કેટલાક લોકો એમ માને છે કે માણસ તેના જીવનમાં દુન્યવી આસક્તિઓ અને જવાબદારીઓથી પેદા થયેલી અસંખ્ય ચિંતાઓ અને વ્યગ્રતાઓથી ઘેરાયેલો હોય ત્યારે ઇશ્વરનું સતત અથવા વારંવાર સ્મરણ પણ શક્ય નથી. પરંતુ અભ્યાસ અને અનુભવ તેમને પૂરવાર કરી આપશે કે તે ઘણી સહેલી રીત છે અને જો તેઓ તેમનું ધ્યાન સાચા

અર્થમાં ઈશ્વર તરફ ફક્ત વાળે તો બધી ચિંતાઓ અને રોકાણો હોવા છતાં દરેક વ્યક્તિ તેને અનુસરી શકશે.

ગુરુનો સર્વોપરિ દૈવી શક્તિ તરીકેનો ખ્યાલ આધ્યાત્મિક પ્રવૃત્તિમાં ખૂબ મદદરૂપ છે, તમે તેમને અલૌકિક માનવ વ્યક્તિ હોવાનું માનીને તેમના માર્ગદર્શક ઉપર આધાર રાખો છો. જો તમે તમારા ગુરુને દરેક ચીજ અર્પણ કરીને જીવનનો તમારો પ્રવૃત્તિમય નિત્યક્રમ ચાલુ રાખો તો કલ્પના કરો કે લાંબા સમયે તમને કેટલો લાભ થશે. કોઇ કાર્ય કરતી વખતે વિચારો કે તમે તમારા માટે તે કરતા નથી પણ તમારા ગુરુ માટે કરો છો અથવા બેશક વિચારો કે તમારા ગુરુ પોતે જે પોતાના માટે તે કરે છે. નાસ્તાના સમયે તમારે વિચારવું જોઇએ કે તમારા ગુરુ નાસ્તો કરી રહ્યા છે. જ્યારે તમે ઓફિસે જાવ ત્યારે વિચારો કે તમારા ગુરુ આ બધુ કરી રહ્યા છે. ઓફિસમાંથી પાછા આવતી વખતે ધારો કે તમે રસ્તા ઉપર એક આકર્ષક નૃત્ય જુઓ છો. તમારી નજર નર્તકીના મોહક દેખાવ તરફ આકર્ષાય છે. તમારા વિચારો થોડા સમય માટે બીજી તરફ વળતા માલુમ પડે છે. હવે તમે વિચારો કે તમે નહિ પણ તમારા ગુરુ તે નૃત્ય જુએ છે. તમે તરત જ તે માટેની કુતૂહલતા સમાપ્ત થશે, કારણ કે તમારા ગુરુની શક્તિ તમને પ્રલોભનમાંથી છોડાવવા વહેવા માંડશે. જ્યારે તમે ઓફિસમાંથી પાછા આવો છો ત્યારે તમારાં બાળકો લાંબા સમય પછી તમને જોઇને આનંદિત થાય છે. તમે પણ તેમની ગમ્મતમાં આનંદ માણો છો અને તે બહુ જ સ્વાભાવિક છે. તમારું ધ્યાન થોડા સમય માટે તેમના તરફ વળે છે. અને તમે પવિત્ર વિચારથી થોડા દૂર થયા હોવાનું અનુભવો છો. તમારે પછીથી જે કરવાનું છે તે એમ વિચારવાનું છે કે તમારી અંદર રહેલા તમારા ગુરુ જાતે આનંદ લઇ રહ્યા છે અને તમે ફરીથી તે જ પવિત્ર

વિચારના સંપર્કમાં આવશો. જો તમે તમારા મિત્ર સાથે વાતો કરતા હોય તો વિચારો કે તમે નહિ પણ તમારા ગુરુ તેની સાથે વાત કરે છે. ચાલતી વખતે વિચારો કે તમારા ગુરુ પોતે ચાલે છે. ધ્યાન દરમિયાન જો તમે એમ વિચારો કે તમે નહિ પણ તમારા ગુરુ પોતે તેમના પોતાના સ્વરૂપ ઉપર ધ્યાન કરે છે તો તે શ્રેષ્ઠ પરિણામ લાવશે. આવી રીતે તમારા બધા રોજીંદા કાર્યોમાં તમે તમારી જાતને અનુકૂળ કરી શકશો. જો તમે આવી લાગણી વિકસાવો અને તમારા બદલે તમારા ગુરુ દરેક વસ્તુ કરે છે એવું દ્રષ્ટિબિંદુ જાળવી રાખો તો બધો સમય તમે સતત સ્મરણમાં રહેશો. એટલું જ નહિ પણ તમારું કાર્ય કોઇ જાતના સંસ્કાર ઉત્પન્ન કરશે નહિ અને જલદીથી તમે નવા સંસ્કારો બનાવતા અટકી જશો.

આ રીત જો ખરા દિલથી અનુસરાય તો તે ગુરુના સ્વરૂપને સતત તમારી નજર સમક્ષ રાખશે અને તમે તેમની હાજરી તમારી અંદર તેમજ આસપાસ અનુભવશો. હકીકતમાં, જો કે સાચા ગુરુ ફક્ત બાહ્ય ભૌતિક શરીર નથી પણ તેમનો અંદરનો આત્મા (અંતરાત્મા) છે, છતાં પણ તેમના સ્વરૂપની પૂરેપૂરી અવગણના કરવી લગભગ અશક્ય છે. પરંતુ જેઓ સદ્‌ગુરુ તરીકે તેમના શારીરિક સ્વરૂપ એકલાના જ વિચારને વળગી રહે છે તેઓ તેમના પોતાના માટે સ્થૂળતમ્ જંજાળ અને ગૂંચવણો ઉત્પન્ન કરે છે. કબીરદાસે આવા માણસોને ગુરુ પશુ તરીકે સાચી રીતે ઓળખાવ્યા છે. પણ જો ગુરુ મહાન દિવ્ય આત્મા હોય કે જેણે પરમ તત્ત્વમાં પોતાની લયઅવસ્થા પ્રાપ્ત કરી હોય, તો તેમના સ્વરૂપનું ધ્યાન, શિષ્યોને મોટા ભાગે સૌથી વધારે ફાયદાકારક હોય છે. તેમનું શરીર બાહ્ય દેખાવમાં સ્થૂળ હોવાં છતાં ખરેખર તેમના અંદરના આત્મા જેવા ગુણધર્મોમાં શુદ્ધ અને સૂક્ષ્મ

હોય છે. જો તમે આવા ગુરુનાં સ્વરૂપ ઉપર ધ્યાન ધરો તો તમે તમારી પોતાની સ્થૂળતા છોડવા માંડશો. એટલું જ નહિ પરંતુ તેમના આત્માની ઉત્તમ અવસ્થા તમો હૃદયમાં ઉતારવા માંડશો. દ્રષ્ટિ સમક્ષ રાખેલું સ્વરૂપ થોડા સમય પછી નજરમાંથી અદ્રશ્ય થઇ જશે અને તમે ધીરે ધીરે શુદ્ધ પરમ તત્ત્વની કક્ષાએ પહોંચી જશો. જ્યારે તમે કોઇ વસ્તુ સામે થોડા સમય માટે સતત જુઓ છો ત્યારે તેનું સ્વરૂપ કેવી રીતે અદ્દશ્ય થાય છે તેની ચર્ચા મેં મારા પુસ્તક ''સહજ માર્ગના દશ નિયમોની સમજૂતી''માં કરી છે. આમ બાહ્ય સ્વરૂપમાંથી આપોઆપ આપણે અંદર તરફ અને પછી સાચા બિંદુ તરફ યાત્રા કરીએ છીએ કે જ્યાં બધુ જ અદ્દશ્ય થઇ જાય છે.

◆ ◇ ◆ ◇ ◆

૮. આત્મ-સમર્પણ

આપણે ઇશ્વર સાથે સંપર્ક સાધવા માટે ભક્તિ કરીએ છીએ. આપણે તેમના તરફ શ્રદ્ધા અને ભક્તિથી જોઇએ છીએ. ધીરે ધીરે આપણે તેમના તરફ એટલા બધા નિકટ થઇ જઇએ છીએ કે બીજી દરેક વસ્તુ આપણી નજરમાં પોતાની મહત્તા ગુમાવે છે. આ ગુરુની ઇચ્છા પ્રત્યે શરણાગતિ અથવા બીજા શબ્દોમાં આત્મ- સમર્પણની શરૂઆત છે. જેમ આપણી શ્રદ્ધા વધુ બળવાન થાય છે તેમ સમર્પણ ભાવ વિકસતો જાય છે. તે મનની ચંચળતા દૂર કરી સ્થિરતા લાવે છે, સમય જતાં આપણે પોતે કોઇ મહાન શક્તિ દ્વારા પરાજીત થતા હોવાનું અનુભવવા માંડીએ છીએ અને તે મહાન શક્તિ આપણા મનને બીજી બધી વસ્તુઓથી દૂર લઇ જાય છે. આખો વખત ઇન્દ્રિયોને યોગ્ય રીતે કાર્યરત રાખીને આપણે બિનજરૂરી પ્રવૃત્તિઓથી મુક્ત બનીએ છીએ. આત્મ સમર્પણ પોતાની જાતનો સંપૂર્ણ અનાદર કરીને ગુરુની ઇચ્છાને સંપૂર્ણ શરણે જવાની સ્થિતિ સિવાય બીજું કશું જ નથી. આ સ્થિતિમાં કાયમ રહેવું તે નકારાત્મકતાની સ્થિતિની શરૂઆત તરફ દોરી જાય છે. જ્યારે આપણે આપણી જાતે સદ્દગુરુને શરણે જઇએ છીએ ત્યારે આપણે તેમના તરફથી ઉચ્ચતમ દિવ્ય શક્તિનો સતત પ્રવાહ ખેંચવાનું શરૂ કરીએ છીએ. આ સ્થિતિમાં માણસ ફક્ત એવું વિચારે છે અથવા કરે છે કે જે તેના સદ્દગુરુની ઇચ્છા હોય છે. તે આ દુનિયામાં કોઇપણ વસ્તુ પોતાની માલિકીની નહિ હોવાનું પરંતુ દરેક ચીજ ગુરુની પવિત્ર થાપણ હોવાનું સમજે છે અને તે દરેક કાર્ય તેના ગુરુની આજ્ઞા હોવાનું સમજીને કરે છે. તેની ઇચ્છા ગુરુની ઇચ્છાને સંપૂર્ણપણે આધીન બની જાય

છે. જ્યારે દશરથ પુત્ર ભરત અયોધ્યાના લોકો સાથે પોતાના ભાઈ રામને પાછા આવવા માટે પ્રેરવા વનમાં ગયા હતા તે આપણને શરણાગતિનું એક સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. લોકોની વિનંતીઓના જવાબમાં રામે ગંભીરતાપૂર્વક કહ્યું કે જો ભરત તેમને તેમ કરવા કહે તો પોતે રાજધાનીમાં પાછા ફરવા સંપૂર્ણપણે સંમત થશે, ભરત કે જે પોતે તેમને પાછા વળવાનું સમજાવવા ત્યાં હાજર હતા તેમના તરફ બધાની નજર ગઈ, પણ તેમણે શાંતિથી કહ્યું ''મારે તો આજ્ઞા કરવાનું નહિ પરંતુ ફક્ત આજ્ઞાનું પાલન કરવાનું છે.''

ભગવદ્ ગીતા પણ શરણાગતિની સ્થિતિનું વર્ણન કરે છે. તે કોઈ સરળતાથી મેળવી શકાય એવી સાધારણ વસ્તુ નથી. બધી ઈન્દ્રિયો અને વૃત્તિઓના સંપૂર્ણ નકાર પછી તે શરૂ થાય કે જેની યોગ્યતા માટે આપણે ભક્તિના પ્રાથમિક નિયમોથી આગળ વધીએ છીએ. આપણે ગુરુને અતિ માનવીય વ્યક્તિ હોવાનું સમજીને તેમને આધીન થઈએ છીએ. તેમનું ધ્યાન આકર્ષવા અને કૃપા મેળવવા માટે બધી રીતે પ્રયત્ન કરીને આપણે તેમને શ્રદ્ધા અને પૂજ્યભાવથી ચાહીએ છીએ. આ હેતુ માટે આપણે ફક્ત સગવડ ખાતર દુન્યવી સંબંધોના સંદર્ભમાં જ આપણી કડી તેમની સાથે જોડીએ છીએ. આપણે તેમને પિતા, ભાઈ, ગુરુ કે પ્રેમિકા તરીકે અપનાવીએ છીએ. આ પ્રક્રિયા જો સાચાં હૃદયથી અપનાવવામાં આવે તો તે સાધકને ઘણી મદદરૂપ થાય છે. આમ સ્થપાયેલી આકર્ષણની મજબૂત કડી તેને ભક્તિ અને સમર્પણની અવસ્થા તરફ દોરી જાય છે. મારા વિચાર પ્રમાણે ગુરુનો માતા તરીકેનો ખ્યાલ ઘણું કરીને શિષ્યને માટે સૌથી વધુ યોગ્ય અને લાભદાયક છે. મા તો પ્રેમ અને સ્નેહની સાક્ષાત્ મૂર્તિ છે. પોતાના દીકરા માટે સુખ અને સગવડ આપવાના પ્રયત્નનો સતત વિચાર કરતા રહીને, ફક્ત માનું હૃદય તેના દીકરાએ તેને

આપેલી મુશ્કેલીઓ અને દુ:ખો ધીરજપૂર્વક સહન કરી શકે. સાચા માલિક કે ગુરુ કે જે શિષ્યની આધ્યાત્મિક માતા છે તેમની સ્થિતિ આવી જ છે. તેથી કરીને ગુરુ હંમેશાં પોતાનાં બાળક એટલે કે શિષ્યના આધ્યાત્મિક કલ્યાણ માટે કાળજી રાખતા હોય છે.

ગુરુના તેમના શિષ્ય સાથેના લાગણીભર્યા સંબંધને લીધે શિષ્યના તરફ પરમ પિતાનું ધ્યાન દોરાય છે કે જેની સાથે શિષ્યની આધ્યાત્મિક માતા (ગુરુ) ઘણી નજદીકથી જોડાયેલી હોય છે. માતાનો પ્રેમ ઘણો જાણીતો છે પણ લોકો ગુરુના પ્રેમ વિશે ઘણું ઓછું અને ઈશ્વરના પ્રેમ વિશે તેના કરતાં પણ ઓછું જાણે છે. મા અને સાચા ગુરુનાં કાર્યો લગભગ સરખાં હોય છે. મા બાળકને ચોક્કસ સમય માટે પોતાના ગર્ભમાં રાખે છે. ગુરુ પણ આધ્યાત્મિક બાળકને ચોક્કસ સમય માટે પોતાના માનસિક ક્ષેત્રમાં રાખે છે. આ સમય દરમિયાન ગર્ભમાં રહેલા બાળકની માફક શિષ્ય ગુરુના વિચારોના આધ્યાત્મિક સ્પંદનોમાંથી શક્તિ ખેંચે છે અને પોષણ મેળવે છે. જ્યારે સમય પાકે છે ત્યારે તેનો તેજસ્વી દુનિયામાં જન્મ થાય છે. અને પછીથી તેનું પોતાનું આધ્યાત્મિક જીવન શરૂ થાય છે. જો શિષ્ય પોતાની તમામ ચીજો ગુરુને સમર્પણ કરીને તેમના માનસિક ક્ષેત્રમાં દાખલ થાય તો તેને તેજસ્વી દુનિયામાં અવતરવા માટે ફક્ત સાત મહિના લાગે છે. પણ આ પ્રક્રિયા સામાન્ય રીતે ઘણા સમય સુધી લંબાય છે. કારણ કે શિષ્ય ગુરુના માનસિક ક્ષેત્રમાં રહે છે તે દરમિયાન તેના પોતાના વિચારો અને લાગણીઓની સભાનતા રાખે છે. આમ આપણે જોઈએ છીએ કે ગુરુની સ્થિતિ મોટે ભાગે માની સ્થિતિ જેવી જ હોય છે. આધ્યાત્મિક માતા તરીકેનો ગુરુનો ખ્યાલ આપણામાં પ્રેમ, આદર અને સમર્પણની લાગણીઓ કે જે આધ્યાત્મિક

જીવનના મુખ્ય અંગો છે તેને પ્રોત્સાહન આપે છે.

ઋષિ- મુનિઓએ શિષ્યોનું ''મનમત'' અને ''ગુરુમત'' એમ બે વિભાગોમાં વર્ગીકરણ કર્યું છે. ''મનમત'' વિભાગના શિષ્યો દુન્યવી દુઃખોમાં રાહત અને સંપત્તિ વિગેરેની ઇચ્છાને નજરમાં રાખીને કોઇ અમુક દુન્યવી હેતુ માટે ગુરુ પાસે જાય છે. તેઓ ફક્ત ત્યાં સુધી તેમને શરણે રહે છે કે જ્યાં સુધી તેમને પોતાની ઇચ્છાઓની પ્રાપ્તિ માટે આશા હોય છે. જ્યારે તેમને આ બાબતમાં નિરાશા મળે છે ત્યારે તેઓ છોડી દે છે. આવા શિષ્યો માટે આજ્ઞાપાલન કે શરણાગતિનો પણ પ્રશ્ન હોતો નથી તો પછી સમર્પણનું કહેવું જ શું ? ''ગુરુમત'' શિષ્યો તેઓ છે કે જેઓ બધી બાબતમાં ગુરુની આજ્ઞાનું પાલન કરે છે અને શકય તે બધી રીતે તેમની ઇચ્છાને આધીન રહેવાનો પ્રયત્ન કરે છે. શરણાગતિ આજ્ઞાપાલનથી શરૂ થાય છે. જ્યારે આપણે આધ્યાત્મિકતામાં ઉચ્ચતર પ્રાપ્તિવાળા ગુરુની મહાન શક્તિઓથી અતિશય પ્રભાવિત થઇએ છીએ, ત્યારે આપણે તેમની આજ્ઞાઓનું પાલન કરવા માટે અંદરથી પ્રેરાઇએ છીએ પણ ઘણીવાર જ્યાં સુધી આપણે તેમના સાંન્નિધ્યમાં હોઇએ છીએ ત્યાં સુધી જ આની અસર આપણા ઉપર રહે છે અને જ્યારે આપણે દૂર જઇએ છીએ ત્યારે આપણે તેમને ભૂલી જઇએ છીએ. થોડા સમય માટે તેમની સાથેનો વારંવારનો સંસર્ગ આપણને મહાન આત્મા સાથે નજદીકના સંપર્કમાં લાવે છે અને તેની સર્વોપરિતા આપણાં હ્રદયમાં સ્થપાવાની શરૂ થાય છે. આપણે આપણી આધ્યાત્મિક પ્રવૃત્તિને લગતી બધી બાબતોમાં આપણા માર્ગદર્શન તરીકે તેમને સ્વીકારીએ છીએ. પરિણામે આપણે તેમને વારંવાર યાદ કરીએ છીએ. જ્યારે આપણને તેમની શ્રેષ્ઠ શક્તિઓની સંપૂર્ણપણે પ્રતીતિ થાય છે ત્યારે જ આપણી શરણાગતિ સાચા અર્થમાં શરૂ થાય છે.

તે સાથે આપણે આગળ વધીએ છીએ અને આપણને જેમ દોરવામાં આવે છે તેમ અભ્યાસ કરીએ છીએ. આપણે આપણાં કાર્યોથી તેમને પ્રસન્ન કરવાનું વિચારીએ છીએ. ખરા કે ખોટાનો વિચાર પણ આપણાં હ્રદયમાં અગત્યતા મેળવતો જાય છે અને આપણને અનિષ્ટથી દૂર રહેવાની વૃત્તિ થાય છે. પરિણામે આપણે સદ્‌ગુણનો રસ્તો અપનાવીએ છીએ. જેથી કરીને આપણે આપણા મહાન ગુરુને પ્રસન્ન કરવા શક્તિમાન થઇએ. આ આપણો મૂળ ઉદ્દેશ છે કારણ કે આપણે આપણા આગામી જીવનના દુઃખોથી બચવા માગીએ છીએ.

પરંતુ હજી સુધી આપણે સારાસારના વિવેકનો હક્ક આપણી પોતાની પાસે અનામત રાખીએ છીએ અને તેથી આપણાં સારાં કે ખરાબ બધાં કાર્યો માટે આપણે જવાબદાર છીએ. આત્મ સમર્પણની ઉચ્ચતર કક્ષાએ આવી સારાસારની વિવેક શક્તિ લગભગ નાશ પામે છે અને મનુષ્ય દરેક કાર્ય તેના ગુરુની ઇચ્છા હોવાનું સમજીને કરે છે. તેના મનમાં સાચા કે ખોટાનો પ્રશ્ન બિલકુલ ઊઠતો નથી. કારણ કે તે બિલકુલ નિશ્ચિત થઇ જાય છે કે પોતાના ગુરુની ઇચ્છાને આધીન રહીને તે ફક્ત યોગ્ય કાર્ય કરી રહ્યો છે અને માલિકની ઇચ્છા હોવાનું સમજીને તે સાચા સિવાય બીજું કાંઇ જ કરતો નથી.

◆ ◇ ◆ ◇ ◆

૯. સાક્ષાત્કાર

આપણે લગભગ દરેક વ્યક્તિને ઈશ્વર, આત્મા અને વિશ્વના રહસ્ય વિશે એક યા બીજી રીતે વાતો કરતા સાંભળીએ છીએ, પરંતુ જો આપણે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હોય અથવા તેને જાણતી હોય તેવી વ્યક્તિની શોધમાં હોઈએ તો કદાચ તેમાંથી એવી કોઈ વ્યક્તિ આપણને મળશે નહિ. આ જ કારણે જુદા જુદા ધર્મોના પ્રતિનિધિઓ વચ્ચે સતત ઝઘડા થાય છે. તેઓ ઈશ્વર વિશે ઘણી વાતો કરે છે પણ અંદરથી તેઓ સંપૂર્ણ નાસ્તિકથી કોઈ રીતે ચડિયાતા હોતા નથી. તેઓ ઈશ્વરનું અસ્તિત્વ શબ્દોમાં સ્વીકારે છે પણ હૃદયથી તેના અસ્તિત્વ વિશે તેઓ સંપૂર્ણપણે બેધ્યાન જણાય છે. જ્યારે તેઓ તકલીફ કે દુ:ખમાં હોય છે ત્યારે જ તેમને ઈશ્વરની ઉપયોગીતા લાગે છે. આવા પ્રસંગોએ તેમની મુશ્કેલીઓ દૂર કરવા સહાયતા માટે ઈશ્વર ધ્યાન આપે તેવી તેઓ આશા રાખે છે. તેઓ મુખ્યત્વે તેમની ઈચ્છાઓની પૂર્તિ માટે ઈશ્વરની પ્રાર્થના કરે છે. આ ખરેખર સાચા પ્રેમ અને ભક્તિના વિચારથી ખૂબ દૂર છે. સાચો ભક્ત તે છે કે જે કોઈ દયા કે દુન્યવી લાભ માટે નહિ પણ કેવળ પ્રેમ ખાતર જ ઈશ્વરને પ્રેમ કરે છે. તે હંમેશાં ઈશ્વરની ઈચ્છા પ્રત્યે સંપૂર્ણ આધીનતાની સ્થિતિમાં રહે છે. સારું કે ખરાબ, પ્રિય કે અપ્રિય જે બધું તેને (ઈશ્વર તરફથી) મળે છે તેમાં તે સંપૂર્ણપણે સંતુષ્ટ રહે છે. આનંદ કે શોક બંને તેના માટે અર્થહીન છે. દરેક વસ્તુ તેના પ્રિયજન તરફથી મળેલ આશીર્વાદ છે. બધી બાબતોમાં આવી સંપૂર્ણ આધીનતા અને નિર્વિવાદ વલણ ભક્તિનો ઉત્તમ પ્રકાર છે. જો કે આધીનતાનો અર્થ એવો થતો નથી કે જો ઈશ્વરની ઈચ્છા હશે તો તેની

બધી જરૂરિયાતો પૂરી પાડશે તેવું વિચારીને, પોતે જાતે કાંઈ કર્યા સિવાય અને બધો સમય ઈશ્વર ઉપર આધાર રાખીને તેણે પ્રમાદી બની રહેવું. જેઓ પોતાને મદદ કરે છે તેમને ઈશ્વર મદદ કરે છે એવી સામાન્ય કહેવત શબ્દશ: સાચી છે. જો આપણે આ લોક અથવા પરલોકને લગતી આપણી જવાબદારીઓ અદા કરવા પ્રયત્ન કરીએ નહિ તો આપણે આપણી પવિત્ર ફરજ ચૂકી જઈએ છીએ. એક જ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આપણે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કામ કરીએ છીએ અને જે કાંઈ પરિણામ આવે તેમાં સંતોષ માનીએ છીએ જ્યારે આપણે આ કક્ષા સુધી પહોંચીએ છીએ ત્યારે આપણે જાતે સર્વોપરી ગુરુ (ઈશ્વર)ના સાચા ભક્ત હોવાનું અને તેથી પરમ તત્ત્વ તરફ જવાના સાચા રસ્તે હોવાનું આપણે યોગ્ય રીતે માની શકીએ. પરમ તત્ત્વ (સત્ય) શારીરિક ઈન્દ્રિયો દ્વારા અનુભવવાની વસ્તુ નથી પરંતુ ફક્ત હૃદયના અંતરતમ્ કેન્દ્રમાં તેનો સાક્ષાત્કાર કરી શકાય છે તેથી કરીને આપણા જીવનની સમસ્યાના ઉકેલ માટે આપણે તેમાં ઊંડા ઊતરવું જોઈએ.

આપણા મનમાં આ મહાન વિશ્વનો આપણને એક ખ્યાલ હોય છે કે જે, આપણે બધા જાણીએ છીએ તે મુજબ, ઈશ્વરનું ભૌતિક સર્જન છે. સામાન્ય રીતે, નિર્વિકાર શાશ્વત સત્ય (પરમતત્ત્વ)થી જુદું પાડવા આપણે તેને માયા કે ભ્રમણા તરીકે જોઈએ છીએ. લોકોએ કદાચ કોઈ યોગ્ય આધારસહ માયાને અસંખ્ય જુદી જુદી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તે (માયા) ખરેખર એક ઈશ્વરીય શક્તિ છે કે જેણે સમગ્ર સૃષ્ટિને તેના જુદા જુદા રૂપો અને આકારોમાં ઉત્પન્ન કરી છે અને જે તેની સમગ્ર પ્રક્રિયાનું નિયંત્રણ કરે છે. આપણે હંમેશાં આ મહાન શક્તિથી ઘેરાયેલા હોઈએ છીએ અને આપણી પ્રવૃત્તિના દરેક પાસામાં તેની અસર દેખાય

છે. આપણે માયાના મોહક ક્ષેત્રમાં ગોળ ઘૂમી રહ્યા છીએ અને કેટલીક વખત નજર સામેની એક યા બીજી વસ્તુને સત્ય સમજીને વળગી રહીએ છીએ. આપણી સમજ, ભાવનાઓ અને લાગણીઓ તેના ઉપર નવો રંગ ચઢાવે છે અને આપણાં કાર્યોને તે પ્રમાણે ઘડે છે. જ્યાં સુધી આપણે મૂળમાં રહેલા શાશ્વત પરમ તત્ત્વ (સત્ય)ની તરફ આપણું ધ્યાન રાખીએ નહિ ત્યાં સુધી તેમાંથી મુક્ત થવાની આશા રાખ્યા સિવાય, આપણે માયાની જાળમાં અટવાયેલા રહીએ છીએ. માયાનું સીધું પરિણામ ભૌતિક સર્જનનું આ વિશાળ વર્તુળ અસીમ છે. ચક્રની ધારની માફક અવિરલ ગતિથી આપણે ગોળ ગોળ ઘૂમ્યા કરીએ છીએ અને કેન્દ્રથી હંમેશાં દૂર અને દૂર જઈએ છીએ. જેમ દરેક વર્તુળને કેન્દ્ર હોવું જોઈએ તેમ આ સર્જનના વિશાળ વર્તુળને પણ કેન્દ્ર અગર મુલાધાર હોવો જોઈએ. જો આપણે આ શોધી શકીએ તો કદાચ આપણે આપણી સમસ્યાના ઉકેલ માટેની ચાવી મેળવી શકીએ.

ગણિતશાસ્ત્રના સમગ્ર વિજ્ઞાનનો આધાર એક નાનકડા શૂન્ય ઉપર છે. હવે આ અસીમ વિશ્વને માટે આપણે શૂન્ય કે આધાર શોધી કાઢવાનો છે કે જ્યાંથી અસ્તિત્વના દરેક સ્તર શરૂ થયા છે. વળી જો ઝીણવટપૂર્વક જોઈએ તો જણાશે કે વર્તુળનું કેન્દ્ર પોતે જ એક નાનું સૂક્ષ્મ વર્તુળ છે. જેથી તેનું પણ પોતાનું સૂક્ષ્મતર કેન્દ્ર હોવું જોઈએ. આવી જ પ્રક્રિયા અનંતતા સુધી ચાલુ રહે છે.

બીજા શબ્દોમાં કહીએ તો દરેક સૂક્ષ્મતર કે નાનું વર્તુળ તેથી વધુ મોટાં બાહ્ય વર્તુળનું કેન્દ્ર બની જાય છે. તર્ક કે કલ્પના તેનું મૂળ કે અંત શોધવામાં નિષ્ફળ જાય છે. આમ આ વધુ ભૌતિક વિશ્વની પાછળ બીજું વધુ શુદ્ધ અથવા વધુ સૂક્ષ્મ વિશ્વ છે કે જે આ બાહ્ય વિશ્વનું કારણ કે કેન્દ્ર છે. પછીથી આ વધુ સૂક્ષ્મતર વર્તુળ માટે બીજું એક કેન્દ્ર હોવું

જોઈએ કે જે પોતે જ બીજું વધુ સુક્ષ્મ વર્તુળ હોય અને તે જ પ્રમાણે આગળ. બીજી રીતે મૂકીએ તો, આવી રીતે છેક અંદરના કેન્દ્ર - અકલ્પનીય સૂક્ષ્મતમ બિંદુની આસપાસ એક બીજા પછી અસંખ્ય વર્તુળો હોવાં જોઈએ. તેમાંનું દરેક વર્તુળ પોતે બીજા બહારનાં વર્તુળ માટે કેન્દ્ર તરીકે કાર્ય કરે છે અને છેવટે આપણે અસ્તિત્વના આજના સ્થૂળ સ્વરૂપે પહોંચીએ છીએ. હવે આપણે એમ કરવું જોઈએ કે અસ્તિત્વના અત્યારના સ્થૂળ સ્વરૂપથી પાછા પગલાં લઈ આગલા સૂક્ષ્મતર અને તેથી વધુ સૂક્ષ્મતર સ્વરૂપ એટલે કે માનવીય પહોંચની દૂરમાં દૂર એવી શક્ય સીમા સુધી સગડ લેવા જોઈએ. આપણા અસ્તિત્વની હાલની અવસ્થામાં આપણે સ્થૂળતાના ક્ષેત્રની અંદર ગોળ ગોળ ફરી રહ્યા છીએ. સૂક્ષ્મતર પ્રદેશોને એક પછી એક પાર કરીને કેન્દ્રની અથવા મૂળ કારણની તરફ આગળ વધવામાં આપણી એક માત્ર આશા રહેલી છે. આધ્યાત્મિક વિજ્ઞાનનું તે જ સત્ય છે. સૂક્ષ્મતમથી સ્થૂળતમ સુધીના સમગ્ર વિશ્વનું મૂળ કારણ છેક અંદરનું કેન્દ્ર, મુલાધાર કે શૂન્ય છે. આપણે તેને ઈશ્વર કે બ્રહ્મ કહી શકીએ છીએ.

માનવનું બંધારણ પણ વિશ્વના બંધારણ જેવું બરાબર એક સરખું છે જેવી રીતે આ સ્થૂળ બાહ્ય વિશ્વની પાછળ સૂક્ષ્મતર અને તેથી પણ સૂક્ષ્મતર પ્રકારના અસંખ્ય બીજા વિશ્વો છે તેવી રીતે માનવીના આ સ્થૂળ ભૌતિક સ્વરૂપની પાછળ અસંખ્ય સૂક્ષ્મતર અને તેથી વધુ સૂક્ષ્મતર અસ્તિત્વના સ્વરૂપો છે. સૌથી બહારનું સ્વરૂપ તે સ્થૂળ શરીર છે કે જેની પાછળ સૂક્ષ્મ શરીર અને કારણ શરીર છે. આ ત્રણ બાહ્ય સ્વરૂપો ઉપરાંત બીજા અસંખ્ય સ્વરૂપો છે પણ તે એટલા બધા સૂક્ષ્મ છે કે વિચારકો તેમને શરીર કહેતા નથી પણ આત્માની આસપાસના સૂક્ષ્મ આવરણો જ કહે છે. આવા અસંખ્ય આવરણો પૈકી દરેકને નામ આપવું તે ખરેખર ઘણું

મુશ્કેલ છે. સ્થૂળતમથી સૂક્ષ્મતમ સુધીના આ બધા અસંખ્ય સ્વરૂપોથી માનવી ભૌતિક દુનિયામાં વિશ્વની સાચી પ્રતિકૃતિ કે ઈશ્વરના સમગ્ર સર્જન જેવું અસ્તિત્વ ધરાવે છે. તે સૌથી બહારના પરિઘથી છેક અંદરના કેન્દ્ર કે શૂન્ય સુધી એક સંપૂર્ણ વર્તુળ દર્શાવે છે. હવે, માનવીના અસ્તિત્વનું તેમજ ઈશ્વરના સર્જનનું છેક અંદરનું કેન્દ્ર કે શૂન્ય ખરેખર એક જ છે. ઈશ્વરના સાક્ષાત્કારનો અર્થ આત્માના સાક્ષાત્કાર જેવો જ થાય છે અને આત્માનો સાક્ષાત્કારનો અર્થ એટલે ઈશ્વરનો સાક્ષાત્કાર સમજવો. આખું વિશ્વ એક જ બિંદુ એટલે શૂન્યમાંથી ઉત્ક્રાંતિની પ્રક્રિયા દ્વારા અસ્તિત્વમાં આવ્યું છે. તેવી જ રીતે માનવીનું અસ્તિત્વ પણ તે જ બિંદુમાંથી વિકસ્યું છે.

સર્જનના સમય પહેલાં ફક્ત મૂળ તત્ત્વ એકલું અસ્તિત્વમાં હતું અને આજે આપણે જોઈએ છીએ તે આખું વિશ્વ અને તેની દરેક વસ્તુ પોતાનું વ્યક્તિત્વ ગુમાવીને, અત્યંત સૂક્ષ્મ રૂપે તેમાં લય પામ્યું હતું. હવે વૃક્ષનાં નાનકડાં બીજની જેમ આખું વિશ્વ અત્યંત સૂક્ષ્મ સ્વરૂપે કેન્દ્રમાં સમાયેલું હતું. આમ તે આજે આપણે જોઈએ છીએ તેવું વિસ્તૃત સર્જનનું સ્વરૂપ ખૂબ જ નાનાં રૂપમાં હતું. આવી રીતે કેન્દ્ર, ગર્ભિત ગતિઓ અને અત્યંત સૂક્ષ્મ સ્વરૂપે સમગ્ર સૃષ્ટિ સર્જન એક એકમ તરીકે બધા ભેગા થઈને, જ્યારે સમય આવ્યો ત્યારે સર્જનનું કારણ બન્યા. સૃષ્ટિના સર્જન સમયે દરેક વસ્તુઓએ અસ્તિત્વનું સ્વરૂપ ધારણ કરવાનું શરૂ કર્યું. વ્યક્તિત્વની સભાનતા માનવીના ઘડતરમાં પહેલું આવરણ હતું. એક પછી એક આવરણોનો ઉમેરો થતો રહ્યો. અહમ્ વધવા લાગ્યો. અને છેવટે તેણે સ્થૂળતર સ્વરૂપ ધારણ કર્યું. મન, ઈન્દ્રિયો અને વૃત્તિઓનાં કાર્યે સ્થૂળતામાં પોતાનો ફાળો આપવાનું શરૂ કર્યું. શરીર અને મનની પ્રવૃત્તિઓ સંસ્કારના ઘડતર તરફ દોરી ગઈ. છેવટે, હવે માનવી બાહ્ય સ્થૂળ

શરીર અને અંદરના સૂક્ષ્મ શરીરો તેમજ આવરણો સહિત સ્થૂળતમ સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. હવે, અસ્તિત્વની આ બાહ્ય સ્થૂળ સ્થિતિમાંથી આપણે એક પછી એક સૂક્ષ્મતર સ્થિતિઓમાંથી પસાર થતા થતા કેન્દ્ર તરફ સીધા આગળ વધીએ છીએ. સ્થૂળ શરીરમાંથી દરેક પગલે વધુ વિશુદ્ધ અથવા સૂક્ષ્મ થતા આપણે મન, શરીર અને પછી કારણ શરીરમાં આવીએ છીએ અને દરેક પગથિયે વધુ સૂક્ષ્મ બનીએ છીએ અને બીજાં આવરણોને પાર કરીને આગળ વધીએ છીએ.

આના માટે સામાન્ય રીતે સ્વીકારેલી રીતોનું ત્રણ મુખ્ય વિભાગોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. કર્મ, ઉપાસના અને જ્ઞાન કે જે જુદા જુદા ધર્મો અને સંપ્રદાયો માટે એક સરખો આધાર પૂરો પાડે છે. આ હેતુ માટે અપનાવેલા ચાર પ્રાથમિક સાધનો (સાધના ચતુષ્ટય) બધે લગભગ એક સરખા છે.

આ સાધનોમાં પહેલું સ્થાન ''વિવેક'' છે. આપણે દુનિયામાં ઘણી વસ્તુઓ જોઈએ છીએ પણ જ્યારે આપણે તેમના અસ્તિત્વનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને લાગે છે કે તે પરિવર્તનશીલ છે એટલે કે આપણે સામાન્ય રીતે કરીએ છીએ તેમ તે માયાના જુદા જુદા સ્વરૂપો છે. આમ આપણે તેનું કારણ શોધવા વધારે ઊંડા ઊતરવા આંતરિક રીતે પ્રેરાઈએ છીએ. આમ આપણું ધ્યાન અસ્થાયી વસ્તુઓ તરફથી અચલ અથવા શાશ્વત વસ્તુ તરફ દોરાય છે. આ રીતે દુન્યવી વસ્તુઓ તેમની મોહકતા ગુમાવવાનું શરૂ કરે છે અને આપણે એક રીતે તેમના તરફ અનાસક્ત થવાનું અનુભવીએ છીએ. આ આપણને વૈરાગ્યની અવસ્થામાં લઈ આવે છે કે જે (સાધનાના) ચાર સાધનોમાં બીજા સાધન તરીકે ઓળખાય છે. વૈરાગ્યની અવસ્થા બીજા કેટલાક કારણોસર પણ આવે છે. દાખલા તરીકે, જ્યારે પૂરેપૂરો સંતોષ થઈ જાય તેટલો દુન્યવી વસ્તુઓનો ઉપયોગ કરીને આપણે

તેનાથી ઘરાઇ જઇએ છીએ ત્યારે આપણને કોઇ વખત તેમના તરફ આંતરિક અણગમાની લાગણી થવા લાગે છે. આવા કિસ્સાઓમાં આપણું ધ્યાન સ્વાભાવિક રીતે કોઇ વધારે ઉમદા આદર્શ તરફ વળે છે અને ઇશ્વરીય વિચાર તરફ થોડેક અંશે જાગૃત થયા હોવાનું આપણને લાગે છે. બીજું કારણ, જ્યારે આપણને દુનિયાના દગા અને વિશ્વાસઘાતથી ઘણું ઊંડું મનદુઃખ થયું હોય ત્યારે આપણને દુન્યવી વસ્તુઓ પ્રત્યે અણગમાની અને અંદરથી અભાવની લાગણી થાય છે. જ્યારે આપણે આપણા કોઇ પ્રિયજનનાં મૃત્યુનાં કારણે વિચારોની અવસ્થામાં હોઇએ છીએ ત્યારે આપણામાં અસંતોષ અને અનાસક્તિની લાગણી પણ વિકસે છે. પણ આવા સંજોગોમાં ઉત્પન્ન થયેલો વૈરાગ્ય ભાગ્યે જ સાચો અને લાંબુ ટકે તેવો હોય છે. તે પ્રતિકૂળ સંજોગો બદલાતાં તરત જ અદ્રશ્ય થઇ જાય છે. આ જ સંદર્ભમાં એક વાર્તા છે કે એક માણસ કબીરદાસને મળવા માગતો હતો, જ્યારે તે તેમના ઘેર પહોંચ્યો ત્યારે તેને જણાવવામાં આવ્યું કે, કબીરદાસ તેમના કોઇ મૃત્યુ પામેલા સગાંના મૃતદેહના અગ્નિ સંસ્કાર માટે બીજા લોકો સાથે સ્મશાનમાં ગયા હતા. તેથી તે માણસ તેમને મળવા સ્મશાને જવા નીકળ્યો. પણ તેણે કબીરદાસને પહેલાં કદાપિ જોયા નહિ હોવાથી તે બધા લોકોમાંથી કબીરદાસને ઓળખવાનું તેનેમાટે મુશ્કેલ પડશે એમ વિચારતો હતો. આ બાબત માટે, તેને કહેવામાં આવ્યું હતું કે તેણે દરેકના ચહેરાની આસપાસ તેજોમય વર્તુળ તરફ જોવું જોઇએ. સ્મશાનના મેદાન તરફ જતા દરેકના ચહેરાની આસપાસનું તેજોમય વર્તુળ ચમકતું દેખાશે પરંતું તેઓના પાછા ફરતી વખતે તેની ચમક વધુ અને વધુ ઓછી થતી જશે અને છેવટે તે અદ્રશ્ય થઇ જશે. ફક્ત કબીરદાસના ચહેરાની આસપાસનું તેજોમય વર્તુળ (સ્મશાને જતા આવતા) બધો વખત એક જ સરખા તેજથી ચમકતું

રહેશે. આમ આવા એકાએક આવી પડેલા કારણોથી ઉત્પન્ન થયેલી વૈરાગ્યની લાગણી સામાન્ય રીતે અલ્પજીવી હોય છે અને સંજોગો બદલાતાં તે બદલાઇ જાય છે. કારણ કે એકાએક આવી પડેલો આઘાત થોડા સમય માટે વૈરાગ્યની લાગણી પેદા કરે છે પણ ઇચ્છાઓ અને ભોગવિલાસના બીજ હ્રદયમાં છેક ઊંડે દબાઇને પડેલા હોય છે અને તે અનુકૂળ વાતાવરણ મળતાંની સાથે જ અંકુશિત થઇ શકે છે. સાચા અર્થમાં અને લાંબા સમય સુધી ટકી રહે તેવા પરિણામ લાવનારી વૈરાગ્યની લાગણી, સંપૂર્ણ શુદ્ધિ અને જરૂરી સમભાવ આવ્યા પછી જ વિકસી શકે છે.

વેદાન્તીઓ, વૈરાગ્યનો અભ્યાસ જુદી રીતે કરે છે. તેઓ પોતે જે જુએ વિચારે છે તે બધું માયા છે અને તેથી ક્ષણિક અને મિથ્યા છે તેવું માનવા માટે પોતાની કલ્પના શક્તિ ઉપર દબાણ કરે છે અને તેઓ સમજે છે કે પાયામાં રહેલું સત્ય તે બ્રહ્મ છે. આ વિચારને બળવાન બનાવવા માટે તેઓ, પોતાની સંકલ્પશક્તિનો એટલો બધો ઉપયોગ કરે છે કે તેનાથી ફક્ત તેમના બાહ્ય કાર્યો અને ટેવોમાં ફેરફાર થાય તેવી રીતે તેઓ ટેવાઇ જાય છે. તેથી તેની અસર મોટે ભાગે ફક્ત બાહ્ય હોય છે. તેમ છતાં, લાંબા અને એકધારા અભ્યાસના કારણે સંભવિત છે કે તેની અસર અંદર પણ થોડી પ્રતિબિંબિત થાય. આ જ પ્રમાણે, વ્યવહારના સ્પર્શ સિવાયના ફક્ત કલ્પનાના ભયથી આણેલા વિવેકને મજબૂત આધાર મળતો નથી. આ વિષયનો ઊંડો અભ્યાસ બતાવશે કે ખરેખર વિવેક અને વૈરાગ્ય સાધનો નથી પણ કોઇ ઉદ્દેશનું ફક્ત પરિણામ છે. વિવેક કે વૈરાગ્ય કેટલીક યોગિક સાધનાઓ જેવી કે સ્મરણ, ભક્તિ અથવા પ્રેમ વિગેરેના સતત અભ્યાસથી જુદા જુદા તબક્કામાં વિકસતા મનની સ્થિતિ છે. જ્યાં સુધી ઇન્દ્રિયો પૂરેપૂરી વિશુદ્ધ ના થાય ત્યાં સુધી સાચા અર્થમાં

વિવેક કદી વિકસતો નથી. જ્યારે મન યોગ્ય રીતે નિયંત્રણમાં આવે અને શિસ્તબદ્ધ બને તેમજ અહંકાર વિશુદ્ધ અવસ્થામાં આવે ત્યારે જ આમ બને છે. આ રીતે આવતો વિવેક હકીકતમાં, ઇચ્છિત પરિણામો લાવવા માટે કરેલા અભ્યાસોનું પરિણામ છે. હવે વેદાંતિઓનું બીજું સાધન, વૈરાગ્ય આ જ રીતે વિવેકનું પરિણામ છે. તેઓ આ રીતે યોગમાં પ્રાથમિક સિદ્ધિઓની અવસ્થાઓ છે અને અવસ્થાઓએ પહોંચવાના સાધનો કે રીતો (ઉપાય) નથી. સહજ માર્ગની યોગ પદ્ધતિમાં વિવેક અને વૈરાગ્યનો સાધનો તરીકે ગણાવામાં આવ્યા નથી પરંતુ સાધક પોતાની પ્રગતિ દરમિયાન આપોઆપ વિકસાવે તે માટે તેમને બાજુ ઉપર રાખવામાં આવે છે. તે (સહજ માર્ગની સાધના) વેદાંતિઓના ત્રીજા સાધનથી શરૂ થાય છે કે જેમાં ષટ્-સંપત્તિ તરીકે જાણીતી છ પ્રકારની આધ્યાત્મિક સિદ્ધિઓનો સમાવેશ થાય છે. આ સંપત્તિઓમાંની પહેલી સંપત્તિ શમ છે કે જે મનની શાંત અવસ્થા સાથે સંબંધિત છે અને તે મનને શાંતિ અને સ્વસ્થતાની અવસ્થા તરફ દોરી જાય છે. જ્યારે આપણે તેનો અભ્યાસ કરીએ ત્યારે વિવેક અને વૈરાગ્ય આપોઆપ આવે છે., મારા અભિપ્રાય મુજબ વસ્તુના ન હોવાપણાના અર્થમાં વૈરાગ્ય કેળવવો તે ઘણી અઘરી રીત છે કારણ કે તેમાં તમારે નકારાત્મક માર્ગ લેવો પડે છે અને તમારી નજરે પડતી દરેક વસ્તુ દૂર કરવી કે છોડી દેવી પડે છે. પણ જો તમે હકારાત્મક દ્રષ્ટિ અપનાવો (એટલે નજરે દેખાતી દરેક વસ્તુનું હોવા પણું સ્વીકારો) અને એક જ વસ્તુને સત્ય તરીકે સ્વીકારો અને તેને સંપૂર્ણ હૃદયથી વળગી રહો તો બીજી બધી વસ્તુઓ સ્વાભાવિકપણે પડદા પાછળ જતી રહેશે અને ધીમે ધીમે તમે તેના તરફ બેધ્યાન થઇ જશો. પરિણામે તેમના તરફની તમારી આસક્તિ ધીરે ધીરે અદ્રશ્ય થવા માંડશે અને તમે સૌથી સહેલી રીતથી વૈરાગ્ય

પ્રાપ્ત કરશો.

આમ સતત ચલિત થતા મનનું યોગ્ય નિયંત્રણ એ યોગમાં પ્રાથમિક બાબત છે. તે અસંખ્ય ખ્યાલો અને વિચારો સર્જે છે, ઇન્દ્રિયો અને વૃત્તિઓને ઉશ્કેરે છે અને શરીરને કાર્યરત બનાવે છે. સારું કે ખરાબ બધું મનમાંથી પેદા થાય છે અને એકલું મન આપણી લાગણીઓ, સંવેદનો અને વૃત્તિઓને નિયંત્રણમાં રાખે છે. વિચારકોએ મનની વૃત્તિઓનું પાંચ વિભાગમાં વર્ગીકરણ કર્યું છે. આ પૈકી ''ક્ષિપ્ત'' તરીકે ઓળખાતો પહેલો વિભાગ મનની અશાંત સ્થિતિ છે અને તેમાં ભૂખ, તરસ, ગુસ્સો, દુઃખની લાગણીઓ તેમજ સંપત્તિ, ખ્યાતિ વિગેરે માટેની ઇચ્છાઓનો સમાવેશ થાય છે. બીજા વિભાગ ''મૂઢ''માં મંદતા, પ્રમાદ અગર આળસનો વધારો કરે તેવી વૃત્તિઓનો સમાવેશ થાય છે. ત્રીજો વિભાગ ''વિક્ષિપ્ત'' એવી વૃત્તિ ધરાવે છે કે જે પવિત્ર વિચારોમાંથી મનને દૂર લઇ જાય છે અને ધ્યાનના સમયે અસંખ્ય અસંગત વિચારોથી તેને ભરી દે છે. ચોથો વિભાગ ''એકાગ્રવૃત્તિ'' એવી વૃત્તિ છે કે જે આપણા ધ્યાનને એક જ વસ્તુ ઉપર કેન્દ્રિત કરે છે. છેલ્લો વિભાગ ''નિરોધ'' એવી વૃત્તિ છે કે જે મનને ખલેલ અને જટિલતાઓમાંથી મુક્ત એવી સંપૂર્ણ આત્મરત અવસ્થામાં લાવે છે. આ છેલ્લી અવસ્થા પામવા માટે સંતોએ સામાન્ય રીતે ખૂબ જાણીતા અષ્ટાંગ- યોગની સલાહ આપી છે. (એટલે કે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ). આધ્યાત્મિક તાલીમની સહજ માર્ગ પદ્ધતિમાં ધ્યાન ધરવા માટે મનને એક બિંદુ ઉપર સ્થિર કરીને આપણે અષ્ટાંગ- યોગના સાતમા પગથિયાથી 'ધ્યાન'થી શરૂઆત કરીએ છીએ. આગળના પગથિયા અલગ અલગ લેવામાં આવતા નથી. પણ આપણે ધ્યાન કરતાં જેમ આગળ વધીએ તેમ આપોઆપ તે અભ્યાસમાં આવી જાય

છે. આમ આપણો ઘણો સમય અને મહેનત આવી રીતે બચે છે.

ટૂંકમાં, વેદાંતિઓના ત્રીજા સાધનની સંપત્તિઓમાંની પહેલી સંપત્તિ ''શમ''થી આપણે આપણો અભ્યાસ શરૂ કરીએ છીએ અને આપણું બધું ધ્યાન મનના યોગ્ય ઘડતર અને નિયમન કરવામાં લગાડીએ છીએ કે જે સમર્થ સદ્‌ગુરુની આરોપેલી પ્રાણાહુતિ શક્તિની મદદથી સહેલાઈથી સિદ્ધ થાય છે. બીજી બધી બાબતોની અવગણના કરીને ફક્ત એક અને એક જ વસ્તુ કે જે પરમતત્ત્વ છે તેના ઉપર જ્યારે આપણે આપણા મનને સ્થિર કરીએ છીએ ત્યારે લાગણીઓ અને ઇન્દ્રિયો ઉપર કાબૂ (કે 'દમ') આપોઆપ આવે છે. સામાન્ય રીતે મોટા ભાગના સંતો આ માર્ગને અનુસરે છે. કેટલાક સંપ્રદાયો કર્મના આચરણ દ્વારા અને બીજા કેટલાક ભક્તિ કે ઉપાસના દ્વારા ''શમ'' તરફ પહોંચવા પ્રયત્ન કરે છે. હજી બીજા કેટલાક એવા હોય છે કે જેઓ આ બંનેને બાજુ ઉપર મૂકી દે છે અને જ્ઞાનના માધ્યમ દ્વારા આગળ વધે છે. હકીકતમાં, કર્મ, ભક્તિ અને જ્ઞાનની અવસ્થાઓ એક બીજાથી જુદી નથી પરંતુ ત્રણે એક બીજાથી ઘણી નજીકથી સંકળાયેલી છે અને એક અને એક જ અવસ્થામાં એક સાથે અસ્તિત્વ ધરાવે છે. દા.ત. ભક્તિ (યોગ)માં મનનું નિયંત્રણ કરવું તે કર્મ છે, મનની નિયંત્રિત અવસ્થામાં રહેવું તે ભક્તિ છે અને તેની સભાનતા તે જ્ઞાન છે; જ્ઞાન (યોગ)માં વિચારવાની પ્રક્રિયા તે કર્મ છે, વિચારેલી વસ્તુ ઉપર ટકી રહેવું તે ભક્તિ છે અને પરિણામની અવસ્થા તે જ્ઞાન છે. જ્યારે કર્મ (યોગ)માં કાર્ય કરવાનો નિશ્ચય તે કર્મ છે. તેને અભ્યાસમાં લાવવાની પ્રક્રિયા તે ભક્તિ છે અને પ્રાપ્તિની સભાનતા તે જ્ઞાન છે. આમ આપણી તાલીમ પદ્ધતિમાં સાચા અર્થમાં વિવેક અને વૈરાગ્યની અવસ્થા આપોઆપ પેદા કરીને તે

બધાનો (કર્મ, ભક્તિ અને જ્ઞાનનો) ઘણી અસરકારક રીતે એક સાથે ઉપયોગ કરવામાં આવે છે જે તાલીમથી સ્વાભાવિક રીતે વિવેક અને વૈરાગ્ય ના આવે તેવી તાલીમ ખરેખર કાંઇ જ ઉપયોગી નથી. વિવેકનું સાચું રૂપ એ છે કે જ્યારે માણસ તેની પોતાની ખામીઓ અને ઉણપોને સમજવા માંડે અને અંતરના ઊંડાણથી તે માટે પસ્તાવો કરે.

આપણે પહેલી બે સંપત્તિઓને સમજ્યા. હવે આપણે ''ઉપરતિ'' એટલે આત્મનિગ્રહ તરીકે ઓળખાતી ત્રીજી સંપત્તિ ઉપર આવીએ છીએ. આ અવસ્થામાં માનવી બધી ઇચ્છાઓમાંથી તેમજ બીજી દુનિયાને લગતી ઇચ્છાઓમાંથી પણ મુક્ત હોય છે. તે દુનિયાની કોઇપણ ચીજવસ્તુથી મોહ પામતો નથી કે આકર્ષાતો નથી. તેનું મન બધા સમય માટે એકમાં-પરમ તત્ત્વમાં કેન્દ્રિત થયેલું હોય છે. આ અવસ્થા વૈરાગ્યની અવસ્થાથી જુદી પડે છે, તે અર્થમાં કે વૈરાગ્ય દુન્યવી વસ્તુઓ તરફ અણગમાની લાગણી પેદા કરે છે. જ્યારે ઉપરતિ એવી અવસ્થા છે કે જેમાં ગમા કે અણગમાની બંને લાગણીઓ હોતી જ નથી. વૈરાગ્ય ખરેખર તો આ (ઉપરતિ) વધુ ઉમદા અને ઉચ્ચતર અવસ્થાનું અપૂર્ણ રૂપ છે. આ અવસ્થાએ આપણી મન, વૃત્તિઓ અને ઇન્દ્રિયો સંપૂર્ણપણે શુદ્ધ થઇ જાય છે. આપણે બધી બાહ્ય વસ્તુઓથી ધરાઇ ગયા હોવાનું લાગવા માંડે છે અને તે બધી વસ્તુઓ તરફ ધ્યાન આપવું યોગ્ય નથી એમ વિચારીને આપણે તેનાથી દૂર રહેવા માંડીએ છીએ. આપણે દુનિયા સાથેની આસક્તિની અસરમાંથી મુક્ત રહીએ છીએ. સ્વર્ગની સુખ સગવડો પણ તેવા માનવને મોહ પમાડતી નથી અને તે ઉપરાંત તેને મુક્તિ, મોક્ષ કે બીજા ઉચ્ચતર આદર્શો માટે કોઇ આકર્ષણની લાગણી થતી નથી.

ચોથી સંપત્તિ ''તિતિક્ષા'' કે ધૈર્યની અવસ્થા છે. આ અવસ્થાએ ઇશ્વરે માનવને જે કાંઇ આપ્યું છે તેનાથી તે

સંપૂર્ણપણે સંતોષ માને છે. તેને અન્યાય, અપમાન, તિરસ્કાર કે પ્રશંસાની કોઇ લાગણી થતી નથી.

પાંચમી સંપત્તિ ''શ્રધ્ધા'' છે કે જે ખૂબ જ ઊંચી સિદ્ધિ છે. ''શ્રદ્ધા''ના પ્રકરણમાં વર્ણવેલી કૃત્રિમ શ્રધ્ધાની પ્રાથમિક અવસ્થા કરતાં આ ખૂબ જુદી છે.

છેલ્લી સંપત્તિ ''સમાધાન'' છે કે જે કોઇપણ જાતની સભાનતા વગર માલિકની ઇચ્છામાં પોતાની જાતને સ્થિર કરવાની અવસ્થા છે. આ અવસ્થામાં માનવી બીજો કોઇ પણ વિચાર કર્યા સિવાય મહાન ગુરુને સંપૂર્ણપણે શરણે જાય છે.

આ રીતે આપણે ત્રીજા સાધનની જુદી જુદી સિદ્ધિઓની વાત કરી. હવે આપણે ચાર સાધનોમાંના ''મુમુક્ષુ'' તરીકે ઓળખાતા છેલ્લા સાધન ઉપર આવીએ છીએ. જ્યારે માનવી આ અવસ્થામાં આવે છે ત્યારે પરમ તત્ત્વ સાથે ખૂબ નજીકનો સંબંધ વિકસાવવા સિવાય કે શૂન્યની અવસ્થામાં ખરેખર લય પામવા સિવાય બીજું કાંઇ સિદ્ધ કરવાનું બાકી રહેતું નથી. આ સાક્ષાત્કારની અનુભૂતિનું પાસું છે, અને તે અષ્ટાંગ યોગની જૂની પદ્ધતિના પ્રાથમિક સાધનોના અથાગ અભ્યાસ પછી પ્રાપ્ત કરી શકાય છે. સહજ માર્ગની આધુનિક પદ્ધતિ સ્થાપિત જૂની પદ્ધતિથી એવી રીતે જુદી પડે છે કે અષ્ટાંગ યોગના જુદા જુદા પગથિયા એક પછી એક અલગ રીતે તેમાં લેવામાં આવતા નથી. આ પદ્ધતિમાં આસન, પ્રાણાયામ, ધારણા, ધ્યાન અને સમાધિ વિગેરે બધા ધ્યાન દરમિયાન એક સાથે લેવામાં આવે છે. વખત જતાં ધ્યાન એકાગ્રતા અથવા સમાધિની સ્થિતિ તરફ આપણને લઇ જાય છે. આમ આપણે સ્વાભાવિક રીતે સમાધિ કે જે યોગનું છેલ્લું પગથિયું છે તેના તરફ આગળ વધીએ છીએ.

સમાધિ કે એકાગ્રતાના તબક્કાના ત્રણ પ્રકાર છે. આ

પૈકી પહેલો પ્રકાર એ છે કે જેમાં માણસ ખોવાઇ ગયેલો કે ડૂબી ગયેલો હોવાનું અનુભવે છે. તેની ઇન્દ્રિયો, લાગણીઓ અને આવેગો થોડીક ક્ષણો માટે એવી રીતે થંભી જાય છે કે તે તેટલા સમય પૂરતા દેખીતી રીતે નિષ્ક્રિય થયેલા હોવાનું લાગે છે. તે દરેક વસ્તુથી અભાન એવી મૃતપ્રાય નિદ્રામાં હોય તેવા માણસ જેવો લાગે છે. બીજો પ્રકાર એ છે કે જેમાં માણસ એક બિંદુ ઉપર ખૂબ જ એકાગ્ર થયેલો હોવા છતાં તેમાં ખરેખર ડૂબી ગયેલો હોવાનું અનુભવતો નથી. આને અભાનતામાં સભાનતાની અવસ્થા તરીકે વર્ણવી શકાય. દેખીતી રીતે તેને કશાની સભાનતા હોતી નથી. છતાં પણ તેની અંદર સભાનતા રહેલી હોય છે. એક માણસ કોઇ સમસ્યા ઉપર ઊંડો વિચાર કરતો રસ્તા ઉપર ચાલે છે. તે તેમાં એટલો બધો ગરકાવ થઇ ગયેલો હોય છે કે તે બીજી કોઇપણ બાબતથી અભાન હોય છે. અને રસ્તા ઉપર કાંઇપણ જોતો નથી. તેમજ આસપાસના અવાજો અથવા વાતચીતો સાંભળતો નથી. તે મનની અભાન અવસ્થામાં આગળ ચાલે છે તેમ છતાં પણ રસ્તાની બાજુ ઉપર આવેલા ઝાડ સાથે તે અથડાતો નથી કે રસ્તે આવતી ગાડી સાથે અથડાઇ પડતો નથી. તેની અભાનપણાની અવસ્થામાં તે અજાણતાં આવી જરૂરિયાતો તરફ ધ્યાન આપે છે અને પ્રસંગની માગ પ્રમાણે વર્તે છે. તેને કાર્યોની સભાનતા હોતી નથી. તે અભાન અવસ્થામાં સભાનતા છે. મનની આ અવસ્થામાં બીજી વસ્તુઓની સભાનતા સુષુપ્ત દશામાં હોવાનું જણાય છે અને તેની અસર પડતી નથી. ત્રીજો પ્રકાર સહજ સમાધિ છે. આ એકાગ્રતાનુ સર્વોત્તમ સ્વરૂપ છે. આ અવસ્થામાં માનવી પોતાના કામમાં કાર્યરત હોય છે અને તેનું મન તેમાં પરોવાયેલું હોવાં છતાં પણ તે સમયે તેના અંતઃકરણથી તે સત્ય વસ્તુ ઉપર સ્થિર રહેલો હોય છે. તે તેના જાગ્રત મનથી બાહ્ય કામ

સાથે કાર્યરત હોય છે ત્યારે તે જ સમયે તેનું અર્ધજાગ્રત મન દિવ્ય વિચારોમાં રોકાયેલું હોય છે. જો કે દેખીતી રીતે તે દુન્યવી કામમાં રોકાયેલો હોવા છતાં તે બધો વખત સમાધિની અવસ્થામાં હોય છે. આ સમાધિનો ઉચ્ચતમ પ્રકાર છે અને આ અવસ્થામાં કાયમી પ્રવેશ કર્યા પછી માણસે ખાસ કાંઇ કરવાનું બાકી રહેતું નથી. સાધના દરમિયાન પ્રાપ્ત થતી વિવિધ આધ્યાત્મિક અવસ્થાઓમાં કુદરતનાં કામ માટે વિશેષ શક્તિ અને ક્ષમતાના લક્ષણો હોય છે. પિંડ દેશ તરીકે ઓળખાતા સૌથી નીચેનાં પ્રદેશમાં, છાતીના ભાગમાં આવેલા વિવિધ ઉપબિંદુઓ સમાયેલા છે. હિન્દુઓના પુરાણા ધાર્મિક સાહિત્યમાં સામાન્ય રીતે ઉલ્લેખાતી ''પાંચ અગ્નિવિદ્યા''નું આ કેન્દ્ર છે. જ્યારે માનવ આ ક્ષેત્ર ઉપર સંપૂર્ણ કાબૂ મેળવે છે ત્યારે તે તેનામાં પદાર્થોને લગતા વિજ્ઞાનના આંતરજ્ઞાનને આપોઆપ વિકસાવે છે અને તેના પૂરતા અભ્યાસ અને અનુભવ પછી તે તેનો ધારે તે રીતે ઉપયોગ કરી શકે છે પણ જ્યાં સુધી આધ્યાત્મિકતાને સંબંધ છે ત્યાં સુધી, આ સિદ્ધિ તેના હેતુ માટે માફક આવતી નહિ હોવાથી, તાલીમની આ કાર્યક્ષમ પદ્ધતિમાં ભૌતિક શક્તિઓ તરફ સાધકને બેખબર રાખવામાં આવે છે અને ગુરુની પરાવર્તિત શક્તિ વડે તેને પાર કરવા માટે મદદ કરવામાં આવે છે કે જેથી તેનું ધ્યાન શુદ્ધ આધ્યાત્મિક પ્રકાર સિવાયની બીજી કોઇ પણ બાબત તરફ ખેંચાય નહિ. ત્યાર પછી તે તેને સોંપેલું નાનું ઇશ્વરીય કાર્ય કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે. આ અવસ્થામાં તેના કાર્યક્ષેત્રનો નાનો પ્રદેશ હોય છે. દા.ત. એક શહેર, એક જિલ્લો અથવા કોઇ મોટો વિભાગ. તે જે પ્રકારનું કામ કરે છે તે કુદરતની માગ પ્રમાણે, પોતાના કાર્યક્ષેત્રમાં આવતી બધી કાર્યશીલ બાબતોની યોગ્ય ગોઠવણી કરવાની હોય છે. તે પોતાના ક્ષેત્રમાં જરૂરી તત્ત્વોનો સમાવેશ

કરે છે અને બિનજરૂરી તત્ત્વોને દૂર કરે છે. તે વ્યક્તિ ''ઋષિ'' તરીકે ઓળખાય છે અને તેમનું પદ ''વસુ'' છે.

તે પછીનું ઊંચું સ્થાન અને પદ ''ધ્રુવ'' છે. તે બ્રહ્માંડ મંડળ ઉપર વર્ચસ્વ ભોગવે છે અને તે ''મુનિ''ના વર્ગમાં આવે છે. તેનું કાર્યક્ષેત્ર ઘણું વિશાળ હોય છે અને તે ''વસુઓ'' ઉપર સત્તા ભોગવે છે. તેની ફરજ વાતાવરણમાં રહેલ બિનજરૂરી વિચારો અને ખ્યાલોને શુદ્ધ કરવાની છે. તેના રોજીંદા કાર્ય ઉપરાંત જે તે સમયે તેને સોંપવામાં આવેલી બીજી અનેક ફરજો પણ અદા કરવાની હોય છે. આ અવસ્થા માનવીય શરીરમાં હૃદયની છાયામાં આવેલો પ્રદેશ સંપૂર્ણ તેજોમય થયા પછી પ્રાપ્ત થાય છે.

આનાથી ઊંચું પદ 'ધ્રુવાધિપતિ''નું હોય છે કે જે ધ્રુવોનાં કાર્યને માટે માર્ગદર્શન અપાવે છે. ''નાભિ'' બિંદુ ઉપર સંપૂર્ણ કાબૂ મેળવ્યા પછી આ અવસ્થા પ્રાપ્ત થાય છે. તેનું કાર્યક્ષેત્ર આખી દુનિયા ઉપર વિસ્તરેલું હોય છે પણ તેનું કાર્ય ધ્રુવનાં કાર્ય જેવું જ હોય છે. વાતાવરણની સફાઇ અંગેના તેમના રોજીંદા કાર્ય ઉપરાંત, તેમણે આકસ્મિક ઘટનાઓ અને જુદે જુદે સમયે બનતા બનાવો ઉપર પણ ધ્યાન આપવાનું હોય છે. આ ઇશ્વરીય કાર્યકર્તાઓ ઊંચી કક્ષાના અતિ વિકસિત આત્માઓ હોય છે કે જેઓ વ્યક્તિગત કે પોતાની લાગણીની બિલકુલ પર હોઇ કુદરતની ઇચ્છાને પૂરી રીતે વળગી રહીને કાર્ય કરે છે. તેમનું કામ આપોઆપ અને યંત્રવત્ થતું હોય છે અને કોઇપણ બાબતમાં તેમણે અંગત પસંદગી કે વિવેકબુદ્ધિ વાપરવાની હોતી નથી.

''ધ્રુવાધિપતિ''ની ઉપરનું ''પાર્ષદ''નું પદ અસામાન્ય સંજોગોમાં જ્યારે કુદરતને તેની ખૂબ જરૂર હોય ત્યારે જ આપવામાં આવે છે. તે ઉપર જણાવેલા નીચલી કક્ષાના જુદાં જુદાં પદનાં કાર્યકર્તાઓનાં કાર્યોનું નિયમન અને માર્ગદર્શન

કરે છે તેમજ ખૂબ જ અગત્યની ફરજો પોતાની પાસે રાખીને બાકીની વિવિધ ફરજો તેમને સોંપે છે. બધી અગત્યની બાબતોમાં દા.ત. મોટાં સાહસો કે યુદ્ધોમાં અગાઉથી નક્કી કરેલ પરિણામો લાવવા માટે તેની સંકલ્પ શક્તિ કામ કરે છે. તે કુદરતની બધી વિનાશક અને રચનાત્મક યોજનાઓનો અમલ કરે છે. તેમનું કાર્યક્ષેત્ર ફક્ત આ દુનિયા પૂરતું મર્યાદિત હોય છે. જ્યારે માનવ ''સહસ્ત્રદળ કમળ''ના કેન્દ્રીય બિંદુ ઉપર સંપૂર્ણ કાબૂ મેળવે છે ત્યારે આ અવસ્થા પ્રાપ્ત થાય છે.

''મહા પાર્ષદ''નું પદ સૌથી ઉચ્ચ કક્ષાનું છે. આ છેલ્લું ઇશ્વરીય તત્ત્વવાળું પદ છે અને જ્યારે કુદરતને દુનિયાના આમૂલ ફેરફાર કે પરિવર્તનની તાકીદની જરૂરિયાત ઊભી થાય ત્યારે જ આ પદ આપવામાં આવે છે તે ઊંચામાં ઊંચી સત્તા ભોગવે છે. ''રાજયોગની ક્ષમતા''ના પુસ્તક (ચોથી અંગ્રેજી આવૃત્તિ)ના પાન નં. ૩૨ ઉપરની આકૃતિ નં. ૫માં બતાવ્યા પ્રમાણે તેની શક્તિ માથાની નીચેના ભાગમાં પાછલી બાજુના હાડકા (Occipital bone)ની જમણી બાજુના પ્રદેશમાંથી શરૂ થાય છે.

જો માનવ સાચી તડપથી અને યોગ્ય માર્ગદર્શન હેઠળ સાચે માર્ગે આગળ વધે તો તે પણ રાજયોગની આવી અદ્દ્ભુત સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.

✦ ✧ ✦ ✧ ✦

૧૦. 'મારી અન્તર્દષ્ટિ (દર્શન)'

અત્યારના દિવસોમાં દુનિયા કટોકટીની પરિસ્થિતિમાંથી પસાર થઇ રહી છે. રાજકીય પરિસ્થિતિ રોજબરોજ અતિશય જટિલ બનતી જાય છે. આર્થિક સ્થિતિ ઘણી નિરાશાજનક બની ગઇ છે. નૈતિક, ધાર્મિક અને સામાજિક અધઃપતન લગભગ તેની છેલ્લી હદે પહોંચ્યું છે. હુંસાતુંસી, અશાંતિ બિનસલામતીનું વાતાવરણ સર્વત્ર ફેલાયેલું છે. દરેક રાષ્ટ્ર પોતાના પડોશી તરફ ઇર્ષાભરી નજરે જુએ છે અને પોતાના બધા સાધનો તેનું શોષણ કરવાના રસ્તા શોધવામાં વાપરે છે. દુનિયાના રાજનીતિજ્ઞો આ હકીકતોથી તદ્દન અજાણ નથી. તેઓ દુનિયાની સમક્ષ ઉત્પન્ન થયેલી વિવિધ સમસ્યાઓનો સંતોષકારક ઉકેલ મેળવવા દરેક ઉપાયો દ્વારા પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ આ હેતુ માટે સ્થપાયેલી બધી સંસ્થાઓના સરવાળે પ્રોત્સાહિત પરિણામો લાવતા હોવાનું જણાતું નથી. મહાન રાજકારણીઓ અને રાજનીતિજ્ઞોના મનમાં અતિશય અગત્યતા ધરાવતી વિશ્વ શાંતિની સમસ્યા માત્ર ભ્રમ કે મૃગજળ છે.

ભારતની હાલની પરિસ્થિતિ કોઇ જાતનું ઉજળું ભાવિ ધરાવતી નથી. મતભેદો પક્ષાપક્ષી દેશમાં સર્વત્ર ફેલાયેલી છે. સ્વાર્થ પ્રબળ છે. નૈતિક સિદ્ધાંતો ભૂલાઇ ગયા છે. ભરણપોષણની સમસ્યા કઠીન બની છે. આ બધું હોવાં છતાં પણ, આપણામાંના કેટલાક માને છે કે દેશ પ્રગતિ કરી રહ્યો છે. ફક્ત ભૌતિકવાદ ઉપર આધારિત પશ્ચિમ જેવી સંસ્કૃતિ તરફ દેશ ધીમે ધીમે જઇ રહ્યો છે તેને તેઓ પ્રગતિની નિશાની માને છે. પણ ભૌતિકવાદના યુગનો હવે અંત આવવો જોઇએ. જૂની પ્રણાલીઓ નવીને જગ્યા કરી

આપીને બદલાવું જોઇએ. વિદ્યુત અને અણુશક્તિ ઉપર આધારિત વિશ્વ સંસ્કૃતિનું હાલનું બંધારણ લાંબા સમય સુધી અસ્તિત્વમાં રહેશે નહિ. તેનું પતન જલદી થશે તે નક્કી છે. આખું વાતાવરણ સંપૂર્ણ ભૌતિકવાદની ઝેરી અસરથી એટલું બધું દૂષિત થઇ ગયું છે કે તેને સ્વચ્છ કરવાનું લગભગ માનવીના કાબૂની બહાર છે. નજદીકમાં થનાર અનિવાર્ય ફેરફારનો સમય લગભગ પાકી ગયો છે અને તેના માટે મારા ''રાજયોગની ક્ષમતા''ના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે માનવ રૂપમાં ઇશ્વરીય શક્તિ ક્યારની કામે લાગી ગઇ છે. આજે આપણામાંના કેટલાકને વિશ્વસનીય ન પણ લાગે પરંતુ તે નિઃસંદેહ હકીકત છે. જ્યારે બનાવો પૂરતા પ્રકાશમાં આવશે ત્યારે દુનિયા આ ઇશ્વરી શક્તિ વિશે અને આને લગતાં તેનાં કાર્ય વિશે થોડા સમય પછી જાણશે. ઇશ્વરીય કાર્યો હંમેશાં સીધા નહિ પરંતુ ઉચ્ચ કક્ષાના કોઇ માનવી દ્વારા સધાય છે. આનું કારણ એ છે કે ઇશ્વરને મન હોતું નથી કે જે વસ્તુઓને કાર્યરત કરવાનું એક માત્ર સાધન છે. માનવ મન ધરાવે છે પણ જ્યારે તેણે પોતાના અસ્તિત્વની લાગણી સંપૂર્ણપણે ગુમાવી દીધી હોય ત્યારે આ હેતુ માટે તે ઉપયોગમાં લઇ શકાય છે. તે જ્યારે સ્વની સંપૂર્ણ નકારાત્મકતા પ્રાપ્ત કરે છે ત્યારે તેનામાં માનવ મન નહિ પરંતુ ફક્ત વિશુદ્ધ અને પૂર્ણ અવસ્થાવાળું ઇશ્વરીય મન રહે છે. હવે કુદરત આ ઇશ્વરીય મન દ્વારા કામ કરે છે જો કે તે દેખીતી રીતે માનવ શરીરમાં અસ્તિત્વ ધરાવે છે.

હું મારી 'અન્તર્દષ્ટિ(દર્શન)'માં જોઉં છું તેવી ભવિષ્યની દુનિયાની એક ઝાંખી વાંચકો સમક્ષ રજૂ કરું છું, તમે માનો કે ના માનો, પરંતુ અતીન્દ્રિય અવસ્થામાં મેં કરેલું કુદરતનું ભાવિ દર્શન આ છે. દુનિયામાં ખરાબ તત્ત્વોનો વિનાશ

ક્યારનોય શરૂ થઇ ગયો છે. એના એંધાણ સ્પષ્ટ જણાય છે. આ દુનિયાના અસ્તિત્વના સમય દરમિયાન આવા દાખલા પહેલાં ઘણીવાર બન્યા છે. રામ રાવણનું યુદ્ધ, નોહાનો જળપ્રલય અને મહાભારતનું યુદ્ધ થોડા દાખલા પૂરા પાડે છે. આવો વિનાશ વિવિધ સાધનો દ્વારા થાય છે. યુદ્ધ કે આંતરિક કલહ, દૈવી આપત્તિ જેવી કે જ્વાળામુખીનું ફાટવું અથવા આવા બીજા કારણો સર આવું બની શકે. તેના છેલ્લા તબક્કા માટેનો સમય હવે પાક્યો છે અને દુનિયા તે તરફ ધસમસતી દોડી રહી છે. આ કાર્ય આ સદીના અંત સુધીમાં પૂરી ગતિમાં આરંભાશે પણ નીચે જણાવેલામાંના કેટલાક બનાવો બનતાં વધુ લાંબો સમય લાગશે.

છેલ્લા થોડા સમયથી સૂર્યની ગરમી ધીમે ધીમે ઓછી થઇ રહી છે અને સૂર્યની અપૂરતી ગરમીના કારણે થોડા સમય પછી પૃથ્વીની સપાટી ઉપર જીવન તદ્દન અશક્ય બને તેનો ઉકેલ વિજ્ઞાનિકો માટે મૂંઝવતો કોયડો બની શકે. બધી ભૌતિક શક્તિઓ તેમને આધિન હોવા છતાં પણ આનો કોઇ ઉકેલ તેમના મનમાં મળતો નથી. હું તેમને ખાતરી આપું છું કે તે હાલમાં તેટલા બધા પ્રમાણમાં ઘટશે નહિ. અત્યારે સૂર્યની ગરમીમાં થઇ રહેલો ઘટાડો ફક્ત પ્રકૃતિની પરિવર્તન કાર્યમાં વધુ ગતિ લાવવા પૂરતો છે અને તે કામ માટે નિયુક્ત થયેલી વ્યક્તિ તે હેતુ માટે તેનો ઉપયોગ કરી રહી છે. સમગ્ર દુનિયાના બંધારણમાં નજીકમાં થનારી ઊથલપાથલની આ અચૂક નિશાની છે અને તે પછી સૂર્ય તેના પૂર્ણ તેજથી પ્રકાશશે. મહાપ્રલયના સમયે તે જ નિશાની ફરીથી દેખાશે પણ તે ઘણા દૂરના સમયની વાત હોવાથી હું અહી તે વિગતવાર લખવાનું યોગ્ય સમજતો નથી. આ બાબતમાં વાચકોની જાણ માટે હું એક વાત જણાવીશ. મહાપ્રલય થવાના સમયે ધ્રુવનો તારો પોતાના સ્થાનેથી થોડા

અંશે ચલિત થશે અને થોડા પ્રમાણમાં વધુ ગરમ થશે. એક પ્રબળ શક્તિ વાયુના રૂપમાં તેમાંથી બહાર ધસી આવવાનું આરંભ કરશે અને દુનિયાનો તેમજ અસ્તિત્વ ધરાવતી બીજી દરેક વસ્તુનો છેવટે નાશ કરશે. વિનાશનું કાર્ય ઉત્તર ધ્રુવથી શરૂ થશે.

વર્તમાન ઊથલપાથલના પરિણામે સચોટ ફેરફારો અમલમાં આવશે અને દુનિયાની નવી રચના આજે આપણે જોઇએ છીએ તેના કરતાં તદ્દન જુદી હશે. ગ્રેટ બ્રિટનનું ભાવિ અત્યંત ખરાબ હશે. તેનો એક ભાગ એટલે કે દક્ષિણ તરફનો ભાગ દરિયામાં ડૂબી જશે. જ્વાળામુખી શક્તિ ગુપ્ત સ્થિતિમાં લંડનના મધ્ય ભાગમાં કામ કરી રહી છે અને સમય જતાં જ્વાળામુખીના રૂપમાં તે એકદમ જોરથી ફાટશે. ગલ્ફ સ્ટ્રીમ પોતાનો પ્રવાહ બદલશે અને દેશ અતિશય ઠંડો બનશે. યુરોપનું ભાવિ પણ આના જેવું જ હશે. નાના નાના દેશો પોતાનું અસ્તિત્વ ગુમાવશે. રશિયાનું ભવિષ્ય અંધકારમય છે તે બચી શકે નહિ. રશિયાનું પોતાનું અસ્ત્ર તેના પોતાના માટે ઘાતક બનશે. સામ્યવાદની કબર તેના પોતાના દેશમાં હશે. અમેરિકાની બાબતમાં, તે પોતાની સમૃદ્ધિ નજીકમાં ગુમાવી દેવાના ભયમાં છે અને સમય જતાં તે બિલકુલ ગરીબ બનશે. સાથે સાથે તેની શક્તિ અને મહાનતાનો અંત આવશે. ભારત તેની પ્રાચીન ભવ્યતા પાછી મેળવશે અને તેની પોતાની સત્તા નીચે ઉન્નતિ કરી વિખ્યાતિ મેળવશે. તેનું સાર્વભૌમત્વ ચારે બાજુ વિસ્તરશે, અને દુનિયા દીવાદાંડી તરીકે તેના તરફ મીટ માંડશે. પરંતુ તે પણ દુનિયાની ઊથલપાથલમાં તેનો ભોગ બનશે. બળવાના બીજ દેશમાં વિકસી રહ્યા છે, દેશનો એક ભાગ એટલે કે પૂર્વ બંગાળ દરિયામાં ડૂબી જશે. જ્વાળામુખી શક્તિ પણ કાર્યરત થઇ છે અને દેશના કેટલાક ભાગોમાં અને ખાસ કરીને

બિહાર રાજ્યમાં ગંભીર અસર પહોંચાડશે. દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ દૂરના ભવિષ્યમાં ટાપુમાં ફેરવાઇ જશે. દુનિયા ઉપર બધે ખૂબ રક્તપાત થશે અને વિવિધ કારણોથી જાનહાનિ એટલી બધી વધારે થશે કે દુનિયાની વસતિ સારી એવી ઓછી થઇ જશે. નૂતન વિશ્વનું નવું માળખું હાડકાં અને રાખ ઉપર ઊભું થશે. આધ્યાત્મિકતા ઉપર આધારિત એક પ્રકારની સંસ્કૃતિ ભારતમાં ઉદય પામશે અને સમય જતાં, તે વિશ્વ સંસ્કૃતિ બની જશે. કોઇ દેશ કે રાષ્ટ્ર આધ્યાત્મિકતાના પાયા વગર ટકી શકશે નહિ, અને દરેક રાષ્ટ્રે જો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું હશે તો વહેલા કે મોડા તેણે આ જ રસ્તો અપનાવવો પડશે.

◆ ◇ ◆ ◇ ◆

૧૧. મિશનનું પ્રતીક (ચિહ્ન)

મિશનનું પ્રતીક (ચિહ્ન) શ્રી રામચંદ્ર મિશનમાં અનુસરાતી સાધના પદ્ધતિનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરે છે. ફત્તેગઢ (ઉ.પ્ર.) નિવાસી મહાન દિવ્યાત્મા સમર્થ ગુરુ મહાત્મા રામચંદ્રજી મહારાજની પુણ્ય સ્મૃતિમાં તેમના નામે આ મિશનની સ્થાપના થઇ હતી. આ મિશનમાં અનુસરાતી સાધના પદ્ધતિ ''સહજ માર્ગ'' તરીકે ઓળખાય છે.

નીચેના ભાગમાં આવેલું ''સ્વસ્તિકનું ચિહ્ન'' આપણે જ્યાંથી શરૂઆત કરીએ છીએ તે બિંદુ સૂચવે છે. આ વિવિધ રૂપો, વિધિઓ અને પૂજાની રીતોનું ક્ષેત્ર છે તેમાં આપણે સહજ માર્ગ તરીકે દર્શાવેલા રસ્તે આપણી સાધનામાં આગળ વધીએ છીએ. તે રસ્તો સ્વયં પ્રકૃતિએ મુશ્કેલીઓ અને અવરોધોના પર્વતોમાંથી કાપીને બનાવ્યો છે. વિવિધ રૂપ ધારણ કરતી સ્થૂળતાઓના પ્રકાશ અને અંધકારના વિભિન્ન ક્ષેત્રોમાંથી પસાર થઇને ચંદ્ર અને સૂર્યથી ઘણા બધા ઊંચે દરેક પગલે વધુ અને વધુ સુક્ષ્મતર બનતા રહીને આપણી પહોંચના ઉચ્ચતમ બિંદુ પહોંચતા આગળ વધીએ છીએ. ઊગતા સૂર્યથી ઉત્પન્ન થયેલું પ્રકાશનું ક્ષેત્ર પરમ પવિત્ર સમર્થ ગુરુએ શરૂ કરેલા નવા આધ્યાત્મિક યુગનું સૂચન કરે છે. આપણી સહજ માર્ગ યાત્રા દરમિયાન આપણે જ્યાંથી શરૂઆત કરીએ છીએ અને જ્યાં થઇને પસાર થઇએ છીએ તેવા અંતરિક્ષ સહિતના પ્રદેશોને આવરી લેતી તમામ જગ્યા ઉપર તે પથરાય છે.

સૃષ્ટિ સર્જન અસ્તિત્વમાં આવ્યું તે પહેલાં બધે જ હયાત હતું તેને અંધકાર કહી શકાય. અંધકાર એટલે પ્રકાશનો અભાવ અને તેથી ઊલટું, જ્યાં પ્રકાશ હોતો નથી